# અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654

વર્ષ-14 । અંક-099 । વિક્રમ સંવત-2081 । મહા વદ-13 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક

26 FEBRUARY-2025 WEDNESDAY





પેજ-08
પ્રિટી ઝિન્ટાની 18 કરોડની લૉન માફ થઈ? કોંગ્રેસના આરોપો બાદ અભિનેત્રી...







પેજ-09
વનડેમાં સૌથી પહેલી બેવડી સદી ફટકારવાના 15 વર્ષ બાદ સચિનને...


**હવામાન**

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અમદાવાદ | 33.00 | 23.00 |
| વડોદરા | 35.00 | 22.00 |
| સુરત | 37.00 | 22.00 |




પેજ 5
SIM કાર્ડ સંબંધિત નિયમો બદલાયા, ખોટી રીતે ખરીદી પર 3 વર્ષની જેલ...


પેજ 10
યુક્રેનમાં રાષ્ટ્રપતિ પદ છોડવા ઝેલેન્સકી તૈયાર રશિયાને કેદીઓની આપ...


**શેરબજાર**

| | | | |
|---|---|---|---|
| સેન્સેક્સ | 74602.12 | ▼ | 147.71 |
| નિફ્ટી | 22547.55 | ▼ | 05.80 |
| સોનું | 86,135.00 | ▼ | 49.00 |
| ચાંદી | 94,597.00 | ▼ | 492.00 |

### દિલ્હીના મુખ્યમંત્રી રેખા ગુપ્તાએ વિધાનસભામાં CAG રિપોર્ટ રજૂ કર્યો

# AAPની લિકર પોલિસીથી દિલ્હી સરકારને 2000 કરોડનું નુકસાન

## CAG રિપોર્ટના કારણે વિપક્ષ આમ આદમી પાર્ટીએ વિરોધ કર્યો

(એજન્સી) નવી દિલ્હી । તા. 25

દિલ્હી વિધાનસભામાં આમ આદમી પાર્ટીના 12 ધારાસભ્યને એક દિવસ માટે સસ્પેન્ડ કર્યા બાદ મુખ્યમંત્રી રેખા ગુપ્તાએ CAGનો રિપોર્ટ રજૂ કર્યો હતો. જેમાં આજે CAGના 14માંથી બે રિપોર્ટ રજૂ કરવામાં આવ્યા હતાં. આ રિપોર્ટમાં લીકર પોલિસી અને શીશમહેલ કૌભાંડ સંબંધિત માહિતી રજૂ થઈ છે. બીજી બાજુ વિપક્ષે આ રજૂઆત દરમિયાન હોબાળો ચાલુ જ રાખતાં વિધાનસભાના સ્પીકર વિજેન્દર ગુપ્તાએ આમ આદમી પાર્ટીના કુલ 21 ધારાસભ્યોને ત્રણ દિવસ માટે સસ્પેન્ડ કર્યા છે. જેમાં દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી આતિશી પણ સામેલ છે. AAPના ધારાસભ્યોએ લેફ્ટનન્ટ ગવર્નર વીકે સક્સેનાના સંબોધન દરમિયાન સુત્રોચ્ચાર કર્યા હતાં.



### CAG રિપોર્ટના લીધે થયો હોબાળો

દિલ્હી વિધાનસભામાં આજે CAG રિપોર્ટ રજૂ થવાનો છે. આ રિપોર્ટમાં આમ આદમી પાર્ટી પર મુખ્યમંત્રી આવાસ અને મોહલ્લા ક્લિનિક્સના રિનોવેશનમાં કથિત ગેરરીતિઓનો ઉલ્લેખ છે. CAG રિપોર્ટના કારણે દિલ્હીની ભાજપ સરકાર આમ આદમી પાર્ટી અને અરવિંદ કેજરીવાલ પર પ્રહારો કરવા તૈયાર છે.

### AAPના 21 ધારાસભ્યો ત્રણ દિવસ માટે સસ્પેન્ડ

દિલ્હી વિધાનસભાની કાર્યવાહી આજે મંગળવારે હોબાળા સાથે શરૂ થઈ હતી. ઉપ રાજ્યપાલના અભિભાષણ વચ્ચે વિપક્ષ આમ આદમી પાર્ટીના ધારાસભ્યોએ ભારે હોબાળો કર્યો હતો. સ્પીકરે વિપક્ષ નેતા આતિશી સહિત હોબાળો કરનારા તમામ ધારાસભ્યોને બહાર જવા આદેશ આપ્યો હતો. તેમજ આજે દિવસ દરમિયાન તેમને સદનની કાર્યવાહીમાં ભાગ ન લેવાનું સૂચન આપ્યું છે.

### 5 મુદ્દા પર સરકાર કરશે કામ

લેફ્ટનન્ટ ગવર્નરે પોતાના અભિભાષણમાં કહ્યું હતું કે, સરકાર પાંચ ટોચના મુદ્દાઓ પર કામ કરશે. જેમાં યમુના સફાઈ, પ્રદુષણ, ભ્રષ્ટાચારમુક્ત શાસન, બિનસત્તાવાર કોલોનીનું નિયમિતકરણ સામેલ છે. ઉપરાજ્યપાલે અભિભાષણમાં ભાજપ ધારાસભ્ય મોદી-મોદીના સુત્રોચ્ચાર કરી રહ્યા હતાં. બીજી બાજુ સદનની બહાર કરવામાં આવેલા AAPના ધારાસભ્યોએ બાબા સાહેબ આંબેડકરની તસવીર સાથે દેખાવો કર્યા હતા. તેમણે કહ્યું કે, ભાજપ માટે બાબા સાહેબ કરતાં પણ મોદી મોટા છે. આતિશીએ નિવેદન આપ્યું કે, ભાજપની સીએમ ઓફિસ, અને મંત્રીઓના કાર્યાલયોમાંથી બાબા સાહેબની તસવીર હટાવી મોદીની તસવીર લગાવવામાં આવી છે.

### ચાર્જશીટમાં આરોપ... નીચલા સ્તરની નોકરીઓ આપવાના નામે મોટો કૌભાંડ કર્યું

## લાલુને ઝટકો, નોકરીના બદલામાં જમીન કૌભાંડ મામલે પરિવારના સભ્યોને સમન્સ

(એજન્સી) પટણા । તા. 25

રાષ્ટ્રીય જનતા દળના વડા અને પૂર્વ રેલવે મંત્રી લાલુ પ્રસાદ યાદવ અને પૂર્વ નાયબ મુખ્યમંત્રી તેજસ્વી યાદવને નોકરી માટે જમીન કેસમાં મોટો ઝટકો લાગ્યો છે. આ કેસની સુનાવણી દરમિયાન દિલ્હીની રાઉઝ એવન્યુ કોર્ટે મંગળવારે (25મી ફેબ્રુઆરી) લાલુ પ્રસાદ અને તેજસ્વી યાદવ અને અન્ય આરોપીઓને સમન્સ જાહેર કર્યા અને તેમને કોર્ટમાં હાજર રહેવાનો આદેશ આપ્યો. ચાર્જશીટમાં આરોપ મૂકવામાં આવ્યો છે કે લાલુ પ્રસાદ યાદવ વર્ષ 2004થી 2009 દરમિયાન રેલવે મંત્રી તરીકે કાર્યભાર સંભાળ્યો હતો, ત્યારે તેમણે સૌથી નીચલા સ્તરની નોકરીઓ આપવાના નામે મોટો કૌભાંડ કર્યું હતું. જેમાં લાલુ પ્રસાદ યાદવે રેલવેમાં નોકરી આપવાના નામે પરિવારના સભ્યોના નામે જમીન અને મિલકત ટ્રાન્સફર કરાવી. જમીનના બદલામાં, મુંબઈ, જબલપુર, કોલકાતા, જયપુર અને હાજીપુરના રેલવે ઝોનમાં નોકરીઓ આપવામાં આવી હતી. રાઉઝ એવન્યુ કોર્ટે બધા આરોપીઓને 11મી માર્ચે હાજર થવાનો આદેશ આપ્યો હતો. આમાં ભોલા યાદવ, પ્રેમચંદ ગુપ્તાને સમન્સ પાઠવવામાં આવ્યા છે. કોર્ટે કહ્યું કે, 'એવો આરોપ છે કે પ્રેમચંદ ગુપ્તા લાલુ યાદવના સહયોગી તરીકે કામ કરતા હતા.'




**લાલુ સહિત 78 આરોપીઓ સામે ચાર્જશીટ દાખલ :** દિલ્હીની રાઉઝ એવન્યુ કોર્ટે લાલુ પ્રસાદ યાદવ, હેમા યાદવ, તેજસ્વી અને તેજ પ્રતાપ યાદવ સહિત તમામ આરોપીઓને સમન્સ જાહેર કર્યા છે. આ કેસમાં સીબીઆઈએ લાલુ યાદવ સહિત 78 લોકો સામે નિર્ણાયક ચાર્જશીટ દાખલ કરી હતી. ચાર્જશીટમાં આરોપ મૂકવામાં આવ્યો છે કે લાલુ પ્રસાદ યાદવે સૌથી નીચલા સ્તરની નોકરીઓ આપવાના નામે મોટો કૌભાંડ કર્યું હતું.

## કોંગ્રેસી સજ્જન કુમારને 40 વર્ષે આજીવન કેદની સજા : પીડિત પક્ષે મૃત્યુદંડની માગ કરી હતી

### 1984નાં શીખ વિરોધી રમખાણોમાં પિતા-પુત્રની હત્યાનો મામલો

(એજન્સી) નવી દિલ્હી । તા. 25

દિલ્હીમાં 1984નાં શીખ વિરોધી રમખાણો કેસમાં મંગળવારે કોંગ્રેસના પૂર્વ સાંસદ સજ્જન કુમારને આજીવન કેદની સજા ફટકારવામાં આવી હતી. રાઉઝ એવન્યુ કોર્ટના સ્પેશિયલ જજ કાવેરી બાવેજાએ બપોરે 2 વાગ્યા પછી ચુકાદો સંભળાવ્યો. કોર્ટે 21 ફેબ્રુઆરીએ સજા પર નિર્ણય અનામત રાખ્યો હતો. પીડિત પક્ષે સજ્જન કુમાર માટે મૃત્યુદંડની માગ કરી હતી. સજ્જન કુમારને 12 ફેબ્રુઆરીએ દોષિત ઠેરવવામાં આવ્યા હતા. આ કેસ રમખાણો દરમિયાન સરસ્વતી વિહારમાં જસવંત સિંહ અને તેમના પુત્ર તરુણદીપ સિંહની હત્યા સાથે સંબંધિત છે. આ સમયગાળા દરમિયાન સજ્જન આઉટર દિલ્હી લોકસભા બેઠક પરથી કોંગ્રેસના સાંસદ હતા. તે હાલમાં રમખાણો સંબંધિત બીજા કેસમાં તિહાર જેલમાં બંધ છે અને આજીવન કેદની સજા ભોગવી રહ્યા છે. સજ્જન કુમાર વિરુદ્ધ રમખાણો, હત્યા અને લૂંટના આરોપમાં IPCની કલમ 147, 149, 148, 302, 308, 323, 395, 397, 427, 436, 440 હેઠળ કેસ નોંધવામાં આવ્યો હતો.



## રોકાણકારોને લૂંટનારાઓ વિરુદ્ધ CBIની મોટી કાર્યવાહી, દેશભરમાં 60 સ્થળે પાડ્યા દરોડા

(એજન્સી) નવી દિલ્હી । તા. 25

ક્રિપ્ટોકરન્સી ફ્રોડ કેસમાં કેન્દ્રીય તપાસ એજન્સી (CBI) એ દેશભરમાં 60 સ્થળે દરોડા પાડ્યા છે. એજન્સીએ દિલ્હી એનસીઆર, પુણે, ચંદીગઢ, નાંદેડ, કોલ્હાપુર, બેંગલુરુ અને અન્ય મોટા શહેરોમાં દરોડા પાડી કાર્યવાહી કરી રહી છે. આરોપીઓ દ્વારા નકલી વેબસાઈટો બનાવી ઓનલાઈન કૌભાંડ આચરવામાં આવ્યું હતું, જેમાં આરોપીઓએ મોટી ક્રિપ્ટો એક્સચેન્જ વેબસાઈટ્સની કોપી કરીને રોકાણકારો સાથે છેતરપિંડી આચરી હતી.

**દેશભરમાં નોંધાઈ FIR :** કૌભાંડમાં છેતરપિંડી અને મની લોન્ડ્રિંગના આરોપ સાથે દેશભરમાં FIR નોંધાઈ છે. કૌભાંડ મોટું હોવાના કારણે તેમજ જમ્મુ અને કાશ્મીર, પંજાબ, ચંડીગઢ, દિલ્હી, પશ્ચિમ બંગાળ, મધ્ય પ્રદેશ, કર્ણાટક અને મહારાષ્ટ્ર સહિત અનેક રાજ્યોમાં FIR નોંધાઈ હોવાથી સુપ્રીમ કોર્ટે મામલો સીબીઆઇને સ્થળાંતર કર્યો છે.

**ક્રિપ્ટોકરન્સી કૌભાંડ કેવી રીતે કરાયું?** વર્ષ 2015માં ક્રિપ્ટોકરન્સી સંબંધિત કૌભાંડની શરુઆત કરવામાં આવી હતી, જેમાં અમિત ભારદ્વાજ (મૃતક), અજય ભારદ્વાજ અને તેના એજન્ટો સામેલ હતા. આ લોકોએ GainBitcoin અને અન્ય નામોની નકલી વેબસાઈટ બનાવી હતી, જેમાં પોન્ઝી સ્કીમ હેઠળ લોકોને રોકાણ કરાવ્યું હતું. આ તમામ વેબસાઈટનું સંચાલન વેરીએબલટેક પ્રાયવેટ લિમિટેડ (ariabletech Pte. Ltd.) દ્વારા કરવામાં આવતું હતું.

**પહેલા રિટર્ન આપ્યું, પછી લોકોના પૈસા ડૂબાડ્યા :** કૌભાંડ કરનારા અમિત ભારદ્વાજ અને અજય ભારદ્વાજે સ્કીમ બનાવી રોકાણકારોને 18 મહિના સુધી બિટકોઈનમાં નાણાંનું રોકાણ કરવા કહ્યું હતું. એટલું જ નહીં આ લોકોએ રોકાણકારોને 10 ટકા રિટર્ન આપવાનું પણ કહ્યું હતું. કૌભાંડીઓએ એક્સચેન્જોથી બિટકોઈન ખરીદવા માટે અને ક્લાઉડ માઈનિંગ કોન્ટ્રાક્ટથી ગેનબિટકોઈન ખરીદી રોકાણ કરવા માટે રોકાણકારોને પ્રોત્સાહિત કર્યા હતા.

## CBSEમાં ધોરણ-10ની એક્ઝામ 2026થી વર્ષમાં બે વાર લેશે

### પહેલી પરીક્ષા 17 ફેબ્રુઆરીથી 6 માર્ચ, બીજી પરીક્ષા 5 મેથી 20 મે દરમિયાન યોજાશે

(એજન્સી) નવી દિલ્હી । તા. 25

સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન (CBSE)એ 2026 થી વર્ષમાં બે વાર ધોરણ 10ની બોર્ડ પરીક્ષાઓ યોજવા માટેના ડ્રાફ્ટ રેગ્યુલેશનને મંજૂરી આપી દીધી છે. બધા સ્ટેક હોલ્ડર્સ 9 માર્ચ સુધી ડ્રાફ્ટ પર પોતાનો પ્રતિભાવ આપી શકે છે, ત્યારબાદ આ પોલિસીને અંતિમ સ્વરૂપ આપવામાં આવશે. JEEની જેમ, બોર્ડ પરીક્ષા બે વાર આપવી વૈકલ્પિક રહેશે તેનો ડ્રાફ્ટ ઓગસ્ટ 2024માં તૈયાર કરવામાં આવ્યો હતો. આ દરમિયાન શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને કહ્યું હતું કે- જેમ વિદ્યાર્થીઓ પાસે એન્જિનિયરિંગ કોલેજોમાં પ્રવેશ માટે વર્ષમાં બે વાર સંયુક્ત પ્રવેશ પરીક્ષા આપવાનો વિકલ્પ છે, તેવી જ રીતે વિદ્યાર્થીઓ વર્ષમાં બે વાર ધોરણ 10ની પરીક્ષા આપી શકશે.

## આફ્રિકામાં કોરોના કરતાં ઘાતક વાયરસ ફેલાયો, 50ના મોત

(એજન્સી) કોન્ગો । તા. 25

આફ્રિકામાં ઈબોલા અને ઝીકા જેવા જીવલેણ વાયરસે આતંક મચાવ્યા બાદ હવે વધુ એક નવો વાયરસ ફેલાઈ રહ્યો છે. સેન્ટ્રલ આફ્રિકાના કોંન્ગોમાં ફેલાયેલા આ વાયરસથી 50થી વધુ લોકોના મોત થયા છે. બોમેટે શહેરમાં રહસ્યમય વાયરસથી અનેક લોકોના મોત થયા બાદ તે કોરોના કરતાં પણ ખતરનાક હોવાનો દાવો કરવામાં આવ્યો છે. આફ્રિકામાં ફેલાયેલા નવા ઘાતક વાયરસ અંગે સ્થાનિક ડૉક્ટરો અને વિશ્વ આરોગ્ય સંગઠને (WHO) ચોંકાવનારા તથ્યો રજૂ કર્યા છે. ડૉક્ટરોએ કહ્યું કે, મોટાભાગના કેસોમાં વાયરસના લક્ષણ દેખાયા બાદ માત્ર 48 કલાકમાં મોત થાય છે, તેથી આ સ્થિતિ ભયાનક અને ચિંતાજનક છે.

## મહા શિવરાત્રિએ મહાકુંભનું સમાપન: ગાડીઓની એન્ટ્રી પર પ્રતિબંધ, રેલવે સ્ટેશન પર પણ ખાસ તૈયારી

(એજન્સી) અયોધ્યા । તા. 25

મહાકુંભ હવે અંતિમ તબક્કામાં છે. મહાશિવરાત્રિ પર અંતિમ અમૃત સ્નાનની સાથે મહાકુંભનું સમાપન થશે. જેના લીધે પ્રયાગરાજમાં ભારે ભીડ ઉમટી પડવાની શક્યતા છે. આ સંકેતને ધ્યાનમાં રાખતાં પોલીસ અને તંત્રે સંપૂર્ણ તૈયારી કરી લીધી છે. રેલવેએ પણ સંપૂર્ણ તૈયારી કરી છે. આજે સાંજે ચાર વાગ્યાથી કુંભ મેળાના ક્ષેત્ર નો વ્હિકલ ઝોન બનશે. જ્યારે 26 ફેબ્રુઆરીના મહાશિવરાત્રિના લીધે સાંજે છ વાગ્યાથી આખા પ્રયાગરાજમાં નો વ્હિકલ ઝોન લાગુ કરાશે. માત્ર જીવનજરૂરી ચીજવસ્તુઓ લઈ જતાં વાહનોની છૂટ આપશે. ભીડને જોતાં રેલવે સ્ટેશનો પર હોલ્ડિંગ એરિયા બનાવાયા છે, જ્યાં શ્રદ્ધાળુઓને રોકાણ કરવાની સુવિધા મળશે.

### આ ઘાટ પર સ્નાનની સુવિધા

અધિકારીઓએ અપીલ કરી છે કે ભક્તોએ તેમના પ્રવેશ સ્થાનના આધારે નજીકના નિયુક્ત ઘાટ પર જ સ્નાન કરવું જોઈએ. દક્ષિણ ઝુંસી માર્ગેથી આવતા લોકોએ અરેલ ઘાટનો ઉપયોગ કરવો જોઈએ, જ્યારે ઉત્તર ઝુંસી માર્ગથી આવતા લોકોએ હરિશ્ચંદ્ર ઘાટ અને જૂના જીટી ઘાટ તરફ જવું જોઈએ. પરેડ વિસ્તારમાં પ્રવેશ કરનારાઓને ભારદ્વાજ ઘાટ, નાગવાસુકી ઘાટ, મોરી ઘાટ, કાલી ઘાટ, રામ ઘાટ અને હનુમાન ઘાટ તરફ જવા સૂચના આપવામાં આવી છે.

### ટ્રાફિક ડાયવર્ઝન અને પાર્કિંગ સુવિધા

મહાશિવરાત્રિના સ્નાન માટે ભક્તોની સરળ અવરજવર અને સુરક્ષા માટે મેળાના વિસ્તારમાં ટ્રાફિક ડાયવર્ઝન અને પાર્કિંગની વ્યવસ્થા કરવામાં આવી છે. 25 ફેબ્રુઆરીના રોજ સવારે 8 વાગ્યાથી 27 ફેબ્રુઆરીના રોજ સવારે 8 વાગ્યા સુધી વહીવટી અને ઈમરજન્સી વાહનો સિવાય તમામ પ્રકારના વાહનોની અવરજવર પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.




# સાવરકુંડલામાં 58 નવદંપતીઓએ પ્રભુતામાં પગલાં માંડ્યા, ભવ્ય સમૂહ લગ્ન મહોત્સવ યોજાયો

કિશોર આર. સોલંકી । જાફરાબાદ



આ મહોત્સવમાં સમગ્ર સૌરાષ્ટ્રના વિસ્તારમાંથી 58 નવદંપતીઓએ પ્રભુતામાં પગલાં માંડ્યા હતા.આ સમૂહ લગ્ન મહોત્સવની સૌથી મોટી વિશેષતા એ હતી કે 58 નવદંપતીઓના લગ્ન એક જ મંડપ નીચે સંપન્ન થયા હતા. આ એકતા અને સંવાદિતાનું પ્રતીક હતું. તેમજ મસા પીર મોમાઈ માતાજી મઢ નાના ઝીંઝુડાએ આ મહોત્સવમાં મહત્વની ભૂમિકા ભજવી હતી. સંતો, મહંતો, રાજકીય આગેવાનો અને મહાનુભાવોએ નવદંપતીઓને આશીર્વાદ અને શુભકામનાઓ પાઠવી હતી, જે તેમના નવા જીવનની શરૂઆત માટે પ્રેરણાદાયી હતી. આ મહોત્સવમાં વિવિધ સંસ્થાઓ દ્વારા સેવા પૂરી પાડવામાં આવી હતી જેમાં ગોપી મહિલા મંડળ, ચામુંડા મંડળ બાઢડા, બાપા સીતારામ મંડળ, ખોડીયાર મંડળ, બાપા સીતારામ સેવા મંડળ હાથસણી, બાપા સીતારામ મઢુલી યુવા ગ્રુપ તાત્કાલિક હનુમાનજી ચેરિટેબલ ટ્રસ્ટ ના સ્વયંસેવકો દ્વારા આ મહોત્સવમાં સેવા પૂરી પાડી હતી, જેણે આ કાર્યક્રમને સફળ બનાવવામાં મહત્વનો ભાગ ભજવ્યો હતો. આ મહોત્સવ મસા પીર નાના ઝીંઝુડાના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો. શ્રી ખોડીયાર રામામંડળના તુષારભાઈ રણોલીયા, રમેશભાઈ ચૌહાણ, કમલેશભાઈ રાનેરા, દિનેશભાઈ સુરાચંદા, સતીશભાઈ પાંડે, મહેશભાઈ ચૌહાણ, રાજુભાઈ પીપળીયા,ભાવેશભાઈ ચૌહાણે મુકેશભાઈ જાદવ જગદીશભાઈ પરમાર તેમજ મુકેશભાઈ વેલજીભાઈ જેવા સ્વયંસેવકો છેલ્લા ત્રણ મહિનાથી દિવસ રાત જોયા વગર આ કાર્યક્રમને સફળ બનાવવા માટે ભારે જહેમત ઉઠાવી હતી. આ મહોત્સવનું આયોજન સફળ રહ્યું હતું અને નવદંપતીઓએ આનંદ અને ઉત્સાહ સાથે પ્રભુતામાં પગલાં માંડ્યા હતા.

# ક્રોમા દ્વારા તમારા શહેરમાં એક જ દિવસે એસી અને એર કૂલર ડિલિવરીની રજૂઆત

## સાંજના છ વાગ્યા પહેલા ઓર્ડર કરો અને એ જ દિવસે પસંદગીના એર કન્ડિશનર્સ અને એર કૂલર્સની ડિલિવરી મેળવો

(એજન્સી) અમદાવાદ । તા. 25

આ ઉનાળાની સિઝનમાં ક્રોમા તમારા શહેરમાં એર કન્ડિશનર્સ અને એર કૂલર્સની એક જ દિવસમાં ડિલિવરી સાથે ગરમીને મ્હાત કરવાનું સરળ બનાવે છે. ગેજેટ્સ અને નાની એપ્લિકેશન્સની તેની ઝડપી ડિલિવરી સર્વિસની સફળતાના પગલે ગ્રાહકો હવે કોઈ પણ જાતના વિલંબ વિના ઈન્સ્ટન્ટ કૂલિંગની રાહત માણી શકે છે. સરળ ઓમ્નીચેનલ શોપિંગ અનુભવ પૂરો પાડવાના તેના વર્તમાન પ્રયાસોના ભાગરૂપે ક્રોમા તમારા નજીકના સ્ટોર્સ, Croma.com પર અને Tata Neu એપ પર સાંજના છ વાગ્યા પહેલા ઓર્ડર કરાયેલા પસંદગીના એસી અને એર કૂલર્સની એ જ દિવસે ડિલિવરી ઓફર કરી રહી છે. ઈન્ફિનિટી રિટેલ લિમિટેડ (ક્રોમા)ના સીઈઓ શિબાશિષ રોયે જણાવ્યું હતું કે ગરમીની સિઝન શરૂ થઈ રહી છે ત્યારે એક જ દિવસે એસી અને એર કૂલર્સની ડિલિવરી એ ક્રોમાને તમારી વધુ નજીક લાવવાના અમારા પ્રયાસોનો એક ભાગ છે. અમે 28 શહેરોમાં એક જ દિવસે ડિલિવરીની જાહેરાત કરતા આનંદિત છીએ અને બીજા શહેરો ઉમેરી રહ્યા છીએ. આ ઉનાળામાં ગરમીને મ્હાત કરો. તમારા નજીકના ક્રોમા સ્ટોર્સ અથવા Croma.com અને Tata Neu પર ઓનલાઈન ખરીદી કરો અને એ જ દિવસે એસી તથા કૂલર્સની ડિલિવરી મેળવો તથા કોઈપણ જાતના વિલંબ વિના આરામને પ્રાથમિકતા આપો.

# આઇસીઆઇસીઆઇ લોમ્બાર્ડે અમદાવાદ શહેરમાં 'રાઇડ ટુ સેફ્ટી' રેલીનું આયોજન કર્યું

## નાણાકીય વર્ષ 2025માં અમદાવાદમાં બાળકો, માતા-પિતા અને ટ્રાફિક પોલીસને 10,000થી વધુ આઇએસઆઇ માર્ક્ડ હેલમેટનું વિતરણ કર્યું

(એજન્સી) અમદાવાદ । તા. 25




આઈસીઆઈસીઆઈ લોમ્બાર્ડે તેની સીએસઆર પહેલ હેઠળ ગુજરાતના અમદાવાદમાં 'રાઈડ ટુ સેફ્ટી' રેલીનું આયોજન કર્યું હતું. આ કાર્યક્રમમાં મુખ્ય અતિથિઓ ડેપ્યુટી કમીશનર ઓફ પોલીસ ટ્રાફિક ઈસ્ટ, અમદાવાદ શ્રી એન. એન. ચૌધરી, ડેપ્યુટી કમીશનર ઓફ પોલીસ ટ્રાફિક વેસ્ટ, અમદાવાદ શ્રી સફીન હસન, ડેપ્યુટી કમીશનર ઓફ પોલીસ ટ્રાફિક એડમિન, અમદાવાદ શ્રીમતી નીતા એચ. દેસાઇ, એસીપી ટ્રાફિક એ ડિવિઝન, અમદાવાદ શ્રી બલદેવસિંહ વાઘેલા અને એસીપી ટ્રાફિડ ડી ડિવિઝન, અમદાવાદ શ્રી એસ. જે. મોદી સહિત આઈસીઆઈસીઆઈ લોમ્બાર્ડના સિનિયર મેનેજમેન્ટની ટીમે રેલીને ફ્લેગ-ઓફ કરી હતી. તેનો ઉદ્દેશ્ય બાળકોને પાછળ બેસાડીને સફર કરતાં ટુ-વ્હીલર માલિકો વચ્ચે માર્ગ સુરક્ષા વિશે જાગૃકતા વધારવાનો છે. આ રેલીમાં આસપાસની શાળાના આશરે 450થી વધુ બાળકોએ તેમના માતા-પિતા સાથે ભાગ લીધો હતો, જેમને આઈએસઆઈ માર્ક્ડ હેલમેટ અપાયા હતાં તથા તેમને સલામતીના મૂળભૂત નિયમોનું પાલન કરવા અને હેલમેટ પહેરવા વિશે જાગૃત કરાયા હતાં.

# વિશ્વ હિન્દુ પરિષદ શિવ ઉત્સવ કમિટી રુદ્રણ દ્વારા મીટીંગનું આયોજન કરાયું



કિશોર આર. સોલંકી । જાફરાબાદ

રાજુલા શહેરમાં છતડીયા રોડ પર આવેલ શીતળા માતા મંદિર ખાતે શિવરાત્રિ પર્વ નિમિત્તે ભવ્ય શોભાયાત્રાનુ આયોજન બાબતે વિશ્વ હિન્દુ પરિષદ શિવ ઉત્સવ કમિટી રુદ્રણ દ્વારા મીટીંગ નું આયોજન કરાયું . રાજુલા શીતળા માતાજીના મંદિર ખાતે વિશ્વ હિન્દુ પરિષદ રૂદ્રગણ શિવ ઉત્સવ કમિટી દ્વારા શિવરાત્રીના દિવસે શિવજીની ભવ્ય શોભા યાત્રાનું આયોજન કરવામાં આવવાનું હોય જેને તમામ હિન્દુ સંગઠન હિન્દુ સમાજના અલગ અલગ ગ્રુપો સહિત આ મીટીંગમાં હાજર રહ્યા હતા અને શિવજીની ભવ્ય શોભાયાત્રા નું આયોજન બાબતે ખાસ ચર્ચા વિચારણા કરવામાં આવી હતી આ તકે વિશ્વ હિન્દુ પરિષદ રુદ્ર ગણ શિવ ઉત્સવ કમિટી રાજુલા દ્વારા શિવજીની ભવ્ય શોભાયાત્રા નું આયોજન કરવામાં આવશે જેને લઈ આ મિટિંગમાં બોહળી સંખ્યામાં હિન્દુ સંગઠન અને હિન્દુ સમાજના લોકો ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

# પોસ્ટ વિભાગની નવીન પહેલ

## મહાશિવરાત્રી પર, તમારા ઘરે સ્પીડ પોસ્ટ દ્વારા પ્રાપ્ત કરો શ્રી સોમનાથ, શ્રી કાશી વિશ્વનાથ અને શ્રી મહાકાલેશ્વર જ્યોતિર્લિંગનો પ્રસાદ : પોસ્ટમાસ્ટર જનરલ કૃષ્ણ કુમાર યાદવ

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ



મહાશિવરાત્રી પર શિવજીની આરાધના કરવાનો વિશેષ મહિમા છે. દરેક વ્યક્તિ ભગવાન શિવના જ્યોતિર્લિંગ સ્વરૂપના દર્શન કરવા અને આશીર્વાદ સ્વરૂપે પ્રસાદ મેળવવાની ઈચ્છા રાખે છે પરંતુ કેટલાક ભક્તો ઈચ્છવા છતાં દર્શન કરી શકતા નથી તેમના માટે પોસ્ટ વિભાગે નવીન પહેલ શરૂ કરી છે એટલે હવે ભક્તોએ નિરાશ થવાની જરૂર નથી.

પોસ્ટ વિભાગની સ્પીડ પોસ્ટ સેવા દ્વારા, નાગરિકો દેશના કોઈપણ ખૂણામાં, ગુજરાતના શ્રી સોમનાથ મંદિર, વારાણસીના શ્રી કાશી વિશ્વનાથ મંદિર, અને ઉજ્જૈનના શ્રી મહાકાલેશ્વર મંદિર નો પ્રસાદ ઘરે બેઠા મેળવી શકે છે. ઉપરોક્ત માહિતી ઉત્તર ગુજરાત તથા સૌરાષ્ટ્ર અને કચ્છ પરિક્ષેત્રના પોસ્ટમાસ્ટર જનરલ કૃષ્ણ કુમાર યાદવે આપી. આ ઉપરાંત, મહાશિવરાત્રી પર પોસ્ટ ઓફિસમાંથી ગંગાજળની સુવિધા પણ ઉપલબ્ધ છે. ૨૫૦ મિલી ગંગાજળની બોટલ ફક્ત ૩૦ રૂપિયામાં મેળવી શકાય છે. પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવે જણાવ્યું કે શ્રી સોમનાથ ટ્રસ્ટે ભારતીય ટપાલ વિભાગ સાથે ભક્તોને તેમના ઘરે પ્રસાદ પહોંચાડવા માટે કરાર કર્યો છે. આ કરાર હેઠળ, કોઈપણ ભક્ત ૨૭૦ નો ઈ-મની ઓર્ડર મેનેજર, શ્રી સોમનાથ ટ્રસ્ટ, પ્રભાસ પાટણ, જિલ્લો- જૂનાગઢ, ગુજરાત- 362268 ને મોકલીને સ્પીડ પોસ્ટ દ્વારા પ્રસાદ મંગાવી શકે છે. ઈ-મની ઓર્ડર પર 'પ્રસાદ માટે બુકિંગ' લખેલું હોવું જોઈએ. ત્યારબાદ, શ્રી સોમનાથ ટ્રસ્ટ સંબંધિત ભક્તને સ્પીડ પોસ્ટ દ્વારા પ્રસાદનું ૪૦૦ ગ્રામનું પેકેટ મોકલશે. આ પ્રસાદમાં ૨૦૦ ગ્રામ મગસના લાડુ, ૧૦૦ ગ્રામ તલની ચીક્કી અને ૧૦૦ ગ્રામ માવા ચીક્કી હશે.શ્રી કાશી વિશ્વનાથ મંદિરનો પ્રસાદ પણ સ્પીડ પોસ્ટ સેવા દ્વારા દેશભરના લોકોને ઉપલબ્ધ કરાવવામાં આવી રહ્યો છે.

# સ્વ.સમીર શાહની 21 મી પુણ્યતિથિ નિમિતે જ્ઞાનવર્ધક સ્પર્ધા તથા સ્પોર્ટ્સ ડેનું આયોજન



કમલેશ પટેલ । સંખેડા

શાળાના ભૂતપૂર્વ આચાર્યશ્રી સ્વ. સી. એમ.શાહનાં પુત્ર અમેરિકા નિવાસી હર્ષદભાઈ શાહ તથા ગીતાબેન શાહનાં પુત્ર ૨૬-૦૨-૨૦૦૪ના રોજ વિક એન્ડ માં મિત્રો સાથે ફરવા જતા ક્યુબા પાસે ટાપુઓમાં દરિયાના મોજાઓની વમળોમાં ૨૭ વર્ષની યુવા વયે આકસ્મિક અણધાર્યો અંતિમ શ્વાસ લીધો હતો . તેમની યાદને જીવંત રાખી સ્મૃતિપટમાં અવિરતપણે યાદ રહે તેવા આશયથી શાળા તેમજ વિધ્યાર્હિઓ માટે સહાયરૂપ બન્ની પુણ્યનું કાર્ય અવિરતપણે કરતા રહ્યા છે . આ વર્ષે પણ સ્વ.સમીર શાહની ૨૧ મી પુણ્યતિથિ નિમિતે જ્ઞાનવર્ધક સ્પર્ધા તથા સ્પોર્ટ્સ ડે નું આયોજન શાળા કક્ષાએ કરવામાં આવ્યું હતું સ્પર્ધા દ્વારા વિદ્યાર્થીઓના જ્ઞાન અને જીજ્ઞાસામાં વૃદ્ધિ થાય તેવી રમતો મેમેરીગેમ, શ્રુત લેખન સ્પર્ધા,સ્પેલિંગ સ્પર્ધા, ફુગ્ગા સ્પર્ધા,સામાન્ય જ્ઞાન સ્પર્ધા, ચિત્ર સ્પર્ધા, લીંબુ ચમચી, કોથળાદોડ, સ્લો સાયકલ, સંગીત ખુરશી, બુક બેલેસિંગ ,એક મિનીટ સ્પર્ધા જેવી અનેક સ્પર્ધાઓમાં બાલ વાટિકા થી લઈને ધોરણ-૧૧ સુધીના તમામ સ્પર્ધકોએ ખુબ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો.

# છેલ્લાં બે વર્ષમાં કચ્છના 17,932 ખેડૂતોને 37 કરોડની સહાય અપાઇ: કૃષિ મંત્રી રાઘવજી પટેલ

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

વિધાનસભા ગૃહ ખાતે સભ્ય દ્વારા પૂછાયેલા પ્રશ્નના પ્રત્યુત્તરમાં કૃષિ મંત્રી રાઘવજી પટેલે જણાવ્યું હતું કે, રાજ્યના ખેડૂતોને કૃષિ સાધનોની ખરીદી માટે રાજ્ય સરકાર દ્વારા સહાય આપવામાં આવે છે. જે અંતર્ગત છેલ્લાં બે વર્ષમાં કચ્છ જિલ્લાના ૧૭,૯૩૨ ખેડૂતોને સાધન સહાય આપવાની યોજના હેઠળ રૂ.૩૭ કરોડની સહાય આપવામાં આવી છે.કૃષિ મંત્રીએ વિગતવાર માહિતી આપતા ઉમેર્યુ હતું કે, છેલ્લાં બે વર્ષમાં અંજાર તાલુકામાં ૧,૬૬૯ અરજીઓ, અબડાસામાં ૧,૮૯૩, ગાંધીધામમાં ૫૯, નખત્રાણામાં ૧,૬૬૮, ભચાઉમાં ૨,૮૬૬, ભુજમાં ૨,૨૦૩, ભુજ શહેરમાં ૫૭, મુન્દ્રામાં ૧,૦૧૯, માંડવીમાં ૧,૬૮૮, રાપરમાં ૪,૧૨૯ અને લખપત તાલુકામાં ૬૮૦ અરજીઓ મંજુર કરવામાં આવી છે. આમ કચ્છ જિલ્લામાં છેલ્લાં બે વર્ષમાં કુલ ૧૭,૯૩૨ અરજીઓ મંજુર કરવામાં આવી છે. મંજૂર થયેલી અરજીઓ સામે આ ખેડૂતોને કુલ રૂ. ૩૭,૮૧,૩૯,૭૦૩ જેટલી સહાય સીધી તેમના બેન્ક ખાતામાં ચુકવવામાં આવી છે.મંત્રીએ યોજનાનો હેતુ સ્પષ્ટ કરતાં કહ્યું હતું કે, રાજ્યના ખેડૂતોને ખેતીમાં કૃષિ યાંત્રિકરણ અપનાવવાથી તેમને પડતી મુશ્કેલીઓમાં ઘટાડો થઈ શકે છે. ખેતીમાં ખાતર, દવા અને બિયારણનો કાર્યક્ષમ ઉપયોગ કરવાથી ખેત ઉત્પાદનમાં વધારો કરી શકાય છે. આ ઉપરાંત કૃષિ યાંત્રિકરણ થકી ૧૦ થી ૧૫ ટકા ખેત ઉત્પાદનમાં વધારો, ૧૫ થી ૨૦ ટકા બિયારણ અને ખાતરની બચત તથા ૨૦ થી ૩૦ ટકા સમય અને મજૂરીની પણ બચત થાય છે.

# અમદાવાદ-પ્રયાગરાજ અને અમદાવાદ-પટના એક્સપ્રેસના પ્રસ્થાન સમયમાં બદલાવ

(એજન્સી) અમદાવાદ । તા. 25

પશ્ચિમ રેલવે દ્વારા ટ્રેનો ની સમયપાલનતામાં સુધારો કરવા માટે અમદાવાદ મંડળથી ચાલનારી અમદાવાદ-પ્રયાગરાજ એક્સપ્રેસ અને અમદાવાદ-પટના એક્સપ્રેસના પ્રસ્થાન સમય માં આગામી આદેશ સુધી બદલાવ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

જેની વિગત નીચે મુજબ છે:- 27 ફેબ્રુઆરી 2025 થી ટ્રેન સંખ્યા 22967 અમદાવાદ- પ્રયાગરાજ એક્સપ્રેસ આગામી આદેશ સુધી અમદાવાદ થી તેના નિર્ધારિત પ્રસ્થાન સમય 16:30 કલાકના સ્થાન પર 16:35 કલાકે પ્રસ્થાન કરશે. 02 માર્ચ 2025 થી ટ્રેન સંખ્યા 19421 અમદાવાદ-પટના એક્સપ્રેસ આગામી આદેશ સુધી અમદાવાદ થી તેના નિર્ધારિત પ્રસ્થાન સમય 21:40 કલાકના સ્થાન પર 21:50 કલાકે પ્રસ્થાન કરશે. યાત્રી કૃપાકરીને ટ્રેનોના પરિચાલન સમય, સ્ટોપેજ અને સંરચના સંબંધિત વિસ્તૃત માહિતી માટે વેબસાઈટ www.enquiry.indianrail.gov.in નું અવલોકન કરે.

# નર્મદા કેનાલ ક્વાર્ટરમાં રહેતા કામદારો વચ્ચે અંદરો અંદર ખટરાગ થતાં એકને મોતને ઘાટ ઉતારી દીધો

કિશન રોહિડા જરોદ

વાઘોડિયા તાલુકાના નિમેટા ગામ નજીક પસાર થતી નર્મદા કેનાલ ક્વાર્ટર માં રહેતા બે કામદારો એ અંદરોઅંદર તેમના સાથી કામદાર સાથે ખટરાગ થતાં મોતને ઘાટ ઉતારી દિધો હતો મૃતક યુવાને બે હુમલાખોરો પૈકીના એક નું રાત્રી ના પેન્ટ ઉતારવાની કોશિશ કરી હોવાથી આ હત્યા નો અંજામ બન્યો હોવાની વિગતો પ્રાથમિક તપાસમાં સપાટી પર આવી રહી છે વડોદરા શહેર ના હરણી વિસ્તારમાં દિલ્હી પબ્લિક સ્કૂલ નજીક રહેતા નિરલ પટેલે આ હત્યા અંગે ની ફરીયાદ વાઘોડિયા પોલીસ મથકે નોંધાવી હતી જેમાં તેમણે જણાવ્યું હતું કે તેઓ વડોદરા મહાનગર પાલિકા ની પાણી ની પાઈપ લાઈન નાંખવાનો કોન્ટ્રાક્ટ ધરાવે છે આ માટે તેઓ પર પ્રાંત થી કામદારો લાવે છે તેઓ નિમેટા નર્મદા કેનાલ ની બાજુ માં સરદાર સરોવર નિગમના કેનાલ ની બાજુ માં ઝુંપડા બાંધી ને રહે છે તેઓનો મકરદમ તરીકે પપ્પુ કુમાર સિંઘ બિહાર નો છે જ્યારે બે દિવસ અગાઉ સુરત થી સંજ્યકુમાર સત્યનારાયણ સિંગ મૂળ બિહાર મજુરી અર્થે પપ્પુ ની ઓળખાણ થી આવ્યો હતો ગત તા 23 મી ના રોજ રાત્રે સંજ્યકુમાર સિંઘ અને કામદાર સદાનંદ સાથે ઝઘડો થયો હતો ત્યારબાદ રાહુલ રામદેવ સિંઘ સંજ્યકુમાર ને સુવા માટે પોતાની રૂમ માં લ ઈ ગયો હતો રાત્રે રાહુલ બહાર આવ્યો હતો તેણે સંજ્યકુમારે તેનું પેન્ટ ઉતારવાની કોશિશ કરી હોવાનું સદાનંદ ને બોલાવી જણાવ્યું હતું જેથી સંજ્યકુમાર ને પાઠ ભણાવવાનું જણાવ્યું હતું તેઓ એ બન્ને ભેગા મળીને લોખંડ ના સળિયા વડે હુમલો કર્યો હતો જેમાં સંજ્યકુમાર સિંઘ ના શરીર માં થી બહુ લોહી નિકળતા તેઓએ પાણીના ફુવારા વડે પાણી છાંટી ને સંજ્યકુમાર ને ભાન માં લાવવાનો પ્રયાસ હાથ ધર્યો હતો જોકે ભાનમાં આવવાનો પ્રયાસ નિષ્ફળ ગયો હતો જે હકીકત ત્યાં કામ કરતા અન્ય કામદારો પાસેથી જાણવા મળી રહ્યું છે.

# ઝેરી મધમાખીના હુમલામાં 108 એમ્બ્યુલન્સ ટીમની સમયસૂચકતાના પરિણામે દર્દીનો જીવ બચ્યો

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

રોકેટની ગતિએ ચાલતી ૧૦૮ એમ્બુલેંસ અને મક્કમતાપૂર્વક ફરજ નિભાવતા ૧૦૮ ઈમરજન્સી સેવાની સમગ્ર ટીમ ગુજરાતના નાગરિકોનો જીવ બચાવવામાં હરહંમેશ અડીખમ રહી છે. તત્કાલિન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદી દ્વારા વર્ષ ૨૦૦૭માં રાજ્યમાં સૌ પ્રથમવાર શરૂ કરાયેલી અનન્ય આરોગ્યલક્ષી ૧૦૮ ઈમરજન્સી સેવા આજે અન્ય રાજ્યો માટે પથદર્શક અને આદર્શ મોડલ પૂરવાર થઇ છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં અને આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલના માર્ગદર્શનમાં ગુજરાતના દરેક શહેરો, જિલ્લા, તાલુકા અને છેવાડાના ગામ સુધી આજે ૧૦૮ ઈમરજન્સી સર્વિસ ૨૪x૭ વિનામૂલ્યે સેવા આપી રહી છે, જે રાજ્યના કરોડો નાગરિકો માટે આશિર્વાદ સમાન છે. યુવાનના માથાના ભાગે આશરે ૧૦૦ કરતાં વધુ ઝેરી મધમાખીઓએ ડંખ માર્યો હતો, જેના કારણે તીવ્ર અસહ્ય પીડા અને તબિયત લથડી હતી. ઘટના બાદ તેમના પરિવારજનો દ્વારા ૧૦૮ ઈમર્જન્સી સર્વિસને કોલ કરવામાં આવ્યો હતો. કોલ મળતા જ છાપી ૧૦૮ EMRI ગ્રીન હેલ્થ સર્વિસીસની ટીમ, જેમાં ઈએમટી લલિતભાઈ પરમાર અને પાઈલટ ભરતભાઈ પ્રજાપતિ સામેલ હતા, તેઓ તાત્કાલિક એમ્બ્યુલન્સ લઈને ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. સ્થળ પર પહોંચ્યા બાદ ૧૦૮ ટીમે કાળજીપૂર્વક પીડિતનું નિરીક્ષણ કર્યું. મધમાખીઓનું ઝુંડ હજુ પણ દર્દી નજીક હોવાથી ટીમે પોતાની આગવી સૂઝબૂઝ દાખવતી PPE (સેફ્ટી) કીટ પહેરી, તેમજ એમ્બ્યુલન્સમાં રહેલું સેનેટાઈઝર અને શેમ્પૂનો ઉપયોગ કરીને સ્પ્રે મારફતે મધમાખીઓ દૂર કરી. ત્યારબાદ, ઈએમટી લલિતભાઈ પરમારે તાત્કાલિક પ્રાથમિક સારવાર આપીને દર્દીને ૧૦૮ના અમદાવાદ હેડક્વાર્ટર સ્થિત ડૉક્ટર સાથે સંપર્ક કરી દવાઓ આપી. આ પહેલા દર્દીને વધુ નુકસાન ન થાય અને ત્વરિત સારવાર મળી રહે તે માટે, ટીમે તેમને સિદ્ધપુર સિવિલ હોસ્પિટલ ખસેડ્યા હતા. આ સમગ્ર ઘટનાક્રમ દરમિયાન ૧૦૮ એમ્બ્યુલન્સની ટીમે પોતાની પ્રસંશનીય સમયસૂચકતા અને ચુસ્ત કામગીરી દ્વારા એક દર્દીનો જીવ બચાવ્યો હતો. ઘટનાસ્થળે હાજર ગ્રામજનો અને દર્દીના પરિવારજનોએ ૧૦૮ ટીમની વખણનીય કામગીરી બદલ અભિનંદન વ્યક્ત કર્યા હતા.અત્રે ઉલ્લેખનીય છે કે, એમ્બ્યુલન્સની સુવિધા વધુ સુદ્રઢ બનાવા માટે રાજ્ય સરકારે આ વર્ષના બજેટમાં રૂ. ૪૮ કરોડના ખર્ચે ૨૦૦ નવી એમ્બ્યુલન્સની જોગવાઈ પણ કરવામાં આવી છે.

# અમરેલી જિલ્લામાં રૂ. 84.29 લાખના ખર્ચે કુલ 231 સામુહિક કમ્પોસ્ટ પીટના બાંધકામ પૂર્ણ કરાયા

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

અમરેલી જિલ્લામાં સામુહિક કમ્પોસ્ટ પીટના બાંધકામ અંગે વિધાનસભા ખાતે પૂછાયેલા પ્રશ્નનો પ્રત્યુત્તર આપતા ગ્રામ વિકાસ રાજ્ય મંત્રી કુંવરજીભાઈ હળપતિએ જણાવ્યું કે, અમરેલી જિલ્લામાં કુલ ૨૪૯ સામુહિક કમ્પોસ્ટ પીટના લક્ષ્યાંક સામે ૨૩૧ સામુહિક કમ્પોસ્ટ પીટના બાંધકામ પુર્ણ કરવામાં આવ્યા છે, જે માટે રાજ્ય સરકાર દ્વારા છેલ્લા એક વર્ષમાં રૂ. ૮૪.૨૯ લાખનો ખર્ચ કરવામાં આવ્યો છે.

આ અંગે મંત્રીએ જણાવ્યું હતું કે, સ્વચ્છ ભારત મિશન યોજના હેઠળ સામુહિક કમ્પોસ્ટ પીટના બાંધકામ થકી ઘન કચરાના સલામત નિકાલની કામગીરી કરવામાં આવે છે. તેમજ પ્રવાહી કચરાના સલામત નિકાલનું વ્યવસ્થાપન પણ કરવામાં આવે છે.મંત્રીએ વધુમાં ઉમેર્યું હતું કે, ધાર્મિક સ્થળો ઉપરાંત વધુ અવર જવર હોય તેવા વિસ્તારોને જાળવણી અને નિભાવણીની શરતે સામુહિક શૌચાલયની સુવિધા પૂરી પાડવાની કામગીરી કરવામાં આવે છે. આ યોજનાની માહિતી વધુમાં વધુ નાગરિકો સુધી પહોંચે અને તેનો મહત્તમ લાભ લઈ શકે તે માટે પ્રચાર પ્રસારની કામગીરી પણ કરવામાં આવે છે, તેમ મંત્રીએ ઉમેર્યું હતું.

# વેરાવળ ઝોનની અનેક બ્રાન્ચો પર સેકડો ભક્તો દ્વારા સફાઈ અભિયાન ચલાવવામાં આવ્યું

કિશોર આર. સોલંકી । જાફરાબાદ




સંત નિરંકારી મિશનના ' સ્વચ્છ જળ- સ્વચ્છ મન ' અભિયાન અંતર્ગત ભારતમાં દસ લાખથી વધુ ભક્તોએ ભાગ લીધો.જળ પ્રકૃતિ નું અમૂલ્ય ઉપહાર, જેનું સંરક્ષણ આપણા દરેકની જવાબદારી સતગુરુ માતા સુદીક્ષાજી મહારાજ.સંત નિરંકારી મિશન દ્વારા સતગુરુ માતા સુદીક્ષાજી મહારાજ તથા નિરંકારી રાજ પિતાજી ના પાવન સાનિધ્યમાં 23 ફેબ્રુઆરી ના રોજ ' સ્વચ્છ જળ- સ્વચ્છ મન ' યોજના ના તૃતીય ચરણનો શુભારંભ કરવામાં આવ્યો. આ પરીયોજના નો મુખ્ય ઉદ્દેશ જળ સંરક્ષણ તથા તેના બચાવ માટે અલગ અલગ યોજનાઓ બનાવવી તથા તેને અમલીરૂપ આપવાની સાથે જ મુખ્ય બિંદુ જળ સ્ત્રોતની સ્વચ્છતા તથા સ્થાનીય જનતા ' જાગ રુકતા અભિયાન ' ના માધ્યમથી તેઓને પ્રોત્સાહિત કરવાનો છે. આ અભિયાન અંતર્ગત વેરાવળ ઝોન ના અનેક સ્થળો પર વેરાવળના સમુદ્ર તટ પર આવેલા બિરલા મંદિર બીચ પર, તેમજ ભાવનગર ના બોર તળાવ, અલંગના ભાલાપરા ગામે આવેલા તળાવ,દામનગર માં કુંભનાથ મંદિર ના તળાવ તેમજ વઢેરા ગામની નદી કિનારે સવારે ૮ થી ૧૧ વાગ્યા સુધી વાગ્યા સુધી સફાઈ કાર્ય કરી.

# બોર્ડ પરીક્ષા 2025 : શહેર અને ગ્રામ્ય શિક્ષણાધિકારીની કચેરી દ્વારા શાંતિપૂર્ણ માહોલમાં પરીક્ષા સંપન્ન થાય એ બાબતે સંપૂર્ણ તૈયારીઓ સુનિશ્ચિત કરવામાં આવી

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

આગામી તારીખ ૨૭ ફેબ્રુઆરીથી રાજ્યમાં શરૂ થઈ રહેલી બોર્ડ પરીક્ષાઓ સંદર્ભે અમદાવાદ શહેર અને જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા સંપૂર્ણ તૈયારીઓ સુનિશ્ચિત કરવામાં આવી છે.અમદાવાદ શહેરમાં આ વર્ષે બોર્ડ પરીક્ષાઓમાં ધોરણ ૧૦ અને ૧૨ના મળીને કુલ ૯૨,૧૯૫ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે, જ્યારે અમદાવાદ ગ્રામ્ય જિલ્લામાં કુલ ૭૩,૨૬૦ વિદ્યાર્થીઓ પરીક્ષામાં બેસશે.અમદાવાદ શહેરમાં ધોરણ ૧૦માં ૫૪૬૧૬ વિદ્યાર્થીઓ, ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહમાં ૨૯૭૨૬ વિદ્યાર્થીઓ અને ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહમાં ૭૮૫૩ વિદ્યાર્થીઓ બોર્ડની પરીક્ષા આપશે.એ જ રીતે, અમદાવાદ ગ્રામ્ય જિલ્લામાં ધોરણ ૧૦માં ૪૬૦૨૦ વિદ્યાર્થીઓ, ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહમાં ૨૧૮૪૦ અને ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહમાં ૫૪૦૦ વિદ્યાર્થીઓ બોર્ડ પરીક્ષા આપશે.ગેરરીતિ અટકાવવા અને શાંતિપૂર્ણ વાતાવરણમાં પરીક્ષા સંપન્ન થાય તે માટે અમદાવાદ શહેરમાં તમામ ૩૨૨ પરીક્ષા સ્થળો પર અને અમદાવાદ ગ્રામ્ય જિલ્લામાં તમામ ૨૪૫ પરીક્ષા સ્થળો પર સીસીટીવી કેમેરા દ્વારા પરીક્ષાઓનું મોનિટરીંગ કરવામાં આવશે.અમદાવાદ ગ્રામ્ય જિલ્લાના દરેક પરીક્ષા સ્થળ પર સીસીટીવીના સતત મોનીટરીંગ માટે અલગથી 'સીસીટીવી મોનીટરીંગ સુપરવાઈઝર' રાખવામાં આવ્યા છે.અમદાવાદ શહેરમાં ૧૩૦ અને જિલ્લામાં ૫૨ દિવ્યાંગ પરીક્ષાર્થીઓ માટે લહિયાની વ્યવસ્થા કરવામાં આવી છે.અમદાવાદ શહેરના પરીક્ષાર્થીઓ માટે સારથી હેલ્પલાઈન વ્હોટસએપ નંબર ૯૯૦૯૯૨૨૬૪૮ તથા જિલ્લા કંટ્રોલ નંબર ૦૭૯૨૭૯૧ ૨૯૬૬ જાહેર કરવામાં આવ્યો છે. સાથે જ, 'આત્મવિશ્વાસ પરીક્ષા પે ચર્ચા ' અંતર્ગત એસ.એસ.સી તથા એચ.એસ.સી વિષયોના પ્રશ્નોના સમાધાન તથા અન્ય મૂંઝવણો અંગે વિષય શિક્ષક તેમજ મનોચિકિત્સક દ્વારા માર્ગદર્શન આપવામાં આવશે.અમદાવાદ શહેરમાં આ વર્ષે સાબરમતી મધ્યસ્થ જેલના ૨૧ કેદીઓ ધોરણ ૧૦ની અને ૪૪ કેદીઓ ધોરણ ૧૨ની પરીક્ષા આપશે.અમદાવાદ ગ્રામ્ય કચેરી ખાતે પરીક્ષા પૂર્ણ થાય ત્યાં સુધી કંટ્રોલ રૂમ કાર્યરત રહેશે. અમદાવાદ ગ્રામ્યના ૦૮ એસ.વી.એસ. સેન્ટરમાં વિદ્યાર્થીઓને પરીક્ષાલક્ષી મૂંઝવણ માટે માર્ગદર્શન મળી રહે તે માટે એસ.વી.એસ. કન્વીનરશ્રી સમગ્ર બોર્ડની પરીક્ષા દરમ્યાન કાઉન્સેલર તરીકે સેવાઓ આપશે. કન્ટ્રોલ રૂમનો ટેલીફોન નંબર ૦૭૯ ૨૭૯૧૩૨૬૪ છે.સાથે જ, અમદાવાદ શહેર અને જિલ્લામાં વિદ્યાર્થીઓ શાંતિપૂર્ણ માહોલમાં પરીક્ષાઓ સંપન્ન થાય તે માટે સ્ટ્રોંગ રૂમ, વીજ પુરવઠો, પરીક્ષા કેન્દ્રની નજીક આરોગ્ય સેવાઓ સહિત ટ્રાફિક પોલીસ સાથે પણ સંકલન કરીને વ્યવસ્થાઓ સુનિશ્ચિત કરવામાં આવી છે.





OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

## દીકરા-દીકરીના લગ્નની રાહ જોતો હતો પરિવાર, દોઢ વર્ષ પૂર્વે યુવતીની સગાઈ કરી હતી; એકાઉન્ટન્ટે 3ના જીવ લીધા

# સિગ્નલ ક્રોસ કરવાની લ્હાયમાં 100ની સ્પીડે કાર દોડાવી

સુરત | 23 ફેબ્રુઆરીના રોજ સાંજે સુરતના લસકાણા ચાર રસ્તા પાસે પૂરપાટ કાર હંકારી ચાલકે વારાફરતી બે બાઈટને ટક્કર માર્યા બાદ કાર BRTS રોડમાં ઘૂસી પલ્ટી મારી ગઈ હતી. જેમાં સગા ભાઈ-બહેન સહિત ત્રણના મોત થયા હતા. વિધિની વક્રતા કહો કે કાળ કહો તે રીતે બે સગા ભાઈ-બહેન માટે આ કારચાલક યમરાજ બનીને આવ્યો હોય તે રીતે અકસ્માત થયો હતો. 100ની સ્પીડે આવતા આ કારચાલકે પહેલાં બંનેને ઉડાવ્યા હતા. બંને અપરણિત હતા.

પરિવાર લગ્નના ઓરતા જોતું હતું. યુવતીની તો સગાઈ પણ થઈ ગઈ હતી અને લગ્નની રાહ જોઇ રહી હતી. પરિવારના મોટા પુત્ર માટે છોકરીઓ પણ જોવાનું ચાલુ હતું તે દરમિયાન ભાઈ-બહેનના મોતથી પરિવારમાં શોકનો માહોલ છવાઈ ગયો છે. કામરેજના નનસાડ રોડ ઓપેરા હોમ્સમાં રહેતા 35 વર્ષીય રાજેશ મનસુખભાઈ ગજેરા અને તેની બહેન શોભા સાથે સાંજે ઘરેથી બાઈક પર મોટા વરાછા રહેતા સંબંધીના ઘરે કામ અર્થે જઈ રહ્યા હતા. તે સમયે લસકાણા પોલીસ ચોકી પાસે આવેલા સિગ્નલ પર ઉભા હતા. સિગ્નલ ખુલતાની સાથે તેઓ આગળ વધી રહ્યા હતા. તે દરમિયાન પાછળથી આવેલી પૂરપાટ કારે પહેલાં તેમની બાઈકને ટક્કર મારી હતી અને બંને ફેંકાઈ ગયા હતા. ત્યાર બાદ બીજી બાઈકના ચાલક 48 વર્ષીય મહેશભાઈ નાનજીભાઈ લાઠીયાને પણ અડફેટે લીધા હતા.



### કાર BRTS રોડમાં ઘૂસી પલટી મારી ડીવાઇડરને અથડાઇ

બે બાઈકને અડફેટે લીધા બાદ કાર BRTS રોડમાં ઘૂસી ગઈ હતી અને ત્યાં પલટી મારી ડીવાઈડર સાથે ભટકાઈ હતી. અકસ્માત થતાં આસપાસના લોકો દોડી આવ્યા હતા અને કારચાલકને કારમાંથી બહાર કાઢવામાં આવ્યો હતો.
કારચાલક એકાઉન્ટન્ટની નોકરી કરતો અર્જૂન બાલુભાઈ વિરાણી હોવાનું જાણવા મળ્યું હતું. આ અંગે લસકાણા પોલીસે કારચાલક વિરૂદ્ધ સાપરાધ મનુષ્યવધનો ગુનો દાખલ કરી તેની અટકાત કરી વધુ તપાસ હાથ ધરી છે.

### ભાઈ-બહેન સહિત ત્રણેયના સારવાર દરમિયાન મોત

જોકે, અકસ્માતમાં ગંભીર ઈજા પામેલા રાજેશ ગજેરા અને મહેશભાઈ લાઠીયાને 108 એમ્બ્યુલન્સ મારફતે સારવાર માટે સ્મીમેર હોસ્પિટલ ખસેડાયા હતા. જ્યાં વારાફરતી બંને યુવકોના ટૂંકી સારવારમાં મોત નિપજ્યાં હતા. જ્યારે ગંભીર ઈજાગ્રસ્ત રાજેશની બહેન શોભાને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી. જેનું પણ ટૂંકી સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું.

### રાજેશ ફિક્સના મશીન ચલાવી પરિવારને આર્થિક મદદરૂપ થતો હતો

35 વર્ષીય મૃતક રાજેશ ગજેરા મૂળ અમરેલી અને સુરત જિલ્લાના કામરેજ ખાતે આવેલા ઓપેરા હોમ્સ ખાતે પરિવાર સાથે રહેતો હતો. પરિવારમાં માતા-પિતા, બે ભાઈ અને એક બહેન છે. જે પૈકી રાજેશ પરિવારનો મોટો દીકરો હતો. બીજા નંબરે દીકરી શોભા હતી અને તેનાથી નાનો એક દીકરો છે. રાજેશ હોટ ફિક્સના મશીન ચલાવી પરિવારને આર્થિક મદદરૂપ થતો હતો. શોભા પણ વિઝાની ઓફિસમાં કામ કરી મદદ કરતી હતી. જ્યારે નાનો દીકરો ઓનલાઈન ટ્રેડિંગમાં કામ કરે છે.
રાજેશ પરિવારનો મોટો દીકરો હતો અને તેના લગ્ન માટે પરિવાર છોકરી શોધી રહ્યા હતા. જ્યારે દોઢ વર્ષ પહેલાં પરિવારની દીકરી શોભાની સગાઈ પણ કરવામાં આવી હતી. જોકે, પરિવાર ભાઈ-બહેનના સાથે લગ્ન કરવા ઈચ્છતા હોવાથી પહેલાં દીકરાને છોકરી મળી ગયા બાદ બંનેના લગ્નનું વિચારી રહ્યા હતા.

# પાંચ વર્ષની ઉંમરે સંન્યાસ લીધેલા નાગા બાવાની કહાણી: માતા-પિતાનાં મોત બાદ મહાદેવની ભક્તિમાં લીન થયા

(એજન્સી) જૂનાગઢ | તા. 25

જૂનાગઢના ગિરનાર ક્ષેત્રમાં શિવરાત્રિના મેળાનો હાલ રંગ જામ્યો છે. જપ, તપ અને પૂજા અર્ચનાથી મહાદેવને રિઝવવા ભારતભરમાંથી સાધુઓ શિવરાત્રિના મેળામાં આવ્યા છે. દૂર દૂરથી આવતા ભાવિકોમાં ધુણો ધખાવી બેઠેલા નાગા સાધુઓ આકર્ષણનું કેન્દ્ર બન્યા છે.

મેં પાંચ વર્ષની ઉંમરથી સન્યાસ ધારણ કર્યો છે, હાલ હું 25 વર્ષનો છું. મારા માતા-પિતાના અવસાન બાદ હું અનાથ આશ્રમમાં રહેતો હતો. તે સમયે યુપીના એક સાધુ મળ્યા હતા અને તેના ગુરુ બ્રહ્મલીન સ્વામી બીજા નંદજી મહારાજ અવધૂત જે મધ્યપ્રદેશમાં કોદરીયા સરકારથી પ્રખ્યાત હતા. તે ગુરુજીએ મને સન્યાસ આપી મારુ પાલનપોષણ કરી મને અભ્યાસ કરાવ્યો અને મને મોટો કર્યો હતો. મેં સાધુ સંતો અને ગૌ માતાની ખૂબ જ સેવા કરી છે. ગુરુની સેવા અને પૂજા અર્ચના કરવી એ જ મારી જિંદગીનું જય હતું.

12 વર્ષ સુધી હું મારા ગુરુજી સાથે ભારતના દરેક રાજ્યોમાં ભ્રમણ કર્યું અને 2013માં મેં સન્યાસ ધારણ કર્યો અને મને નાગા સાધુ બનાવવામાં આવ્યો હતો. આમ જોવા જઈએ તો સન્યાસ તો મેં બાળપણથી જ ધારણ કર્યો હતો પરંતુ મને નાગા સાધુ 2013માં બનાવવામાં આવ્યો. ઉદાસીન પંચાયતી અખાડામાંથી મને સન્યાસ આપવામાં આવ્યો હતો અને ત્યારબાદ હું રાજસ્થાન આવ્યો, જ્યાં મેં સન્યાસ ધારણ કર્યા બાદ ધૂણી ધખાવવાનું અને તપ કરવાનું શરૂ કર્યું હતું. સમય જતા મેં ઘણા તપો કર્યા ત્યારે એક ભક્ત દ્વારા મને જમીન આપવામાં આવી હતી.

2018માં હું ગુજરાત આવ્યો અને ગુજરાતની અલગ અલગ ધાર્મિક જગ્યાઓમાં મેં ધૂણી ધખાવી જપ તપ કર્યા. છેલ્લા નવ વર્ષથી શિવરાત્રિના મેળામાં ભગવાન મહાદેવ અને અલખનો આરાધ જગાવવા ધૂણી ધખાવી અહીં બેસુ છું.

ત્યારબાદ ધોમધખતા તાપમાનમાં જેઠ મહિનાના 41 દિવસ સુધી હું પંચ ધૂણી તપસ્યા કરું છું. જેટલું ભગવાનનું જપ, તપ અને આરાધના કરવામાં આવે છે તેટલો જ જીવનનો આનંદ મળે છે. હું 41 દિવસ સુધી મૌન રહી ભારત રાષ્ટ્રને મજબૂત બનાવવા અને યુવા પેઢી વ્યસન છોડે અને યુવાનોમાં જાગૃતિ આવે તેવા હેતુથી ધોમ ધખતા તાપમાન પંચ ધૂણી તપસ્યા કરું છું. આ દરમિયાન માત્ર ફળ ફ્રુટનો પ્રસાદ જ લઉ છું.



**‘યુવાનો વ્યસન મૂકશે અને વૃદ્ધાશ્રમ બંધ થશે ત્યારે રાષ્ટ્ર મજબૂત બનશે’ :** યુવા પેઢીઓમાં દિવસે અને દિવસે વધતા વ્યસનને લઈ ચિંતા અને મા-બાપને તરછોડી વૃદ્ધાશ્રમની વધતી જતી સંખ્યાને લઈને તપસ્વી બાપુ જણાવે છે કે, ભારતની યુવા પેઢી જ્યારે વ્યસન મુકશે ત્યારે જ ભારત રાષ્ટ્રને મજબૂત બનાવી શકાશે. જો વ્યસન કરવું હોય તો માતા પિતાની સેવાચાકરી, પરિવારની દેખભાળ અને સારું કાર્ય કરી યોગ્ય કમાણી કરવાનું વ્યસન યુવા પેઢીએ કરવું જોઈએ, અમે સાધુઓ મનની એકાગ્રતા માટે ચલમ પીતા હોઈએ છીએ.

# વડોદરા મોક્સી MD ડ્રગ્સ કેસમાં આરોપીઓના 12 દિવસના રિમાન્ડ મંજૂર

વડોદરા | વડોદરા જિલ્લાના સાવલી તાલુકાના મોક્સી ગામ પાસેથી ઝડપાયેલા રૂપિયા 3.50 કરોડના મેફેડ્રોન ડ્રગ્સ (MD) સાથે ઝડપાયેલા બે આરોપીઓને આજે પોલીસે સાવલી ખાતે કોર્ટમાં રજૂ કર્યા હતા. પોલીસે 14 દિવસના રિમાન્ડની માંગણી કરી હતી. કોર્ટે ગુનાની ગંભીરતા જોઈને 12 દિવસના રિમાન્ડ મંજૂર કર્યા હતા.

ઉલ્લેખનીય છે કે, વડોદરા જિલ્લા એસઓજી પોલીસને બાતમી મળી હતી કે, સાવલી તાલુકાના મોકસી ગામની સીમમાં રાણીયા જવાના રસ્તા પર જગદીશ મહિડા પોતાના ખેતરમાં મૂળ બિહારના વતની અને હાલમાં વડોદરામાં રહેતા પ્રેમચંદ મંહતો સાથે આવેલ અવાવરૂ ખેતરના ઝૂંપડા, મકાનોમાં ડ્રગ્સનો કાળો કારોબાર કરી રહ્યો છે. આ બાતમીના આધારે એસઓજી પોલીસની ટીમે મોડી રાત્રે બેટરીના અજવાળાના સહારે મોકસી ગામની સીમમાં દરોડો પાડ્યો હતો. મધરાત સુધી ચાલેલી આ કાર્યવાહીમાં શંકાસ્પદ સિંથેટિક ડ્રગ્સના જથ્થો મળી આવતા એસઓજી પોલીસે એફએસએલની મદદ લીધી હતી. નશાકારક પદાર્થ મેફેડ્રોન સિંથેટિક ડ્રગ્સના જથ્થો જણાંતાં એસઓજીની ટીમે જગદીશભાઈ જીતસિંહ મહીડા (રહે. મોક્સી, મકાન નંબર 1588, જલારામ કોલોની, તા. સાવલી, જી, વડોદરા) તથા મૂળ બિહારના ઓરંગાબાદ જિલ્લાના દેવ તાલુકાના કુંડા ગામના વતની તથા વડોદરાના ગોરવા - પંચવટી વિસ્તારમાં રહેતા પ્રેમચંદકુમાર હરીનારીયણ મહંતોની અટકાયત પણ કરી હતી.

આરોપીઓ સામે ભાદરવા પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરીને મંજુસર પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટરે તપાસ શરૂ કરી હતી. પોલીસે આજે જગદીશ જીતસિંહ મહીડા તથા પ્રેમચંદકુમાર મંહતોને સાવલી કોર્ટમાં રજૂ કરીને રિમાન્ડની માંગણી કરતી અરજી કરી હતી. જે બાબતે પોલીસ તથા સરકારી વકીલોની દલીલોને ધ્યાનમાં લઈને અદાલતે ગુનાની ગંભીરતા જોઈને બંન્નેના 12 દિવસના રિમાન્ડ મંજૂર કર્યા હતા.

આ ગુનાના કામમાં વડોદરાના ગોરવા સમતા વિસ્તારમાં રહેતા ગુનામાં ચીરાગ ગિરીશભાઇ પટેલ, બિહારના ઔરંગાબાદ ના વિપુલસિંગ તથા વિપુલસિંગની સાથે આવેલ અન્ય એક વ્યક્તિની પોલીસે શોધખોળ શરૂ કરી છે.

# સરોવર નિગમના ક્વાર્ટરમાં બે શ્રમજીવી યુવકોએ સાથી યુવાનને નિર્વસ્ત્ર કરી મોતને ઘાટ ઉતાર્યો

(એજન્સી) વડોદરા | તા. 25

વડોદરા જિલ્લાના નિમેટા ગામ પાસે આવેલા નર્મદા કેનાલ પાસેના સરદાર સરોવર નિગમના ક્વોટર્સમાં બે શ્રમજીવી યુવાનોએ આધેડને નિર્વસ્ત્ર કરી મોતને ઘાટ ઉતારી દેતાં સનસનાટી મચી ગઇ હતી. વાઘોડિયા પોલીસે હત્યાનો ગુનો દાખલ કરી કાર્યવાહી હાથ ધરી છે. મોતને ઘાટ ઉતરેલા આધેડ અને હત્યારાઓ વડોદરા કોર્પોરેશનની આંજવાથી વડોદરા સુધી નાંખવામાં આવી રહેલી પાઈપ લાઇનના કોન્ટ્રાક્ટમાં કામ કરે છે. નિમેટા પંથકમાં ચકચાર જગાવી મૂકનાર આ બનાવ અંગે વાઘોડિયા પોલીસ મથક નોંધાયેલ ફરિયાદ મુજબ વિગત એવી છે કે, VMCની પાણીની પાઈપલાઈન નાખવાના કોન્ટ્રાક્ટર નીરલ પટેલના સુપરવાઈઝર રોમન પટેલ ઉપર ફોન આવેલ કે, મોડી રાત્રે નર્મદા ક્વાર્ટરમાં ઝઘડો થયો હતો અને આ ઝઘડામાં રાહુલસિંઘ રામદેવસિંઘ અને સદાનંદ પપ્પુએ સાથી સંજયકુમારસિંઘ સત્યનારાયણસિંઘ (ઉ.વ. 42) રહે. બિહાર)ને માર મારી તેની હત્યા કરી હતી. નિમેટા સરદાર સરોવર નિગમના ક્વાર્ટર પાસે દોડી ગયા હતા. નિગમના ફ્લેટમા પહોંચેલા કોન્ટ્રાકટરે રૂમના હોલમાં નીચે લાદી ઉપર તેમજ દિવાલના ભાગે લોહીના નિશાનો જોતાં ચોંકી ઉઠ્યો હતો. રૂમમાં વધુ તપાસ બાથરૂમમાં સંજયકુમારસિંઘ નિર્વસ્ત્ર હાલતમાં મરણ ગયેલ હાલતમા પડેલો જોયો હતો. અજીતકુમાર રામબિચારસિંઘે જણાવેલ કે, ગઇ રાત્રીના આઠેક વાગે સંજયકુમારસિંઘ તથા સદાનંદ વચ્ચે ઝઘડો થયો હતો ત્યારે બાજુના રૂમમા રહેતા રાહુલસિંઘ સંજયસિંઘને પોતાના રૂમમાં સુવા માટે લઈ ગયા. ત્યારબાદ રાત્રીના 10 વાગ્યાની આસપાસ રાહુલસિંઘ સંજયસિંઘ સાથે ઝઘડો કરી પોતાના રૂમની બહાર આવી અમારા રૂમમાથી સદાનંદને બોલાવી રાહુલે કહ્યું હતું કે, સંજયસિંઘ મારૂ પેન્ટ ઉતારતો હતો એટલે તેને સબક શીખવાડવા સદાનંદ રાહુલસિંઘની સાથે તેના રૂમમાં જઇ સંજયકુમારસિંઘ સાથે ઝઘડો કરી મારામારી કરી હતી.

## સુરતી ગર્લે જીત્યો મિસ ઇન્ટરકોન્ટિનેન્ટલ ઇન્ડિયાનો તાજ

# ટોકવાવાળા ઘણા હતા, પિતાને કેન્સર થયા બાદ સમય મુશ્કેલ હતો : શ્રદ્ધા...

(એજન્સી) સુરત | તા. 25

ટેક્સટાઇલ અને હીરા નગરી તરીકે ઓળખાતું સુરત હવે ફેશનની દુનિયામાં પણ આગળ વધી રહ્યું છે. સુરતની પહેલી યુવતીએ 22 ફેબ્રુઆરીએ મિસ ઈન્ટરકોન્ટિનેન્ટલ ઓફ ઈન્ડિયા સ્પર્ધાનો તાજ જીત્યો છે, ત્યારે સુરત એરપોર્ટ પર આવેલી યુવતીનું પરિવારજનો અને શહેરીજનોએ અદકેરું સ્વાગત કર્યું હતું. ભારતમાંથી 14 યુવતીઓને મ્હાત આપીને હવે ઈન્ટરનેશનલ લેવલે ભારતનું પ્રતિનિધિત્વ કરવા માટે થનગની રહી છે.

સુરતની 19 વર્ષીય કોલેજીયન ગર્લ શ્રદ્ધા પટેલ દિલ્હી ખાતે યોજાયેલા કાઉન્ટિંગમાં હાજર રહી હતી. જ્યાં દેશભરમાંથી આવેલી 14 યુવતીઓને હરાવીને હવે મિસ ઈન્ટરકોન્ટિનેન્ટલ ઓફ વર્લ્ડ સ્પર્ધામાં આગળ વધવા જઈ રહી છે. મિસ ઈન્ટરકોન્ટિનેન્ટલ વર્લ્ડ સ્પર્ધા આગામી સમયમાં ઈજિપ્તમાં યોજાનાર છે જેના માટે શ્રદ્ધા ખૂબ જ ઉત્સાહિત છે.

ટેક્સટાઈલ અને એગ્રીકલ્ચરના વ્યવસાય સાથે સંકળાયેલા ચંદ્રહાસ પટેલની દીકરી શ્રદ્ધા પટેલ બાળપણથી જ મોડેલિંગ ક્ષેત્રમાં આગળ વધવા માટે ઉત્સાહિત હતી. ત્યારે આજે ઈન્ટરનેશનલ લેવલે પ્રતિનિધિત્વ કરવાની તક મળતા સમગ્ર સુરતમાં ઉત્સાહનો માહોલ જોવા મળી રહ્યો છે. શ્રદ્ધા પટેલે કહ્યું કે, મને બાળપણથી જ આ ક્ષેત્રમાં આગળ વધવાની ઈચ્છા હતી. આ અગાઉ હું મિસ ટીન ઈન્ડિયા 2021નો તાજ જીતી ચૂકી છું. મોડલ સુરત વાવ એવોર્ડ, મિસ સ્ટાર ફ્રેશ ઓફ ઈન્ડિયા 2020 સહિતના અસંખ્ય એવોર્ડ જીતી ચૂકી છું.

### ‘શ્રદ્ધા-અમારા પરિવારે અત્યાર સુધી ખૂબ સહન કર્યું’

શ્રદ્ધાની માતા વૈશાલી પટેલે કહ્યું કે, શ્રદ્ધા નાનપણથી જ ફેન્સી ડ્રેસ કોમ્પિટિશનમાં ભાગ લેતી હતી. સ્કૂલની તમામ સ્પર્ધાઓમાં શ્રદ્ધા વિજેતા થતી હતી અને આજે ક્રાઉન તેના ચહેરા ઉપર આવ્યું છે. જેથી અમે ખૂબ જ હરખ અને ગર્વની લાગણી અનુભવી રહ્યા છીએ. ત્યારે આગામી સમયમાં આંતરરાષ્ટ્રીય સ્તરે ક્રાઉન તેના માથા ઉપર શોભાયમાન બને તેવી અમે રાહ જોઈ રહ્યા છીએ.



શ્રદ્ધા અને અમારા પરિવારે અત્યાર સુધી ખૂબ જ સહન કર્યું હતું. કારણ કે, સમાજમાંથી અને શહેરમાંથી મોડેલિંગ ક્ષેત્રમાં યુવતીઓ ન હોવાના કારણે ઘણી વખત અલગ અલગ કોમેન્ટ પણ સાંભળવી પડતી હતી.

પરંતુ આજે તેની સફળતાએ બધી જ કોમેન્ટને ભુલાવી દે તેવી સાબિત થઈ છે. આજે અમારી આંખોમાં હર્ષના અશ્રુ જોવા મળી રહ્યા છે. શ્રદ્ધા પટેલ ગત 9 વર્ષથી પ્રોફેશનલ મોડેલિંગ કરે છે અને રાજ્ય અને નેશનલ લેવલ પર સુરતને ગૌરવ અપાવી ચૂકી છે. આ પહેલાં પણ તેણે મિસ ઈન્ડિય ટીન, મિસ ઈન્ટરકોન્ટિનેન્ટલ ઈન્ડિયા, એસ્પાયરિંગ મોડલ ઓફ ધ યર જેવા ઘણા ટાઈટલ પોતાના નામે કરી સુરત અને ગુજરાતનું નામ રોશન કર્યું છે. આ ઉપરાંત શ્રદ્ધા પટેલ ઘણી પ્રાઈવેટ કંપનીઓ માટે બ્રાન્ડ એમ્બેસેડર તરીકે મોડેલિંગ કરે છે. મિસ ઈન્ટરકોન્ટિનેન્ટલ વર્લ્ડ ઈજિપ્તમાં યોજાનાર છે, જ્યાં શ્રદ્ધા પટેલ ભારતનું પ્રતિનિધિત્વ કરશે.

# વલસાડ હાઈવે પર બાઈક ચાલક પર હુમલો કરાયો...

## ઓવરટેક કરવાના મુદ્દે ચપ્પુથી હુમલો કરનાર ત્રણ આરોપી કલાકોમાં ઝડપાયા

(એજન્સી) વલસાડ |તા. 25

વલસાડ જિલ્લાના ડુંગરી પોલીસ સ્ટેશન વિસ્તારમાં કુંડી ઓવરબ્રિજ પાસે એક ગંભીર ઘટના સામે આવી છે. ઓવરટેક કરવાના મુદ્દે ત્રણ શખ્સોએ બાઈક ચાલક પર જીવલેણ હુમલો કર્યો હતો.

ભાર્ગવકુમાર જીતેન્દ્રભાઈ પટેલ નામના યુવક પર ઓટો રિક્ષામાં સવાર ત્રણ શખ્સોએ હુમલો કર્યો હતો. આરોપીઓએ ભાર્ગવકુમારની છાતી પર ચપ્પુથી હુમલો કર્યો અને ડાબા હાથની ટચલી આંગળી પર ઈજા પહોંચાડી હતી. સ્થાનિક લોકો અને રાહદારીઓએ ઈજાગ્રસ્ત યુવકને મદદ કરી હતી.

ઘટનાની જાણ થતાં ડુંગરી પોલીસના PI ઉર્વશી પટેલે તાત્કાલિક તપાસ શરૂ કરી. વલસાડ SP ડૉ. કરનરાજ વાઘેલા અને DySP ભાર્ગવ પંડિયાના માર્ગદર્શન હેઠળ પોલીસે કાર્યવાહી શરૂ કરી. CCTV ફૂટેજની મદદથી ડુંગરી પોલીસના



HC પ્રમોદ શાલિગ્રામને મળેલી બાતમીના આધારે ગણતરીના કલાકોમાં ત્રણેય આરોપીઓને ઝડપી લીધા.

પકડાયેલા આરોપીઓમાં રીઝવાન શેખ (35), ઉમર યાસીન શેખ (38) અને વિપુલ ગામીત (25)નો સમાવેશ થાય છે. પોલીસે આરોપીઓ પાસેથી રિક્ષા, ચપ્પુ અને બે મોબાઈલ ફોન કબજે કર્યા છે. તપાસમાં જાણવા મળ્યું કે આ ત્રણેય આરોપીઓ સુરત કોસંબા અને ગણદેવી વિસ્તારમાં 20થી વધુ ગુનાઓમાં સંડોવાયેલા છે. ડુંગરી પોલીસે આરોપીઓ વિરુદ્ધ વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# પાકિસ્તાનથી 22 માછીમાર દર્દભર્યા પત્ર સાથે વડોદરા પહોંચ્યા : નર્કમાંથી બહાર કઢાવો

(એજન્સી) વડોદરા | તા. 25

પાકિસ્તાનની કરાંચી જેલમાં રહેલા ગુજરાતના 18 સહિત ભારતના 22 જેટલા માછીમારોને છોડવામાં આવ્યા હતાં. જે પૈકી આ તમામ માછીમારો 24 ફેબ્રુઆરીએ ગોલ્ડન ટેમ્પલ ટ્રેન મારફતે વડોદરા આવી પહોંચ્યા હતાં. અહીંથી આ માછીમારોને તેમના વતનમાં જવા વિદાય આપવામાં આવી હતી.
આ સિવાયના હજુ પણ પાકિસ્તાનમાં સડી રહેલા 150 માછીમારોએ પોતાની વેદના ઠાલવતો દર્દભર્યો પત્ર લખીને તેમના સાથી મિત્રો સાથે મોકલ્યો છે. આ પત્રમાં માછીમારોએ લખ્યું છે કે, પાકિસ્તાની જેલમાં ભારતીય માછીમારોની દુર્દશા તમને જણાવી રહ્યા છીએ. અમે અહીં 150 માછીમારો છીએ. બે વર્ષ પહેલા અહીંની સુપ્રીમ કોર્ટ દ્વારા અમને અમારી સજામાંથી મુક્ત કરી દીધા છે, તેમ છતાં અમે અહીં કેદ છીએ. અહીંથી બહાર ન નીકળવાના ટેન્શનમાં લગભગ બધા માછીમારો માનસિક રીતે બીમાર થઈ ગયા છીએ. પ્રેશરની બીમારી, શ્વાસ લેવામાં તકલીફ અને ચામડીની બીમારીને કારણે ખૂબ પરેશાન છીએ, તેમ છતાં અહીંથી માત્ર 22 માછીમારોને મુક્ત કરવામાં આવ્યા છે. અમારા 150 માછીમારો સાથે અન્યાય થઈ રહ્યો છે. અહીં અમારી પરિસ્થિતિ સમજવાવાળું કોઈ નથી. અહીં આપણી સરકારનો કોઈ ડર નથી એવું લાગી રહ્યું છે. મોદી સરકારના અભિમાનમાં અમારો અને અમારા પરિવારનું જીવન બગડી ગયું છે. તમને એ વિનંતી છે કે, અમારી આ દુર્દશાને સરકાર સુધી જલ્દી પહોંચાડો અને અમને આ નર્કમાંથી જલદી બહાર કઢાવો. જય ભારત, જય હિન્દ. લિ. ભારતીય માછીમારો.

રાજ્ય સરકાર દ્વારા ભારત સરકારને વિનંતી કરવામાં આવી હતી અને વિદેશ મંત્રાલય દ્વારા પાકિસ્તાનની જેલમાં બંધ માછીમારોને છોડવા માટે પ્રયત્નો કરવામાં આવ્યા હતા. જેના પરિણામ સ્વરૂપ કરાંચીની જેલામાં બંધક રહેલા 22 સાગરખેડૂઓને મુક્ત કરવામાં આવ્યા હતા. આ માછીમારો વાઘા બોર્ડરથી ભારતમાં પ્રવેશ મેળવ્યો હતો અને ત્યાં તેમનું મેડિકલ ચેકઅપ કરાવી ટ્રેન મારફત વતનમાં પહોંચવા રવાના કરવામાં આવ્યા હતા.

# નારી ચોકડી પાસે વેગનાર કારની અડફેટે 58 વર્ષીય ખેડૂતનું ઘટનાસ્થળે મોત



ભાવનગર | ભાવનગર જિલ્લાના ઘોઘા તાલુકાના કુડા ગામના એક ખેડૂતનું કાર અકસ્માતમાં મોત નિપજ્યું છે. નાનજી ભાયા જેઠવા (ઉંમર 58) નામના ખેડૂત પોતાની વાડીમાંથી ડુંગળીનો જથ્થો વેચવા ભાવનગર આવ્યા હતા. નાનજીભાઈ કોળીયાક કુડા રોડ પર વાંઝાવાવ વિસ્તારમાં રહેતા હતા. તેઓ ડુંગળીનો જથ્થો નારી ચોકડી નજીક આવેલ સબયાર્ડમાં વેચ્યા બાદ પોતાના બાઈક (GJ 04 AD 2590) પર ઘરે પરત ફરી રહ્યા હતા. નારી ચોકડી પાસે સામેથી આવી રહેલી વેગનાર કાર (GJ 04 DA 2548)એ તેમને અડફેટે લીધા. અકસ્માતમાં ગંભીર ઈજાઓ થતાં પ્રાથમિક સારવાર મળે તે પહેલાં જ તેમનું ઘટનાસ્થળે મોત નિપજ્યું. વરતેજ પોલીસને જાણ થતાં પોલીસ કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચ્યો હતો. મૃતકના મૃતદેહનું પંચનામું કરી પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. મૃતકના પુત્ર લાભુ જેઠવાએ વેગનાર ચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. પોલીસે ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે.

# સ્ટેટ મોનિટરિંગ ટીમે ગોલ્ડન ચોકડી પાસેથી એક પિસ્તોલ સાથે શખસને ઝડપી પાડ્યો

(એજન્સી) વડોદરા | તા. 25

સ્ટેટ મોનિટરિંગ સેલની ટીમે વડોદરા શહેરની ગોલ્ડન ચોકડી પાસેથી એક પિસ્તોલ અને બે કારતુસ સાથે એક શખસને ઝડપી પાડ્યો છે અને આ મામલે વધુ કાર્યવાહી હાથ ધરી છે. પોલીસે શસ્ત્ર અધિનિયમ કલમ: 25(1)(B)(a), 29, અને G.P અધિનિયમ: 135ની સંબંધિત કલમો હેઠળ ગુનો નોંધીને વધુ તપાસ શરૂ કરી છે. ગૌરવ હલકે કુશવાહ (રહે. ભટનવર લોપિતા કોલોની, તા. પોહરી, જિલ્લો. શિવપુરી, મધ્ય પ્રદેશ) ધર્મસિંગ ભીમસેનસિંહ (રહે. શિકાવર, ગ્વાલીયાર, મધ્ય પ્રદેશ) (ગેરકાયદેસર હથિયાર સપ્લાયર્સ) રોહિત કાલિયા (રહે. વડોદરા શહેર) (ગેરકાયદેસર આર્મ રીસીવર)

### મકરપુરા ગામમાં વિદેશી દારૂ સાથે એક ઝડપાયો

વડોદરા શહેરના મકરપુરા ગામમાં આવેલ મકાનમાં પીસીબી પોલીસે રેડ કરી હતી. સ્થળ પરથી રૂ. 18 હજારના વિદેશી દારૂ સાથે એક શખસને ઝડપી પાડ્યો હતો. જ્યારે દારૂ આપનાર મહિલા સહિત બે જણાને વોન્ટેડ જાહેર કર્યા હતા. વડોદરા શહેરમાં ચાલતી વિદેશી દારૂ અને જુગારની ગેરકાયદે ચાલતી પ્રવૃતિ ઝડપી પાડવા પેટ્રોલિંગ કરી રહી હતી. ત્યાર બાદ ફરતા ફરતા મકરપુરા ગામ ત્રણ રસ્તા પાસે આવતાં બાતમી મળી હતી કે મકરપુરા ગામ ડાહીબાનગર, મ.નં. 12માં રહેતો સુરેશ ટેબહાદુર થાપા પોતાના ઘરે વિદેશી દારૂનો જથ્થો લાવ્યો છે અને હાલમાં છુટક વેચાણ કરી રહ્યો છે. જેથી પીસીબીની ટીમે બાતમીવાળી જગ્યાએ રેડ કરી હતી ત્યારે મકાનમાં સુરેશ ટેકબહાદુર થાપા મળી આવ્યો હતો. તેને સાથે રાખીને મકાનમાં તપાસ કરી હતી ત્યારે વિદેશી દારૂની બોટલો નંગ-129 કીમત રૂપિયા 18 હજાર તથા એક મોબાઈલ સાથે 28 હજારનો મુદ્દામાલ જપ્ત કરીને આગળની કાર્યવાહી માટે મકરપુરા પોલીસ સ્ટેશનમાં સોંપવામાં આવ્યો હતો. જ્યારે થાપાને દારૂ પુરો પાડનાર એક મહીલા તથા ઈશ્વર નહીં મળી આવતા તેમને વોન્ટેડ જાહેર કરીને બંનેને ઝડપી પાડવાના ચક્રો ગતિમાન કરવામાં આવ્યા છે.

## ભાવિકો વહેલી સવારથી જ શિવભકિતમાં મગ્ન બની જશે

# મહા શિવરાત્રિ : શિવાલયોમાં શિવભકિતનો શંખનાદ ફૂંકાશે

(એજન્સી) ભાવનગર । તા. 25

દર વર્ષની જેમ આ વર્ષે પણ આગામી તા.૨૬ને બુધવારે ગોહિલવાડમાં મહાશિવરાત્રિ પર્વની ધમર્મય ઉજવણી થશે. આ અવસરે સવારથી જ શિવભકિતનો શંખનાદ ફૂંકાશે અને બમ.. બમ..ભોલે તેમજ હર..હર..મહાદેવના જયઘોષ સાથે ભાવિકો શિવભકિતમાં મગ્ન બની જશે.આ સાથે ગોહિલવાડના પૌરાણિક શિવાલયોના અન્નક્ષેત્રમાં હરિહરનો નાદ ગૂંજશે

દેવાધિદેવ મહાદેવની ઉપાસનાના મહાપર્વ મહાશિવરાત્રિ મહોત્સવ પ્રસંગે બુધવારે ભાવનગર શહેર અને જિલ્લામાં આવેલા પ્રાચીન અને અર્વાચીન શિવાલયો જેવા કે ભીડભંજન, બારસો મહાદેવ, તખ્તેશ્વર, જશોનાથ, થાપનાથ,અર્જુનેશ્વર, વૈજનાથ, નારેશ્વર ઉપરાંત જિલ્લામાં નાના અને મોટા ગોપનાથ, નિષ્કલંક,પડઘલીયા




મહાદેવ,જાગનાથ,માળનાથ મહાદેવ સહિતના મંદિરોમાં ગજકેસરી યોગ સાથે ઉજવણીની શરૂઆત થશે. જે અંતર્ગત સવારથી જ ભાવિકો જળાભિષેક, દુગ્ધાભિષેક કરવા માટે ઉમટી પડશે. આ સાથે ભકતો દ્વારા બીલ્વપત્ર, અબીલ ગુલાલ ઉપરાંત શેરડીનો રસ, નાળીયેરના પાણીથી અભિષેક કરાશે. તેમજ શિવધૂન સંકિર્તન સાથે ચારેય પ્રહરની દીપમાળા,શિવપુજા સ્તવન, મહામૃત્યુંજયના જાપ, રૂદ્રાભિષેક સહિત ષોડશોપચાર સહિત વૈદિક પધ્ધતિથી મહાપૂજન,મહાઆરતી, લઘુરૂદ્ર યજ્ઞા, રૂદ્રી તથા શિવ સહસ્ત્રનામ અર્ચના, મહાપ્રભાતફેરી, શિવભજન, અને સંતવાણી સહિતના કાર્યક્રમો યોજાશે. આ ઉપરાંત દશનામ ગોસ્વામી મહામંડળ દ્વારા સતત ૩૪માં વર્ષે મહાશિવરાત્રિ પર્વ પ્રસંગે શહેરના રાજમાર્ગો પર બપોરે બે કલાકથી એક વિશાળ અને રંગદર્શી શોભાયાત્રા નિકળશે. જે ગંગાજળીયા તળાવ, રૂપમચોક, એમ. જી.રોડ, ખારગેટ, મામાકોઠા રોડ, દિવાનપરા, હલુરીયા ચોક, હાઈકોર્ટ રોડ અને મોતીબાગ થઈ જશોનાથ મંદિરે પરત ફરશે. આ શોભાયાત્રામાં શહેરના વિવિધ વિસ્તારોના ૫૧ થી વધુ શિવમંદિરોના મહંતો અને પુજારીઓ દ્વારા શિવજીના મ્હોરા તથા આભૂષણો સહિતના ફ્લોટસ જોડાશે. તેમજ ટ્રેક્ટર, ટ્રક, રીક્ષાઓ અને ફોરવ્હીલ વાહનો સાથે શ્રધ્ધાળુઓ જોડાશે.

## ઠેર-ઠેર ભાતીગળ લોકમેળાની રંગત જામશે

મહાશિવરાત્રીના અવસરે શહેરના તખ્તેશ્વર,ભીડભંજન, બારસો, જશોનાથ, નારેશ્વર, કોળીયાકના નિષ્કલંક, માળનાથ, તળાજાના મોટા ગોપનાથ સિહોરના નવનાથ સહિતના ગોહિલવાડના અનેક પ્રાચીન અને અર્વાચીન શિવાલયોમાં પરંપરાગત રીતે ભાતીગળ લોકમેળાની રંગત જામશે. જયારે માળનાથ, ભંડારીયાના જાગનાથ મહાદેવ, મોટા ગોપનાથ સહિતના શિવાલયોમાં ભજન, ભોજન અને ભકિત માટે ભાવિકોનું ઘોડાપુર ઉમટશે. શિવાલયોમાં આસપાસના શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં આબાલવૃધ્ધ ભાવિકો ઉમટી પડતા હોય મીની કુંભમેળા સમાન ભાતીગળ લોકમેળાનો અનેરો માહોલ દ્રશ્યમાન થશે.

## સ્પેશિયલ ટ્રેન જૂનાગઢ-રાજકોટ વચ્ચે દોડાવાશે

ભાવનગર : જૂનાગઢમાં આયોજિત મહાશિવરાત્રી મેળા દરમિયાન યાત્રિયોના ધસારાને ધ્યાનમાં રાખીને પશ્ચિમ રેલ્વેએ યાત્રિયોની સુવિધા માટે ૨૫, ૨૬ અને ૨૮ ફેબ્રુઆરી, ૨૦૨૫ના રોજ વિશેષ ભાડા પર જૂનાગઢ-રાજકોટ મહાશિવરાત્રી મેળા સ્પેશિયલ ટ્રેન ચલાવવાનો નિર્ણય કર્યો છે. મહાશિવરાત્રી મેળા સ્પેશિયલ ટ્રેન રાજકોટ સ્ટેશનથી સવારે ૧૦.૫૫ કલાકે ઉપડશે અને બપોરે ૧૩.૦૦ કલાકે જૂનાગઢ પહોંચશે. તેવી જ રીતે જૂનાગઢથી રાજકોટ પ્રસ્થાન થનાર જૂનાગઢ-રાજકોટ મહાશિવરાત્રી મેળા સ્પેશિયલ ટ્રેન જૂનાગઢથી બપોરે ૧૩.૪૦ કલાકે ઉપડશે અને ૧૭.૦૫ કલાકે રાજકોટ પહોંચશે. બન્ને ટ્રેનો બંને દિશામાં ભક્તિનગર, ગોંડલ, ગોમટા, વીરપુર, નવાગઢ, જેતલસર અને વડાલ સ્ટેશનો પર ઉભી રહેશે. નોંધનીય છે કે, ઉપરોક્ત બંને ટ્રેનો સંપૂર્ણપણે અનરિઝર્વ્ડ ટ્રેન તરીકે દોડશે.

## ગારિયાધારના માંડવી ગામે દારૂની ૯૦ બોટલ સાથે 3 શખ્સ ઝડપાયા

(એજન્સી) ભાવનગર । તા. 25

ગારિયાધારના માંડવી ગામે ભારતીય બનાવટના વિદેશી દારૂની ૯૦ બોટલ મળી કુલ રૂા.૯૩,૫૦૦ના મુદ્દામાલ સાથે ત્રણ શખ્સોને ગારિયાધાર પોલીસે ઝડપી લઈ ચાર શખ્સો સામે ગોરિયાધાર પોલીસ મથકમાં ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે. ગારિયાધારના માંડવી ગામ બળદ શાળા પાસે ગૌચરની જગ્યામાં બાઈક પર દારૂની હેરફેર કરવામાં આવતી હોવાની બાતમીના આધારે ગારિયાધાર પોલીસે તપાસ કરતા બાતમીવાળા સ્થળેથી કરશન ઉર્ફે લાલો ઓધડભાઈ ભેડા (રહે. માંડવી, તા.ગારિયાધાર), અજય ઉર્ફે પિન્ટુ મીઠાભાઈ ખમલ (રહે. રંઘોળા) અને કિશોર જીણાભાઈ ડાભી (રહે. રંઘોળા)ને ભારતીય બનાવટની વિદેશી દારૂની ૯૦ બોટલ સહિત કુલ રૂા.૯૩,૫૦૦ના મુદ્દામાલ સાથે ઝડપી લઈ લીધા હતા. ઝડપાયેલાં તમામની પૂછપરછમાં તેમને આ દારૂનો જથ્થો જીજ્ઞેશ કોળી (રહે. બોટાદ) નામનો શખ્સ વેચાણઅર્થે પુરો પાડયો હોવાની કબુલાત આપી હતી. જેના આધારે ગારિયાધાર પોલીસે ઝડપાયેલાં અને જથ્થો આપનાર બોટાદના બુટલેગર સહિત ચારેય વિરૂદ્ધ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# ભાવનગર ડિસ્ટ્રીક્ટ કો-ઓપરેટીવ બેંકમાં ‘સગાવાદ’ અને ‘વ્યવહાર’થી ભરતીનો આક્ષેપ

## ભરતી...

(એજન્સી) ભાવનગર । તા. 25

ભાવનગર ડિસ્ટ્રીક્ટ કો-ઓપરેટીવ બેંકમાં તાલીમાર્થી ક્લાર્કની ૮૦ જગ્યાઓ પરની ભરતી માટે લેખિત પરીક્ષાને માત્ર ૪૮ કલાકનો સમય બાકી રહી ગયો છે ત્યારે સગાવાદ અને વ્યવહારથી ભરતી થઈ રહ્યાનો ખેડૂત અગ્રણી ભીખા જાજડિયાએ આક્ષેપ કર્યો છે. તેમણે જણાવ્યું હતું કે, અગાઉ ભરતી માટે રૂા. પાંચ લાખનો ‘ભાવ’ બોલાતો હતો જે હાલ પાંચ ગણો થઈ ગયો છે. જો સગાવાદ અને વ્યવહાર ન હોય તો પછી નિયમોના પાલન સાથે ભરતી કરવામાં વાંધો શું છે ? તેવો વેધક સવાલ પણ તેમણે કર્યો હતો અને બેંકમાં ભરતી માટેના નિયમોનું સરેઆમ ઉલ્લંઘન કરીને ભરતી થઈ રહ્યાની ધા સાથે તેઓએ હાઈકોર્ટના દ્વાર ખખડાવવા તજવીજ હાથ ધરી હોવાનું પણ જણાવ્યું હતું. ભાવનગરના સહકારી અને ખેડૂત



અગ્રણી ભીખા જાજડિયાએ ભરતી અંગે તત્કાલિન સમયે હાઈકોર્ટ દ્વારા અપાયેલી માર્ગદર્શિકા અનુસારના નિયમો, વિવિધ જગ્યા માટેની જરૂરી લાયકાતના ધારેણો સાથ બેંકના ચેરમેન સહિત સબંધિત વિભાગોના ઉચ્ચ અધિકારીઓને વિગતવાર પત્ર લખી ફરિયાદ કરી હતી. જેમાં તેમણે આક્ષેપ કરતાં જણાવ્યું હતું કે, ભાવનગર ડિસ્ટ્રીક્ટ કો-ઓપરેટીવ બેંકને તેની શાખાઓ માટે ૮૦ તાલીમી ક્લાર્કની જરૂરિયાત હોવાથી અમદાવાદ સ્થિત ઓમ મેનેજમેન્ટ એન્ડ એચઆર સોલ્યુશન્સ દ્વારા ભરતી પ્રક્રિયા હાથ ધરવા માટે ગત તા. ૨૩ જાન્યુઆરીના રોજ ભરતી જાહેરાત પ્રકાશિત કરવામાં આવી હતી. જેમાં તા.૧ જાન્યુ.,૨૦૨૫ની સ્થિતિએ ૨૧થી ૩૦ વર્ષની વય ધરાવતાં ઉમેદવારો કે જે યુજીસી માન્ય ગુજરાત રાજ્યની યુનિવર્સિટીના ૫૦ ટકા સાથે માર્કસ સાથે ગ્રેજ્યુએટ હોય તેમને અરજી માટે લાયક ગણ્યા છે. જયારે, પોસ્ટ ગ્રેજ્યુએશન અને સહકારી ક્ષેત્રના અનુભવને વધારાની લાયકાત ગણી દાવેદારી માટે બેઝિક કોમ્પ્યુટર નોલેજ અને સ્કીલ હોવી જોઈએ તેવું ટાંક્યું હતું. પરંતુ, આ ભરતી જાહેરાતમાં હાઈકોર્ટના ડાયરેક્શન મુજબ બેંકમાં ભરતી અંગે નાબાર્ડ દ્વારા મિત્રા કમિટીની ગાઈડલાઈન મુજબ ગાંધીનગર સ્થિત રજિસ્ટ્રાર (સહકારી મંડળીઓ) તરફથી તા.૧૫ ફેબ્રુઆરી,૨૦૧૦થી માર્ગદર્શકા જાહેર કરી છે તે પ્રમાણે ક્લાર્કની ભરતી માટે ઉમેદવારની વય મર્યાદા ૧૮થી ૩૦ વર્ષ હોવી જોઈએ. ગ્રેજ્યુએશનમાં ૫૫ ટકા, કોમર્સ ગ્રેજ્યુએટ માટે ૫૦ ટકા અને કોમ્પ્યુટરનું જ્ઞાન જરૂરી છે. આ જોતા બેંક દ્વારા તાલીમાર્થી ક્લાર્કની ભરતી માટે ગ્રેજ્યુએશનમાં ૫૫ ટકા જરૂરી છે તો ૫૦ ટકાનું જ ધોરણ શા માટે રખાયું છે ? તેવો તેમણે આક્ષેપ કરતાં પ્રશ્ન ઉઠાવ્યો હતો. તેમણે સનસનીખેજ આક્ષેપ કર્યો હતો કે, ભાવનગર ડિસ્ટ્રીક્ટ કો-ઓપરેટીવ બેંકમાં સગાવાદ અને વ્યવહારથી ભરતી કરવામાં આવી રહી છે.

**ભરતી નિયમાનુસાર જ થઈ રહી છે, આક્ષેપો તથ્યવિહોણા : બેંક ચેરમેન**

ભાવનગર ડિસ્ટ્રીક્ટ કો-ઓપરેટીવ બેંકના ચેરમેન રસિક ભીંગરાડિયાએ જણાવ્યું હતું કે, બેંકમાં ૮૦ તાલીમાર્થી ક્લાર્કની ભરતી નિયમાનુસાર જ થઈ રહી છે. બેંક દ્વારા માર્ગદર્શિકા અનુસાર ભરતી જાહેરાત આપીને એજન્સી ફિક્સ કરવામાં આવી હતી. એજન્સી દ્વારા જ સમગ્ર ભરતી પ્રક્રિયા કરવામાં આવશે. ભરતી અંગે ખેડૂત અગ્રણી સહિતના દ્વારા જે ફરિયાદ કે આક્ષેપ કરવામાં આવ્યા છે તે સંપૂર્ણપણે તથ્ય વિહોણા હોવાનું અતમાં જણાવ્યું હતું.

### મહાપાલિકા દ્વારા દબાણકર્તાઓ પર તવાઈ યથાવત

# શહેરમાં 4 દિવસમાં લારી-ગલ્લા સહિતના 45 થી વધુ નાના દબાણ હટયા

(એજન્સી) ભાવનગર । તા. 25

ભાવનગર મહાપાલિકા દ્વારા લાંબા સમયથી લારી-ગલ્લાના દબાણ દૂર કરવાની કામગીરી યથાવત છે, જેના ભાગરૂપે ચાર દિવસમાં આશરે ૪૫થી વધુ ગેરકાયદે દબાણ દૂર કર્યા હતા અને કેટલોક સામાન જપ્ત કર્યો હતો. દબાણકર્તાઓ પર મનપાએ તવાઈ શરૂ રાખી છે તેથી દબાણકર્તાઓમાં ફફડાટ ફેલાયો છે. એસ્ટેટ વિભાગે છેલ્લા ચાર દિવસોમાં શહેરના વિવિધ વિસ્તારોમાંથી અંદાજે ૪૫ જેટલાં દબાણ હટાવ્યા હતા. જેમાં ગત મંગળવારે વોરા બજાર પરથી ૪ લારી, ૨ બેગ, ૧ ટેબલ, ૨ બોરા કપડાં અને કટલેરી, ૧ જાળી તથા ૧૨ ટાંગણી હટાવી અસ્થાયી દબાણ દૂર કર્યું હતું. તો, ટ્રાફિકને અડચણરૂપ સામન જપ્ત કર્યો હતો. જયારે પીરછલ્લા માર્કેટમાંથી ૭



લારી, ૧ જાળી, ૩ બોરા સામાન ભરેલ તથા ૪ ટાંગણી હટાવી રોડ પર પડેલાં સામાનને જપ્ત કર્યો હતો. આ ઉપરાંત વાઘાવાડી રોડ નીરૂબેન પટેલ બોડગ પાસે રસ્તા પર અડચણરૂપ મુકેલ એકવાહનને લોક માર્યું હતું.જયારે, ગત બુધવારે શહેરના ઘોઘા રોડ, ગૌશાળા પાછળ, રામદેવનગર, શેરી નં.૦૩ અને શેરી નં.૦૧. બ્લોક નાખવામાં નડતર રૂપ ૩ ઓટલા તોડી પાડયા હતા, એક પતરાની દિવાલ અને એક તાર ફેન્સીગ હટાવી હતી.ઉપરાંત, ઘોઘા રોડ મોખડાજી સર્કલથી ગૌશાળા સુધી તડબૂચ વેચાણના મંજૂરી વગરના માંડવાએથી ૩ કાંટા, ૨ છત્રી જપ્ત કરી હતી અને પાનવાડી વિસ્તાર રસ્તા પરનું બનાવવામાં આવેલ ગેરકાયદેસર ૦૨ બાથરૂમ અને ૦૧ શેડ હટાવ્યા હતાં.

## મીઠીરોહર

# વેર હાઉસનાં ગોદામમાંથી ચોખાની બોરીઓ ચોરનાર ચાર ઝડપાયા



(એજન્સી) ગાંધીધામ । તા. 25

ગાંધીધામનાં મીઠીરોહર સીમમાં આવેલા વેર હાઉસનાં ગોદામમાં કોઈ અજાણ્યા શખ્સો ગોદામનું શટર તોડી તેમાં રાખેલી ૫૨ હજાર કિંમતની ચોખાની કુલ ૨૬ બોરીઓ ચોરી કરનાર ચાર શખ્સોને ગણતરીનાં કલાકોમાં મીઠીરોહરની સીમમાંથી કુલ ૧.૨૭ લાખનાં મુદ્દામાલ સાથે ઝડપી લીધા હતા. પ્રાપ્ત માહિતી અનુસાર ગાંધીધામનાં મીઠીરોહરમાં ખાતે આવેલા મહાલક્ષ્મી વેર હાઉસ એન્ડ એલાઈડ ઈન્ડસ્ટરીઝ નામના ગોદામમાં કોઈ અજાણ્યા શખ્સો ગોદામનું શટર તોડી ગોદામમાં રાખેલા ૫૦ કી. ગ્રામ વજન વાળી ચોખાની કુલ ૨૬ બોરીઓ જેની કુલ કિંમત રૂ. ૫૨,૦૦૦ નો મુદ્દામાલ ચોરી કરી લઈ ગયા હતા. જેની ફરિયાદ ગાંધીધામ બી ડિવિઝન પોલીસ મથકે નોંધાઈ હતી. જે બનાવમાં ગાંધીધામ બી ડિવિઝન પોલીસે ગણતરીનાં કલાકોમાં ચોખાની બોરીઓ ચોરી કરનાર ૨૫ વર્ષીય સિકંદર રમજુ સોઢા (રહે. ખારીરોહર ગાંધીધામ), ૨૧ વર્ષીય શોયબ ઉર્ફે શબીર ઈલિયાસભાઈ કકલ, ૧૯ વર્ષીય સાહીલ ઉર્ફે કટપ્પા અબ્બાસ સોઢા અને ૨૭ વર્ષીય અબ્દુલ ઉર્ફે ગુરખો આમદ સોઢા (રહે. ત્રણેય મીઠીરોહર ગાંધીધામ)ને મીઠીરોહરની સીમમાં મીટ ઈન્ડિયા કંપનીનાં પાછળ બાવળોની ઝાડીમાંથી ચોરી કરેલી ચોખાની ૫૦ કિલ્લોની ૨૬ બોરીઓ જેની કુલ કિંમત રૂ.૫૨,૦૦૦નાં મુદ્દામાલ સાથે ઝડપી પાડયા હતા. જેમાં પોલીસે તમામ ચારેય આરોપી પાસે ચોખાની બોરીઓ સાથે બે બાઈક સહીત કુલ રૂ. ૧,૨૭,૦૦૦નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

### દારૂના દુષણ અનેક પરિવારોને વિખી નાખ્યા

# નખત્રાણા દૂધના ફેરિયાઓની જેમ બાઈક પર દારૂનું ધૂમ વેચાણ

(એજન્સી) નખત્રાણા । તા. 25

શહેર અને આસપાસના વિસ્તારોમાં દુધની ફેરીની જેમ બાઈક પર દારૂનું જાહેરમાં ધૂમ વેચાણ થઈ રહ્યું છે. તેમજ શહેરમાં ઠેકઠેકાણે દારૂના પોઈન્ટો ધમધમી રહ્યા છે. દુષણને નેશ નાબુત કરવાના બણગા ફૂકતી પોલીસની મીઠી નજર તળે અસામાજિક તત્વો ફુલ્યાફાલ્યા છે. ત્યારે આ દારૂના અતિરેકથી ત્રાસેલા ગ્રામજનો હવે આ અંગે ઉચ્ચ અધિકારીથી લઈ ગૃહવિભાગ સમક્ષ રજુઆત કરશે.આમ જાહેરમાં ઈંગ્લિશ, દેશી દારૂનો વેપલો કરતા બુટલેગરો પોલીસનો કોઈ પણ ખોફ રહ્યો નથી પોલીસ દ્વારા કોઈ નકર કાર્યવાહી કરવામાં ન આવતી હોવાથી નખત્રાણા શહેર અને તાલુકામાં



દારૂના દુષણને કારણે અનેક બહેનો વિધવા થઈ છે. અને બાળકોએ પિતાની છત્રછાયા ગુમાવી દીધી છે. આ દારૂના દુષણ અનેક પરિવારોને વિખી નાખ્યા છે. નખત્રાણા તાલુકામાં છેલ્લા કેટલાક સમયથી ઈગ્લીસ દેશી દારૂના બુટલેગરો ખુએલ્લમ દુધની માફક ફેરી કરી શેરી અને ગલીઓમાં બાઈકથી દારૂનું વેચાણ કરી રહ્યા છે.

### જાનથી મારી નાખવાની ધમકી આપી દુષ્કર્મ

# મજૂરી અપાવવાની લાલચ આપી પાલિતાણા પંથકની સગીરા સાથે દુષ્કર્મ

(એજન્સી) પાલિતાણા । તા. 25

પાલિતાણા પંથકની સગીરાને મજુરી અપાવવાની લાલચ આપી ભાવનગર બોલાવ્યા બાદ તેણીને તેના ઘરે પરત મુકવા જતી વખતે જાનથી મારી નાખવાની ધમકી આપી દુષ્કર્મ આચરનારા ભાવનગરના શખ્સ અને તેને મદદગારી કરનારા શખ્સ સામે પાલિતાણા ગ્રામ્ય પોલીસ મથકમાં ફરિયાદ નોંધાતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે. બનાવની વિગત એવી છે કે, ભાવનગર જિલ્લાના પાલિતાણા પંથકની ૧૬ વર્ષ ૧ માસની ઉંમરની સગીરાને દિનેશ પરમાર (રહે. ભાવનગર) નામના શખ્સે ગત ૧૮ના રોજ મજુરી આપાવવાની લાલચ આપી શહેરના પ્રવેશદ્વાર એવા નારી ચોકડી ખાતે બોલાવી હતી જો કે, બાદમાં એક



દિવસ બાદ મજૂરી કામ અપવવાનું વચન આપી તેનો મિત્ર મનીષ રિક્ષામાં પાલિતાણા મુકી જશે તેવી હૈયાધારણાં આપતાં સગીરા મનીષ ગુલાબભાઈ પરમાર સાથે ગઈ હતી અને મનીષ તેને રિક્ષામાં પાલિતાણા મુકવા ગયો હતો. જો કે, ભાવનગરથી પાલિતાણા જતાં હાઈ-વે પર વચ્ચે આવતાં ઘોડાઢાળ નજીક રાત્રિના ૧૦ કલાકના અરસામા મનીષે પોતાની રિક્ષા અટકાવી હતી અને સગીરાને ખુલ્લી જગ્યામાં લઈ જઈ જાનથી મારી નાખવાની ધમકી આપીતેના પર દુષ્કર્મ આચર્યું હતું.

### લાકડા કાઢી રહ્યાં હતા ત્યારનો બનાવ

# વરતેજ સ્મશાનમાં ઝેરી મધમાખીઓના ઝુંડે 30 ડાઘુંને ડંખ દેતાં દોડધામ મચી

(એજન્સી) વરતેજ । તા. 25

વરતેજના સ્મશાનમાં બનેલાં એક અજીબો ગરીબ બનાવમાં મૃતદેહના અંતિમ સંસ્કાર માટે લાકડા કાઢવા જતાં ત્યાં બેસેલી ઝેરી મધમાખીઓએ ૩૦ જેટલાં ડાઘુંઓને ડંખ દેતા દોડધામ મચી હતી, તમામ ઈજાગ્રસ્તોને સારવાર માટે વરતેજ સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે ખસેડવામાં આવ્યા હતા. જોકે સદ્નસીબે આ બનાવમાં કોઈ જાનહાનિ થઈ ન હતી. જો કે, બનાવે સ્થાનિ કક્ષાએ ભારે ચર્ચા જગાવી હતી.

બનાવની પ્રાથમિક વિગત એવી છે કે, મુળ ફરિયાદકા ગામના વતની અને હાલમાં વરતેજના ગૌતમબુધ્ધનગરમાં રહેતા દેવશીભાઈ બોરીચાના પત્ની પાલુબેનનું અવસાન થયું હતું. જેમની વરતેજમાં આવેલાં અનુ. જાતિના સ્મશાનમાં કરવાની હોવાથી સવારના ૧૦ કલાકના સુમારે અંતિમયાત્રા સ્મશાને પહોંચી હતી. જ્યાં મૃતદેહના અંતિમ સંસ્કાર પૂર્વે મૃતકના પરિવારજનો તથા સંબંધીઓ દ્વારા અગ્નિદાહ માટે સ્મશાનગૃહમાં પડેલાં લાકડાં બહાર કાઢી રહ્યા હતા. ત્યારે, તેની વચ્ચે રહેલો ઝેરી મધમાખીનો મધપૂડો છંછેડાયો હતો અને ઝેરી મધમાખીના ઝુંડે લાકડાં ખસેડવાથી લઈ અંતિમ યાત્રામાં આવેલા ડાઘુંઓને નિશાન બનાવી હુમલો કર્યો હતો. જેના કારણે થોડા સમય માટે સ્મશાનગૃહમાં દોડધામ મચી ગઈ હતી. જયારે, આ બનાવમાં ઝેરી મધમાખીઓએ અંદાજે ૩૦ ડાઘુંઓને ડંખ દેતાં તમામને સારવાર અર્થે વરતેજ સામુહિક આરોગ્ય કેન્દ્રખસેડવામાં આવ્યા હતા.

# માધાપરમાં અગાઉના ઝઘડાનું મનદુખ રાખી સુમરાસરના ખેડૂત પર છ શખ્સોએ હુમલો કર્યો

(એજન્સી) ભુજ । તા. 25


માધાપરથી પુરાસર ગામ તરફ જતા કાચા રોડ પર અગાઉના ઝગડાનું મનદુથખ રાખીને થાર ગાડીમાં આવેલા છ શખ્સોએ સુમરાસરના ખેડૂત પર ધારિયા, લોખંડના પાઈપથી હુમલો કરીને ગંભીર ઈજા પહોંચાડી હતી. તેમજ ડસ્ટર કારના આગળ અને પાછળના કારમાં તોડફોડ કરી હતી. માધાપર પોલીસે આરોપીઓ સામે રાયોટીંગની કલમ તળે ગુનો નોંધી ઝડપી લેવા તપાસ તેજ કરી છે. મુળ જલંદર પંજાબના હાલ સુમરાસર સેખવાડી અમીબાગ વાડી વિસ્તારમાં રહેતા ખેડૂત કારજસિંગ કુલબીસિંગ ધિલ્લોન (ઉ.વ.૨૩)એ માધાપર રહેતા કરમતેજસિંગ ઉર્ફે રાજુ દર્શનસિંગ, દર્શનસિંગ હરવિન્દરસિંગ તેમજ અન્ય ત્રણ અજાણ્યા શખ્સો સામે ફરિયાદ નોંધાવી હતી. બનાવ સોમવારે સાંજના સાડા છ વાગ્યાના અરસામાં બન્યો હતો. ફરિયાદી તેમના માધાપર રહેતા મિત્ર નામદારસિંગ લખતારસિંગને મળવા પોતાની ડસ્ટર કારથી આવ્યા હતા. બન્ને જણાઓ વાયની દોહાઈ કરવા માટે માધાપરથી પુરાસર તરફ જતા કાચા રોડ પર જઈ રહ્યા હતા. ત્યારે આરોપીઓ થાર ગાડીમાં આવીને ફરિયાદીને કહ્યું હતું કે, તુ માધાપર કેમ આવ્યો છો કહીને ધારિયા અને લોખંડના પાઈપથી માર મારીને ફરિયાદીની કારના આગડ અને પાછળના કાચમાં તોડફોડ કરી હતી. માધાપર પોલીસે આરોપીઓ સામે ગુનો નોંધીને આગળની તપાસ હાથ ધરી છે.

# ભુજની બેન્કોમાં આવતી 8.37 લાખની ખોટી કરન્સી નોટોની ઉચાપત થતા પોલીસ ફરિયાદ


(એજન્સી) ભુજ । તા. 25

કચ્છ જિલ્લાની બેન્ક ઓફ બરોડાની અલગ અલગ ચાર બ્રાન્ચ સહિત તેમજ અન્ય ચારથી પાંચ બેન્કોમાં આવતી નોન ઈસ્યુએબલ ૮,૩૬,૯૨૦ની કરન્સી નોટો ઉચાપત કરનારા ભુજ બેન્ક ઓફ બરોડાના બે કર્મચારી સહિત ચાર લોકો સામે બી ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવાઈ છે. માધાપર રહેતા અને ભુજ બેન્ક ઓફ બરોડાની મેઈન બ્રાન્ચમાં મેનેજર તરીકે નોકરી કરતા જયદીપ ક્ષેમેન્દ્રકુમાર શર્માની ફરિયાદને ટાંકીને પોલીસે જણાવ્યું હતું કે, બનાવ ગત ૨ ઓગસ્ટથી ૫ ડીસેમ્બર ૨૦૨૪ દરમિયાન ભુજના સ્ટેશન રોડ પર બેન્ક ઓફ બરોડાની મેઈન બ્રાન્ચના કરન્સી ચેસ્ટ ખાતે બન્યો હતો. બેન્કમાં કચ્છ જિલ્લાની વિવિધ ૪૩ બ્રાન્ચ તેમજ અલગ અલગ ચારથી પાંચ બેન્કોમાંથી આવેલી સોર્ટીંગ કરી સીઝ કર્યા પછી રીજર્વ બેન્કમાં મોકલી આપવાની હોઈ બેન્કમાં વર્ક લોડ વધુ હોવાથી બેન્કમાં કામ કરતા અશોકકુમાર અને સચીન મીરાણી તેમજ સીઝ કેસ સવસિસ કંપનીના કર્મચાર રાહુલ રાઠોડ અને સાવન ડાવર સહિતના ચાર લોકોએ કરન્સી નોટોના બન્ડલ બનાવીને રીઝર્વ બેન્કમાં મોકલી આપ્યા હતા. તપાસ દરમિયાન કરન્સી નોટોના બન્ડલમાં નોન ઈસ્યુએબલ ૫૦૦ના દરની ૧,૨૨૩, તથા ચેસ્ટ કરન્સી ખાતે પડેલી ૫૦૦ના દરની ૪૨૭ નોટો, દસના દરની ૭૪ નોટો ૨૦ના દરની ૩૪ નોટો એમ કુલે રૂપિયા ૮,૩૬,૯૨૦ની નોન ઈસ્યુએબલ નોટની જમા ન કરાવી હોવાનું સામે આવતાં ભુજ બી ડિવિઝન પોલીસ મથકે આરોપીઓ સામે ઉચાપત કર્યા અંગે ફરિયાદ નોંધાવાઈ છે.


## આપનો આજનો દિવસ




**મેષ (અ,લ,ઇ)**
તમારા ઉત્સાહને વધારવા માટે તમારા મગજમાં ઉજ્જવળ તથા ગરિમાયુક્ત ચિત્ર ઊભું કરો. તમે જો અન્યોના શબ્દો પર ધ્યાન આપીને રોકાણ કરશો તો આજે આર્થિક નુકસાનની શક્યતા જોવાય છે.




**વૃષભ (બ,વ,ઉ)**
એવો દિવસ જ્યારે આરામ મહત્વનો રહેશે- કેમ કે તમે હાલમાં જ ઘણા માનસિક પરિતાપનો સામનો કર્યો છે- આનંદ-પ્રમોદ અને મનોરંજન તમને હળવા થવામાં મદદ કરશે.




**મિથુન (ક,છ,ઘ)**
આજનો દિવસ તમારી માટે બહુ ઊર્જાવાળો નથી અને તમે નાની-નાની બાબતોમાં ચીડાઈ જશો. કમિશન,ડિવિડન્ડ અથવા રૉયલ્ટીઝમાંથી તમે લાભ મેળવશો. મિત્રો અને અપિચિતોથી એકસરખા ચેતતા રહેજો.




**કર્ક (ડ,હ)**
મિત્ર તરફથી પ્રસંશાના ખાસ શબ્દો તમારી ખુશીનું સબબ બનશે. આવું થવાનું કારણ એ કે તમે તમારા જીવનને વૃક્ષ જેવું બનાવ્યું છે-જે અન્યોને છાંયડો આપે છે અને પોતે તડકામાં ઊભા રહી સૂરજનો તાપ સહે છે.




**સિંહ (મ,ટ)**
તમારે તમારી હોશિયારીની કુનેહ તથા મુત્સદ્દીપણાનો ઉપયોગ તમારા મગજને પજવી રહેલી સમસ્યાઓ ઉકેલવા માટે કરવાની જરૂર છે. આજે કોઈ ની મદદ વગર તમે પોતે ધન કમાવા માં સક્ષમ હશો.




**કન્યા (પ,ઠ,ણ)**
આજે તમે ઊર્જાથી તરબતર હશો અને તમે કશુંક અસાધારણ કરશો. ઉતાવળા નિર્ણય લેતા નહીં- ખાસ કરીને ત્યારે તમે મહત્વના આર્થિક સોદા પાર પાડવાના હો. સંબંધો સાથે જોડાણો અને બંધનો તાજાં કરવાનો દિવસ.




**તુલા (ર,ત)**
મુશ્કેલીમાં હોય એવી કોઈ વ્યક્તિની મદદ કરવા તમારી ઊર્જાનો ઉપયોગ કરો. યાદ રાખો- આ નાશવંત શરીરનો શો ઉપયોગ જો તેનો તે અન્યોના ભલા માટે ન વાપરીએ. સટ્ટાકીય પ્રવૃત્તિઓ નફો લાવશે.




**વૃશ્ચિક (ન,ય)**
સ્વાસ્થ્યની દૃષ્ટિએ સારો દિવસ. તમારી ખુશખુશાલ મનઃસ્થિતિ તમને ઈચ્છિત ટૉનિક આપશે તથા તમને આત્મવિશ્વાસથી સભર રાખશે. ધન ની આવશ્યકતા ક્યારેક પણ પડી શકે છે તેથી જેટલું શક્ય હોય પોતાના પૈસા ની બચત કરવાનું વિચાર બનાવો.




**ધન (ભ,ધ,ફ)**
તમે ઘણા લાંબા સમયથી અનુભવી રહ્યા છો એ જીવનના ટૅન્શન તથા તણાવમાંથી તમને રાહત મળશે. ટૅન્શન તણાવને કાયમી ધોરણે દૂર રાખવા માટે તમારી જીવનશૈલીમાં ફેરફાર કરવાનો સમય આવી ગયો છે.



**મકર (ખ,જ)**
સંઘર્ષ ટાળો કેમ કે એનાથી તમારી બીમારી ઓર વકરી શકે છે. જે લોકો લઘુ ઉદ્યોગ કરે છે તે લોકો ને આજે પોતાના કોઈ નજીકી દ્વારા સલાહ મળી શકે છે જેના દ્વારા તેમને આર્થિક લાભ થવા ની શક્યતા છે.



**કુંભ (ગ,શ,સ)**
અનયોની ટીકા કરવામાં તમારો સમય વેડફશો નહીં, કેમ કે તેની અસર તમારા સ્વાસ્થ્ય પર પડી શકે છે. નાણાપ્રવાહમાં વધારો મહત્વની ચીજોની ખરીદી તમારી માટે આસાન બનાવશે. તાણભર્યો સમય પ્રર્વતશે પણ પરિવારનો સહકાર તમને મદદ કરશે.



**મીન (દ,ચ,ઝ,થ)**
તમે પરિસ્થિતિની કમાન સંભાળશો એટલે તમારી બેચેની દૂર થઈ જશે.તમને એ સમજાવાની શક્યતા છે કે બધું સાબુના પરપોટા જેવું ક્ષણભંગુર છે જ હિંમત સાથેના પ્રથમ સંપર્કથી જ ગાયબ થઈ જાય છે. તમે જો લાંબા-ગાળા માટે રોકાણ કરશો તો તમને નોંધપાત્ર લાભ મળશે.

# હોંડા કાર્સ ઈન્ડિયાએ બોલ્ડ અને સ્ટાઈલિશ હોંડા એલીવેટનું 1 લાખનું એકત્રિત વેચાણનું માઈલસ્ટોન પાર કર્યું

(એજન્સી) નવી દિલ્હી । તા. 25

ભારતમાં અગ્રણી પ્રીમિયમ કાર ઉત્પાદક હોંડા કાર્સ ઈન્ડિયા લિ. (એચસીઆઈએલ) દ્વારા ઘરઆંગણે તેમ જ આંતરરાષ્ટ્રીય બજારમાં સફળતાને પગલે તેની વૈશ્વિક એસયુવી મોડેલ હોંડા એલીવેટનું 1 લાખનું એકત્રિત વેચાણનું માઈલસ્ટોન પાર કર્યું છે. એલીવેટ તાપુકારા, રાજસ્થાનમાં એચસીઆઈએલના ઉત્પાદન એકમ ખાતે હાલમાં ખાસ મેડ ઈન ઈન્ડિયા છે. કંપનીએ ભારતમાં 53,326 યુનિટ્સનું એકત્રિત વેચાણ કર્યું છે અને જાપાન, સાઉથ આફ્રિકા, નેપાળ અને ભૂતાન સહિત દેશોમાં જાન્યુઆરી 2025 સુધી 47,653 યુનિટ્સની નિકાલ કરી છે. એલીવેટ સપ્ટેમ્બર 2023માં ભારતમાં સૌપ્રથમ રજૂ કરવામાં આવી હતી અને તુરંત એચસીઆઈએલ માટે મજબૂત વેપારનો પાયો બની હતી. નવી ઓફરે કાર ઓફ ધ યર, વ્યુઅર્સ




ચોઈસ કાર ઓફ ધ યર, એસયુવી ઓફ ધ યર વગેરે જેવા અગ્રણી મિડિયા ગૃહો પાસેથી સન્માન સહિત ૨૦ પ્રતિષ્ઠિત ઓટોમોબાઈલ ઈન્ડસ્ટ્રી એવોર્ડસ જીતીને સ્પર્ધાત્મક ઘરેલુ એસયુવી બજારમાં પોતાના સફળતાથી સ્થાપિત કરી હતી. કાર તેના મજબૂત ગ્રાહક મૂળ સાથે ઉત્તમ સુમેળ સાધ્યો છે અને તેમની પાસેથી ઉચ્ચ સ્તરની ભલામણ માણે છે. આ સિદ્ધિ વિશે બોલતાં હોંડા કાર્સ ઈન્ડિયા લિ.ના માર્કેટિંગ અને સેલ્સના વાઈસ પ્રેસિડેન્ટ શ્રી કુનાલ બહલે જણાવ્યું હતું કે, 'એલીવેટ માટે 1 લાખ એકત્રિત વેચાણનું માઈલસ્ટોન અમારા બધાને માટે ગૌરવનો અવસર છે, જેણે ભારતની ડોમેસ્ટિક એસયુવી બજારમાં હોંડાની હાજરી મજબૂત બનાવી છે અને ભારતમાંથી મજબૂત નિકાસ વેપાર પણ નોંધાવ્યો છે. મોડેલ તેના વૈશ્વિક પદાર્પણથી જ તેના બોલ્ડ સ્ટાઈલિંગ, કમ્ફર્ટેબલ ઈન-કેબિન અનુભવ, ઉત્તમ ફન ટુ ડ્રાઈવ ડાયનેમિક્સ અને એડવાન્સ્ડ સેફ્ટી પેકેજ માટે વિવિધ વયજૂથમાં ઉચ્ચ સરાહના અને સ્વીકાર પામી છે. એલીવેટના જાપાનમાં નિકાસને પ્રમાણે તેની વૈશ્વિક પહોંચ વિસ્તારવા સાથે આપણી ભારતીય ઉત્પાદન શક્તિ અને વૈશ્વિક સ્પર્ધાત્કતા પર પણ ભાર આપ્યો છે. અમે બ્રાન્ડ માટે પ્રેમ અને વિશ્વાસ બતાવનારા અને તેમની વિશ્વસનીય ભાગીદાર તરીકે એલીવેટની પસંદગી કરનારા વિવિધ બજારના અમારા ગ્રાહકોનો પણ આભાર માનવા માગીએ છીએ." અર્બન ફ્રીસ્ટાઈલરની ભવ્ય સંકલ્પના પર વિકસિત એલીવેટનું લક્ષ્ય સક્રિય જીવનશૈલી અને વૈશ્વિક વિચારધારા ધરાવતા ગ્રાહકોને આકર્ષવાનું છે અને અદભુત દેકાવ, અતુલનીય બહુમુખિતા, આરામદાયક અને ફન-ટુ-ડ્રાઈવ એસયુવી નિર્માણ કરવા ફંકશનાલિટી સાથે અત્યાધુનિક એસ્થેટિક્સને સંમિશ્રિત કરે છે.

# ટાટા એઆઈએ લાઈફે મલ્ટીકેપ મોમેન્ટમ ક્વોલિટી ઈન્ડેક્સ પેન્શન ફંડ રજૂ કર્યું

## તમારી નિવૃત્તિની સંપત્તિ વધારવા માટેનો વધુ સ્માર્ટ ઉપાય

(એજન્સી) મુંબઈ । તા. 25

નિવૃત્તિનું આયોજન એ કેવળ સારી રીતે બચત કરવી જ નથી, તે નવી પેઢીની આકાંક્ષાઓને ટકાવવા માટે સમજદારીપૂર્વક રોકાણ કરવા વિશે છે. હાલના સમયના નિવૃત્તિ વાંચ્છુકો નાણાંકીય સ્વતંત્રતાની નવેસરથી વ્યાખ્યા કરી રહ્યા છે. તેઓ એવા સોલ્યુશન્સ ઈચ્છે છે જે તેમની બદલાતી જીવનશૈલી, કારકિર્દીની મહત્વાકાંક્ષાઓ અને લાંબા ગાળે સંપત્તિ ધ્યેયો સાથે મેળ ખાય. ભલે તે FIRE (Financial Independence, Retire Early) ઊભી કરવા વિશે હોય, કારકિર્દી બદલી રહેલા પ્રોફેશનલ્સ હોય કે પછી પોતાના સાહસો ઊભા કરી રહેલા ઉદ્યોગસાહસિકો હોય, તેમને રોકાણના એવા સાધનો જોઈએ છે જે સંપત્તિ સર્જન માટે નાણાંકીય સુરક્ષા અને તકો પૂરી પાડે. નાણાંકીય જાગૃતતા વધી રહી છે અને ડિજિટલ પહોંચ રોકાણને સરળ બનાવી રહી છે ત્યારે નવીનતમ, ફ્લેક્સિબલ અને વૃદ્ધિ-લક્ષી રિટાયર્મેન્ટ સોલ્યુશન્સન માટેની માંગ વધી રહી છે. પરંપરાગત બચત સાધનો સુરક્ષિત છે પરંતુ આધુનિક રોકાણકારોની ગતિશીલ જરૂરિયાતોને પહોંચવામાં ઊણા ઉતરે છે. અહીં જ ટાટા એઆઈએ લાઈફ ઈન્શ્યોરન્સ કંપની લિમિટેડ (ટાટા એઆઈએ)ના લેટેસ્ટ એનએફઓ મલ્ટીકેપ મોમેન્ટમ ક્વોલિટી ઈન્ડેક્સ પેન્શન ફંડ જેવા આગામી પેઢીની ફાઈનાન્શિયલ પ્રોડક્ટ્સ તેની વિશિષ્ટતાઓ રજૂ કરે છે. વ્યક્તિઓને તેમના નાણાંકીય ભવિષ્યનું નિયંત્રણ તેમની પાસે રહે તથા મજબૂત નિવૃત્તિ ભંડોળ ઊભું કરવામાં મદદ કરે તેવા વધુ સ્માર્ટ, માર્કેટ-લિંક્ડ સોલ્યુશન્સથી સજ્જ કરવા માટે આ ફંડ બનાવવામાં આવ્યું છે.

## કેન્દ્ર ટૂંક સમયમાં કરશે મોટી જાહેરાતઃ રિપોર્ટ

# ખાદ્ય તેલના ભાવમાં ફેરફાર થવાની શક્યતા



(એજન્સી) નવી દિલ્હી | કેન્દ્ર સરકાર ટૂંકસમયમાં જ ખાદ્ય તેલો પર આયાત ડ્યૂટી વધારવા જઈ રહી છે. સ્થાનિક ખેડૂતો અને એડિબલ ઓઈલ મેકર્સને ટેકો આપવાના ઉદ્દેશ સાથે કેન્દ્ર સરકાર છ મહિનાથી પણ ઓછા સમયમાં બીજી વખત આયાત ડ્યૂટીમાં વધારો કરશે. ખાદ્ય તેલો પર આયાત ડ્યૂટીમાં વધારો થતાં સોયાબિન ઓઈલ, સરસવ તેલ, અને પામોલિન ઓઈલની કિંમતોમાં વધારો થવાની ભીતિ વધી છે. કેન્દ્ર સરકાર ખાદ્ય તેલો પરની અન્ય દેશો પર નિર્ભરતા ઘટાડવા ડ્યૂટીમાં વધારો કરી રહી છે. પરંતુ તેના કારણે સ્થાનિક માગને પહોંચી વળવા સ્થાનિક વેપારીઓ અને ઉત્પાદકો ભાવમાં વધારો કરી શકે છે.

**ઈન્ડસ્ટ્રીને થશે ફાયદો |** ખાદ્ય તેલોની નીચા દરે આયાતથી સ્થાનિક ખેડૂતોને મોટુ નુકસાન થઈ રહ્યું છે. જેને ધ્યાનમાં લેતાં સરકારે બીજી વખત આયાત ડ્યૂટીમાં વધારો કરવા નિર્ણય લીધો છે. અગાઉ સપ્ટેમ્બર, 2024માં આયાત ડ્યૂટી 20 ટકા વધારી હતી. આયાત ડ્યૂટીમાં વધારો થતાં ખેડૂતો અને સ્થાનિક ઈન્ડસ્ટ્રીને લાભ થશે. તેમજ સોયાબીન અને સરસવ ઓઈલની નિકાસને વેગ મળશે.

**કુલ જરૂરિયાતના 60 ટકા ખાદ્ય તેલની આયાત |** અગાઉ ખાદ્ય તેલો પર ડ્યૂટી વધારવામાં આવતાં સોયાબીનમાં તેજી આી હતી. રિફાઈન્ડ ઓઈલની ડ્યૂટી ઘટાડવા તેમજ પામોલિન ઓઈલની ડ્યૂટીમાં વધારો કરવાની માગ ઈન્ડસ્ટ્રીએ કરી છે. ભારત પોતાની કુલ જરૂરિયાતના 60 ટકા ખાદ્ય તેલ આયાત કરે છે. ડ્યૂટીમાં વધારો થતાં સ્થાનિક ખેડૂતોના વેચાણને વેગ મળશે. તેમજ ઓઈલ મેકર્સ પણ સ્થાનિક સ્તરે ઉત્પાદન વધારી નિકાસને વેગ આપી શકશે.

**ગ્રાહકોને કોઈ લાભ નહીં? |** કેન્દ્ર સરકાર દ્વારા સપ્ટેમ્બર, 2024માં ખાદ્ય તેલો પર આયાત ડ્યૂટી વધારવામાં આવ્યા બાદ સ્થાનિક સ્તરે ખાદ્ય તેલના ભાવ ઘટવાની શક્યતા હતી. પરંતુ વેપારીઓ અને ઉત્પાદકોએ તેનો કોઈ લાભ ગ્રાહકોને આપ્યો ન હતો. આ વખતે ફરી એકવાર આયાત ડ્યૂટીમાં ઘટાડો થાય તો શું ગ્રાહકો સુધી આ લાભ પહોંચાડવામાં આવશે કે કેમ તે એક સવાલ છે.

# સેન્સેક્સ 200 પોઈન્ટ વધીને 74,650 પર : નિફ્ટીમાં 100 પોઈન્ટનો ઉછાળો

(એજન્સી) મુંબઈ । તા. 25

આજે મંગળવાર (25 ફેબ્રુઆરી) અઠવાડિયાના બીજા ટ્રેડિંગ દિવસે સેન્સેક્સ લગભગ 200 પોઈન્ટના વધારા સાથે 74,650ના સ્તરે ટ્રેડ કરી રહ્યો છે. નિફ્ટી પણ લગભગ 50 પોઈન્ટ ઉપર છે, તે 22,600ના સ્તરે ટ્રેડ કરી રહ્યો છે. સેન્સેક્સના 30 શેરોમાંથી 19 શેરો ઉપર અને 11 શેરો નીચે છે. નિફ્ટીના 50 શેરોમાંથી 19 ઉપર અને 31 નીચે છે. NSE સેક્ટોરલ ઈન્ડેક્સમાં IT સેક્ટર નીચે છે અને ઓટો સેક્ટર ઉપર છે. એશિયન બજારોમાં જાપાનનો નિક્કી 1.11% અને કોરિયાનો કોસ્પી 0.37%, હોંગકોંગનો હેંગસેંગ 0.65% અને ચીનનો શાંઘાઈ કમ્પોઝિટ ઈન્ડેક્સ 0.13% ઘટ્યો છે. 24 ફેબ્રુઆરીએ વિદેશી રોકાણકારો (FII)એ 6,286.70 કરોડ રૂપિયાના શેર વેચ્યા હતા. આ સમયગાળા દરમિયાન સ્થાનિક રોકાણકારો (DII)એ 5,185.65 કરોડ રૂપિયાના શેર ખરીદ્યા. 24 ફેબ્રુઆરીએ અમેરિકાનો ડાઉ જોન્સ 0.076%ના વધારા સાથે 43,461 પર બંધ થયો. જ્યારે S&P 500 ઈન્ડેક્સ 0.50% ઘટીને 5,983 પર બંધ થયો અને Nasdaq 1.21% ઘટીને 19,286 પર બંધ થયો. અઠવાડિયાના પહેલા ટ્રેડિંગ દિવસે એટલે કે સોમવાર (24 ફેબ્રુઆરી) ના રોજ, સેન્સેક્સ 856 પોઈન્ટના ઘટાડા સાથે 74,454 પર બંધ થયો હતો. નિફ્ટી પણ 242 પોઈન્ટ ઘટીને 22,553 પર બંધ થયો હતો.

# મંદીની આહટ: દૈનિક રોકડ ટર્નઓવર ઘટી રૂપિયા 1 લાખ કરોડની અંદર

(એજન્સી) નવી દિલ્હી તા 25

વૈશ્વિક અનિશ્ચિતતાને કારણે ભારતીય શેરબજારમાં ભારે વોલેટિલિટીને પરિણામે વેપાર પ્રવૃત્તિઓ પર અસર પડતા વર્તમાન મહિનામાં કેશ તથા ડેરિવેટિવ સેગમેન્ટ બન્નેમાં સરેરાશ દૈનિક ટર્નઓવર નોંધપાત્ર ઘટી ગયો છે. બીએસઈ તથા એનએસઈના ડેટા પ્રમાણે, બન્ને એક્સચેન્જો પર કેશમાં સરેરાશ દૈનિક ટર્નઓવર વર્તમાન મહિનામાં ઘટી રૂપિયા એક લાખ કરોડની અંદર સરકી ગયું છે, જે નવેમ્બર, ૨૦૨૩ બાદ પહેલી વખત જોવા મળ્યું છે. એટલુ જ નહીં ફેબુરઆરીમાં સતત આઠમા મહિને ટર્નઓવરમાં માસિક ધોરણે ઘટાડો જોવા મળ્યો છે. જાન્યુઆરીમાં આ આંક રૂપિયા ૧.૧૦ લાખ કરોડ રહ્યો હતો. ફ્યુચર્સ એન્ડ ઓપ્શન્સમાં સરેરાશ ટર્નઓવર ઘટી રૂપિયા ૧૮૫.૩૯ લાખ કરોડ સાથે ડિસેમ્બર, ૨૦૨૨ બાદ એટલે કે બે વર્ષની નીચી સપાટીએ જોવા મળ્યું છે. જાન્યુઆરીમાં આ આંક રૂપિયા ૨૯૮ ટ્રિલિયન અને ડિસેમ્બર ૨૦૨૪માં રૂપિયા ૨૮૦ ટ્રિલિયન રહ્યો હતો. ડિસેમ્બરથી સેબીએ એક્સચેન્જ દીઠ એક વીકલી એક્સપાઈરી અને ઊંચા એક્સ્ટ્રીમ લોસ માર્જિનનું ધોરણ લાગુ કર્યું છે. આ ઉપરાંત ૧લી એપ્રિલથી પોઝિશન્સની ઈન્ટ્રાડે દેખરેખનો નિયમ પણ લાગુ થઈ રહ્યો છે, આને કારણે પણ વેપાર વોલ્યુમમાં વધુ ઘટાડો જોવા મળવા સંભવ છે. ગયા વર્ષના ઓક્ટોબર બાદ બેન્ચમાર્ક ઈન્ડાઈસિસ ઉપરાંત મિડકેપ, સ્મોલકેપ તથા સેકટરલ ઈન્ડેકસમાં જોરદાર ધોવાણ થઈ રહ્યું છે જેને કારણે રોકાણકારોનું માનસ ખરડાયું છે. ફેબુરઆરીમાં અત્યારસુધીમાં સેન્સેકસ તથા નિફટીમાં ત્રણ ટકા જ્યારે બીએસઈ મિડકેપ ૬ ટકા અને સ્મોલકેપ્સ ઈન્ડેકસ આઠ ટકા જેટલા ઘટી ગયા છે. ભૌગોલિકરાજકીય તાણને કારણે પણ રોકાણકારો જોખમ લેવાનું ટાળી રહ્યા છે એટલું જ નહીં બેન્કો દ્વારા થાપણ દરોમાં તાજેતરમાં કરાયેલા વધારાથી રોકાણકારો મુદતી થાપણ તરફ વળી રહ્યાનું પણ જોવા મળી રહ્યું હોવાનું એક વિશ્લેષકે જણાવ્યું હતું. શેરબજારની વોલેટિલિટીને પરિણામે નાણાં વ્યવસ્થામાં એકંદર થાપણમાં મુદતી થાપણ હિસ્સામાં ફરી વધારો જોવા મળ્યાનું રિઝર્વ બેન્કના ડેટામાં ગયા સપ્તાહમાં જણાવાયું હતું.

# બાલાજી ફોસ્ફેટ્સ લિમિટેડનો IPO 28 ફેબ્રુઆરી, 2025ના રોજ ખુલશે

(એજન્સી) મુંબઈ । તા. 25

સિંગલ સુપર ફોસ્ફેટ, એનપીકે ગ્રેન્યુલેટેડ અને મિક્સ્ડ ફર્ટિલાઇઝર્સ અને ઝિંક સલ્ફેટના ઉત્પાદક બાલાજી ફોસ્ફેટ્સ લિમિટેડ (બાલાજી, ધ કંપની) શુક્રવાર, ૨૮ ફેબ્રુઆરી, ૨૦૨૫ ના રોજ તેની પ્રારંભિક જાહેર ઓફર ખોલવાની દરખાસ્ત કરે છે, જેનો હેતુ ૫૦.૧૧ કરોડ (ઉચ્ચ કિંમતના બેન્ડ પર) એકત્ર કરવાનો છે, જેમાં શેર એનએસઈ ઇમર્જ પ્લેટફોર્મ પર લિસ્ટેડ થશે. ઈશ્યૂનું કદ ૭૧,૫૮,૦૦૦ ઈક્વિટી શેર છે જેની ફેસ વેલ્યુ ૧૦ પ્રતિ શેર છે અને કિંમત બેન્ડ ૬૬ - ૭૦ પ્રતિ શેર છે. IPOમાંથી મળેલી ચોખ્ખી રકમનો ઉપયોગ પેટાકંપનીના ફેક્ટરીમાં વેરહાઉસ સ્થાપવા અને હાલની સુવિધાઓના અપગ્રેડેશન, કાર્યકારી મૂડીની જરૂરિયાતો અને સામાન્ય કોર્પોરેટ હેતુઓ માટેના મૂડી ખર્ચ માટે કરવામાં આવશે. એન્કર ભાગ 27 ફેબ્રુઆરી, 2025 ના રોજ ખુલશે અને 04 માર્ચ, 2025 ના રોજ ઈશ્યૂ બંધ થશે. ઈશ્યૂના બુક રનિંગ લીડ મેનેજર અરિહંત કેપિટલ માર્કેટ્સ લિમિટેડ છે, ઈશ્યૂના રજિસ્ટ્રાર સ્કાયલાઈન ફાઈનાન્શિયલ સર્વિસિસ પ્રાઈવેટ લિમિટેડ છે.

બાલાજી ફોસ્ફેટ્સ લિમિટેડના મેનેજિંગ ડિરેક્ટર શ્રી મોહિત એરેનએ જણાવ્યું હતું કે, 'અમારું ધ્યેય ઉચ્ચ ગુણવત્તાવાળા ફોસ્ફેટ ખાતરો પહોંચાડીને ભારતીય કૃષિને ટેકો આપવાનું અને આગળ વધારવાનું છે જે જમીનના સ્વાસ્થ્યને પોષણ આપે છે અને પાકની ઉપજમાં વધારો કરે છે. વર્ષોથી, અમે અનેક રાજ્યોમાં એક મજબૂત નેટવર્ક બનાવ્યું છે, જે ખેડૂતો, છૂટક વિક્રેતાઓ, જથ્થાબંધ વેપારીઓ અને સહકારી સંસ્થાઓને વિશ્વસનીયતા અને સમર્પણ સાથે સેવા આપે છે. ખાતરો ઉપરાંત, અમારી પેટાકંપની જ્યોતિ વેઇંગ સિસ્ટમ્સ પ્રાઈવેટ લિમિટેડ વેઇંગબ્રિજ ટેકનોલોજી, સોલાર ફ્રેમ ઉત્પાદન અને વેઇંગ ઇન મોશન ટેકનોલોજીમાં નવીનતા લાવી રહી છે, શ્રેષ્ઠ ચોકસાઈ માટે સ્વિસ પ્લેટોનો ઉપયોગ કરી રહી છે, નવીનતા, ટકાઉપણું અને લાંબા ગાળાના વિકાસ પ્રત્યેની અમારી પ્રતિબદ્ધતાને મજબૂત બનાવી રહી છે.

## ફેબ્રુઆરીમાં રશિયામાંથી દૈનિક આયાત 10.70 લાખ બેરલ

# રશિયાથી ભારતની ક્રુડ તેલ આયાત 25% ઘટી

(એજન્સી) નવી દિલ્હી તા 25

અમેરિકા દ્વારા રશિયાના ક્રુડ ઓઈલ પર લાગુ કરાયેલા પ્રતિબંધોને પરિણામે ફેબ્રુઆરીના પ્રથમ વીસ દિવસમાં રશિયા ખાતેથી ભારતની ક્રુડ તેલની આયાતમાં ૨૫ ટકા ઘટાડો થયો છે જ્યારે અમેરિકા ખાતેથી આયાત લગભગ બમણી થઈ ગઈ છે. અમેરિકા ખાતેથી ક્રુડ તેલની આયાત ૬૫ ટકા જેટલી વધારી ૨૫ અબજ ડોલર કરવાની ભારતની યોજના છે. રશિયા ખાતેથી વર્તમાન મહિનાના પ્રથમ વીસ દિવસમાં ભારતે દૈનિક સરેરાશ ૧૦.૭૦ લાખ બેરલ્સ ક્રુડ તેલ આયાત કર્યું છે જે જાન્યુઆરીમાં ૧૪ લાખ બેરલ રહ્યું હતું. બીજી બાજુ અમેરિકા ખાતેથી જાન્યુઆરીમાં પ્રતિ દિન સરેરાશ ૧.૧૦ લાખ બેરલની આયાત સામે ફેબ્રુઆરીમાં આ આંક વધી પ્રતિ દિન બે લાખ બેરલ પર આવી ગયો હોવાનું એક એનર્જી



કારગો ટ્રેકરના રિપોર્ટમાં જણાવાયું હતું. સાઉદી અરેબિયા તથા ઈરાન ખાતેથી ભારતમાં ક્રુડ તેલની નિકાસમાં વધારો થયો છે. સાઉદી ખાતેથી ૭.૭૦ લાખ બેરલની સરખામણીએ ૯.૧૦ લાખ બેરલ જ્યારે ઈરાન ખાતેથી ૮૦ લાખ બેરલની સામે ક્રુડ તેલની આયાત વર્તમાન મહિને પ્રતિ દિન વધી ૧૦.૮૦ લાખ બેરલ જોવા મળી રહી છે. જો કે યુએઈ ખાતેથી ક્રુડ તેલની આયાત ૪.૮૦ લાખ બેરલ પરથી ઘટી ૩.૧૦ લાખ બેરલ પર આવી ગઈ હોવાનું પણ રિપોર્ટમાં નોંધવામાં આવ્યું છે. રશિયા ખાતેથી નિકાસમાં થઈ રહેલા ઘટાડાને ધ્યાનમાં રાખી ક્રુડ તેલના અન્ય પૂરવઠેદારો ભારત ખાતે તેમની નિકાસ વધારી રહ્યા છે. રશિયા ખાતેથી આયાત ઘટી રહી છે ત્યારે અમેરિકા ખાતેથી ભારતની ક્રુડ તેલની આયાત આગામી દિવસોમાં વધવાની અપેક્ષા રાખવામાં આવી રહી છે. અમેરિકા દ્વારા શરૂ કરાયેલી ટેરિફ વોર સામે સલામત બની રહેવા ભારત અમેરિકા ખાતેથી જરૂરિયાત પ્રમાણે આયાત વધારવાનો વ્યૂહ ધરાવે છે. અમેરિકા ખાતેથી મોટી માત્રામાં આયાત ન થતા હોય તેવા માલસામાન પર ટેરિફ ઘટાડવા ભારત વિચારણા કરી રહ્યું છે. અમેરિકા સાથે દ્વીપક્ષી વેપાર કરાર સંબંધિત ચર્ચામાં ભારત તરફથી આ રજૂઆત કરાશે એમ સરકારી સુત્રોએ જણાવ્યું હતું.

# 2.40 લાખ સુધીના સંયુક્ત લાભ હેક્ટરને અલ્ટિમેટ વેલ્યૂ-ફોર-મની SUV બનાવે છે

(એજન્સી) ગુરુગ્રામ । તા. 25

જેએસડબ્લ્યુ એમજી મોટર ઈન્ડિયાએ આજે હેક્ટર ખરીદવા માંગતા લોકો માટે એક 'દમદાર' સ્કીમની જાહેરાત કરી છે. આ દમદાર ઑફર અત્યંત મૂલ્યવાન પણ છે, જેમાં પાંચ આકર્ષક લાભનો સમાવેશ કરવામાં આવ્યો છેઃ ફાઈનાન્સિંગ પર 4.99%નો આકર્ષક વ્યાજદર (આરઓઆઈ), વધુ સુરક્ષા માટે એક્સટેન્ડેડ વૉરન્ટી, વાહનને પર્સનલાઇઝ કરવા માટે કૉમ્પ્લિમેન્ટ્રી એસેસરીઝ, તમે અટક્યાં વગર મુસાફરી કરી શકો તે માટે રોડસાઇડ આસિસ્ટન્સ અને રોડ ટેક્સ (આરટીઓ)માં 50%નો ઘટાડો.* આ સંયુક્ત લાભને પરિણામે હેક્ટર ખરીદવા માંગતા લોકોને રૂ. 2.40 લાખસુધીની બચત થઈ શકશે, જે એસયુવી ખરીદવાનું સપનું જોતાં લોકો માટે હેક્ટરને વધુ સુલભ અને આકર્ષક વિકલ્પ બનાવી દે છે. આ મર્યાદિત સમયની ઑફર 31 માર્ચ, 2025 સુધી માન્ય છે, જે એસયુવી સેગમેન્ટમાં અલ્ટિમેટ વેલ્યૂ પ્રેપોઝિશન તરીકે હેક્ટરની સ્થિતિને વધુ મજબૂત બનાવે છે. આ સ્કીમની મદદથી ગ્રાહકો



સીડાન કે નાની એસયુવીમાંથી ખૂબ જ લોકપ્રિય મધ્યમ કદની એસયુવી એમજી હેક્ટર પર અપગ્રેડ થઈ શકશે, જે ભારતની પ્રથમ ઈન્ટરનેટ કાર છે. આ પહેલ એસયુવી સેગમેન્ટની અંદર મૂલ્ય અને રીસેઈલના મામલે હેક્ટરના દબદબાને સૂચવે છે. ડ્રૂમ દ્વારા હાલમાં જ હાથ ધરવામાં આવેલા અભ્યાસ સહિતના સ્વતંત્ર અભ્યાસોએ ટાટા હેરિયર અને મહિન્દ્રા એક્સયુવી700 જેવા સ્પર્ધકોની સરખામણીએ આ એસયુવીની અસાધારણ રીસેલ વેલ્યૂને માન્યતા આપી છે. આ અભ્યાસે દર્શાવ્યું છે કે, હેક્ટર તેનું 70-75% મૂલ્ય જાળવી રાખે છે, જે તેના મજબૂત એન્જિનીયરિંગ, ટકાઉપણા અને માર્કેટમાં સતત માંગનો પુરાવો છે. તેના ખૂબ સારા રીસેલ પર્ફોમન્સ ઉપરાંત હેક્ટરની અસાધારણ નીચી કિંમત અને સરેરાશ રૂ. 500નો પ્રતિ માસ મેઈન્ટેનન્સ ખર્ચ પણ તેની વિશેષતાઓને પૂરક છે.

ભારતની પ્રથમ ઈન્ટરનેટ એસયુવી હેક્ટરને વર્ષ 2019માં માર્કેટમાં રજૂ કરવામાં આવી હતી અને ત્યારથી તેણે એસયુવી માટે એક નવું સીમાચિહ્ન સ્થાપ્યું છે. તે અજોડ મૂલ્ય, ઉત્કૃષ્ટ પર્ફોમન્સ આપે છે અને અત્યાધુનિક ટેકનોલોજી ધરાવે છે. ડ્રૂમ દ્વારા પુષ્ટી કરવામાં આવ્યાં પ્રમાણે, હાઈવે પર 21 કિમી પ્રતિ લિટર સુધીની તેની આકર્ષક ઈંધણ કાર્યક્ષમતા તેના પ્રત્યેના આર્ષણને ઔર વધારે છે.

# ઘટતું બજાર, સોનાના ભાવમાં ઘટાડો, 7000 રૂપિયાની આ SIP 5 કરોડ રૂપિયાનું ફંડ બનાવી આપશે

(એજન્સી) નવી દિલ્હી તા 25

આજકાલ શેરબજારમાં જબરદસ્ત વેચવાલી ચાલી રહી છે. રોકાણકારોના હજારો કરોડ રૂપિયા બરબાદ થઈ ગયા છે. આવી સ્થિતિમાં જો તમે લાંબા ગાળાના રોકાણો કરીને નિવૃત્તિ પછી તમારા માટે એક સારું ફંડ બનાવવા માંગતા હો તો આ સમાચાર તમારા માટે છે. અમે તમને SIP દ્વારા રોકાણની એક એવી સિસ્ટમ જણાવીશું, જેના દ્વારા તમે ચક્રવૃદ્ધિ દ્વારા દર મહિને 7,000 રૂપિયા જમા કરાવીને 5 કરોડ રૂપિયાનું ફંડ બનાવી શકો છો. SIP દ્વારા રોકાણ: જો તમે તમારી કમાણી બચાવવા માંગતા હો, તો તેના માટે ઘણા બધા વિકલ્પો ઉપલબ્ધ છે, તે વિકલ્પોમાં શેરબજાર, FD અને સોનાના વિકલ્પોનો સમાવેશ થાય છે. આ દિવસોમાં શેરબજારમાં ઘટાડો જોવા મળી રહ્યો છે. આ સાથે ગયા શુક્રવારે સોનાના ભાવમાં પણ ઘટાડો જોવા મળ્યો હતો. આવી સ્થિતિમાં રોકાણકાર ક્યાં રોકાણ કરવું તે અંગે મૂંઝવણમાં હોય તે સ્વાભાવિક છે. એક સિસ્ટમેટિક ઈન્વેસ્ટમેન્ટ પ્લાન છે. જેની મદદથી રોકાણકાર દર મહિને ફંડમાં નિશ્ચિત રકમનું રોકાણ કરે છે. આનો ફાયદો એ છે કે રોકાણકારને એકસાથે ઘણા પૈસા જમા કરાવવાના ભારણમાંથી રાહત મળે છે અને સારું વ્યાજ પણ મળે છે. હવે જો આપણે 7,000 રૂપિયાથી 5 કરોડ રૂપિયા કમાવવાની યોજના વિશે વાત કરીએ તો તે ચક્રવૃદ્ધિ દ્વારા શક્ય બનશે. જેટલું વહેલું તમે રોકાણ શરૂ કરો તેટલું સારું. તમારું રોકાણ ઘણું વધારે થઈ જશે. ઉદાહરણ તરીકે જો આપણે ધારીએ કે તમે કોઈ ફંડમાં દર મહિને 7,000 રૂપિયા જમા કરાવી રહ્યા છો અને તેના પર તમને 12 ટકા વાર્ષિક વ્યાજ મળી રહ્યું છે અને તમે 10 વર્ષ માટે રોકાણ કરો છો તો તમારું કુલ રોકાણ 15,68,251 રૂપિયા થશે. આ રીતે 5 કરોડનું ફંડ બનાવવામાં આવશે: તેમજ જો તમને કુલ 5 કરોડ રૂપિયાનું રોકાણ જોઈતું હોય. તો તમારે 38 વર્ષ માટે રોકાણ કરવું પડશે. મતલબ કે જો તમે 22 વર્ષના છો અને રોકાણ કરવાનું શરૂ કરો છો, તો 60 વર્ષ પછી તમે 5 કરોડ રૂપિયાથી વધુના માલિક બનશો. ચાલો તેની ગણતરી સમજાવીએ. ચાલો ધારીએ કે તમે જે ફંડમાં રોકાણ કરી રહ્યા છો. ત્યાંથી તમને વાર્ષિક 12 ટકા વળતર મળે છે, તેથી 7 હજાર રૂપિયાના દરે તમે 31,92,000 રૂપિયાનું રોકાણ કરી શકશો. જેના પર તમને 5,13,05,802 રૂપિયાનું વ્યાજ મળશે.

# SIM કાર્ડ સંબંધિત નિયમો બદલાયા, ખોટી રીતે ખરીદી પર 3 વર્ષની જેલ, 2 લાખનો દંડ થશે

(એજન્સી) નવી દિલ્હી તા 25

સ્માર્ટફોન આપણા જીવનનો જરૂરી ભાગ બની ગયો છે, તેના વિના અમુક કલાક પસાર કરવા પણ અશક્ય થઈ ગયા છે. સિમ કાર્ડ વિના ફોન અધૂરો છે, સિમ વિના ફોન ચાલી શકતો નથી. દરમિયાન કાયદેસર સિમ કાર્ડ હોવું ખૂબ જરૂરી છે. તાજેતરમાં જ ટેલીકોમ ઈન્ડસ્ટ્રીએ સિમ કાર્ડ સાથે જોડાયેલા ઘણા ફેરફાર કર્યા છે. જેના વિશે તમારા માટે જાણવું જરૂરી છે. આ નવા પરિવર્તન સાઈબર ફ્રોડ રોકવા માટે લાગુ કરવામાં આવ્યા છે.

રિપોર્ટ અનુસાર હવે નવા સિમ કાર્ડના એક્ટિવેશન્સ માટે આધાર દ્વારા બાયોમેટ્રિક વેરિફિકેશન કરવું જરૂરી થઈ ગયું છે.



સિમ કાર્ડ વેચવા માટે પણ સરકારે રિટેલર્સ માટે નવા નિયમ જારી કરી દીધા છે. હવે રિટેલર્સે આ પ્રક્રિયાનું પાલન કરીને જ સિમ કાર્ડ વેચવું પડશે. ગ્રાહકના નામે કેટલા સિમ કાર્ડ કનેક્શન છે, તેની તપાસ કરવી પડશે. સાથે જ જો ગ્રાહકે અલગ-અલગ નામથી કનેક્શન લીધા છે તો તેની પણ તપાસ હવે કરવામાં આવશે. આ સાથે જ ગ્રાહકના ફોટો પણ હવે 10 અલગ-અલગ એન્ગલથી લેવા પડશે.

DoT નિયમો અનુસાર એક વ્યક્તિ પોતાના આધારથી માત્ર 9 સિમ ખરીદી શકે છે. ૯થી વધુ સિમ કાર્ડ રાખવા પર પહેલી વખત ઉલ્લંઘન કરનાર પર 50,000 રૂપિયા અને વારંવાર ઉલ્લંઘન કરનાર માટે 2 લાખ રૂપિયાનો દંડ લગાવવામાં આવશે.

ખોટી રીતે સિમ કાર્ડ લેવા પર 50 લાખ રૂપિયા સુધીનો દંડ અને ત્રણ વર્ષની જેલની જોગવાઈ છે. દરમિયાન એ જાણવું ખૂબ જરૂરી છે કે તમારા આધારથી કેટલા સિમ લિંક છે. જો તમે કોઈ સિમનો ઉપયોગ કરી રહ્યાં નથી તો તમે તેને ડિસકંટિન્યૂ કરી શકો છો. તમારા આધારથી કેટલા સિમ લિંક છે તેની ડિટેલ જરૂર રાખો અને જે નંબર યુઝ કરી રહ્યાં નથી તેને તાત્કાલિક અનલિંક કરી શકો છો. તમે સેકન્ડ્સમાં આ કામ કરી શકો છો.

## તંત્રીની કલમે...

વિક્રમ સંવત 2081, મહા વદ-13

# જરૂરી અભિયાન



ભારતમાં જીવનશૈલી સંબંધિત રોગોથી પડિત લોકોની સંખ્યામાં ઝડપથી વધારો થઈ રહ્યો છે. સ્થૂળતા, ડાયાબિટીસ, હાઈ બીપી, કેન્સર, થાઈરોઈડ જીવનશૈલી સંબંધી રોગ માનવામાં આવે છે. હાલમાં જ સરકારે ૩૦ વર્ષની ઉંમરથી વધારે લગભગ ૮૯ કરોડ લોકોની દેશભરમાં સ્વાસ્થ્ય તપાસ કરાવવાનો નિર્ણય લીધો છે. સરકાર રાષ્ટ્રીય અભિયાન ચલાવીને એ ઉંમરના લોકોમાં ડાયાબિટીસ, બીપી, કેન્સરની તપાસ કરાવશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પોતાના મન કી બાત કાર્યક્રમમાં દેશમાં સ્થૂળતા પીડિતોની વધતી સંખ્યા પર ચિંતા વ્યક્ત કરી છે અને લોકોને દસ ટકા ઓછી ચરબીનું સેવન કરવાનું આહ્વાન કર્યું છે. હાલના દાયકાઓમાં ભારતીયોની જીવનશૈલીથી શારીરિક શ્રમ ઓછો થતો ગયો છે અને બેઠાડુ જીવનશૈલી થઈ ગઈ છે. આંકડા અનુસાર દેશમાં લગભગ ૨૧ કરોડ લોકો મધુપ્રમેહ એટલે કે ડાયાબિટીસથી પીડિત છે, ૧૯ કરોડ લોકો બીપીનો શિકાર છે, ૧૪ કરોડ લોકો સ્થૂળતા અને લગભગ ૯ કરોડ લોકો કોઈને કોઈ પ્રકારના કેન્સરથી પીડિત છે. ૧૫ કરોડથી વધારે મહિલાઓ થાઈરોઈડનો શિકાર છે. દેશમાં લગભગ ૪૦ કરોડથી વધારે લોકો જીવનશૈલી સંબંધિત બીમારીઓથી પીડિત છે. દેશમાં ફાસ્ટફૂડનું ચલણ વધ્યું છે, બહાર ખાવાની ઈચ્છા વધી છે. આ કારણોસર જીવનશૈલી સંબંધિત દર્દીઓની સંખ્યા વધી છે. વડાપ્રધાન મોદીએ સ્વસ્થ દેશ માટે સ્થૂળતાની સમસ્યાના સામના પર જોર આપતાં દેશવાસઓને ખાવાના તેલની ખપતમાં ૧૦ ટકાની કપાત કરવાનું આહ્વાન કર્યું છે. તેના બે ફાયદા છે. ખાનપાનમાં તેલની ખપત ઓછી થવાથી સ્વાસ્થ્ય સચવાશે અને દેશને તેલ ઓછું આયાત કરવું પડશે. ચિકિત્સકો અનુસાર નાળિયેર તેલ, સરસવ તેલ, ઓલિવનું તેલ અને શુદ્ધ ઘી સારા ફેટ માનવામાં આવે છે, જ્યારે અન્ય રિફાઈન્ડ ઓઈલ સારા નથી મનાતા. ભારત મોટી માત્રામાં પામ સહિત કેટલાય પ્રકારનાં રિફાઈન્ડ ઓઈલ આયાત કરે છે. વડાપ્રધાને ફિટ ઈન્ડિયાનું પણ આહ્વાન કર્યું હતું, જેમાં લોકોને યોગ વ્યાયામને જીવનશૈલીમાં વણી લેવાનું કહ્યું હતું. આજે દર આઠમાંથી એક વ્યક્તિ સ્થૂળતાની સમસ્યાથી પરેશાન છે અને છેલ્લા કેટલાક વર્ષોમાં આવા લોકો ડબલ થઈ ગયા છે. એનાથી પણ વધારે ચિંતાની વાત એ છે કે બાળકોમાં પણ સ્થૂળતાની સમસ્યા ચાર ગણી વધી ગઈ છે. વિશ્વ સ્વાસ્થ્ય સંગઠનના આંકડા અનુસાર ૨૦૨૨માં દુનિયાભરમાં લગભગ ૨૫૦ કરોડ લોકોનું વજન જરૂરિયાતથી ક્યાંય વધારે હતું. સ્વાસ્થ્ય સંબંધી ચીજો ખતરનાક ન થ જાય, દેશમા મહામારી ન બની જાય તેના માટે જરૂરી છે કે જીવનને ગુણવત્તાપૂર્ણ બનાવવામાં આવે, જેમાં કામ અને આરામનું સંતુલન હોય. સરકારે એની સાથે જ માનસિક સ્વાસ્થ્ય પ્રત્યે પણ જાગરુકતા અભિયાન ચલાવવાની જરૂર છે.

# ઉપલેટાના ભૂગર્ભ ગટરના ચાલી રહેલા કરોડોના કામમાં અનેક ગોલમાલ

## નબળી કામગીરીની અનેક ફરિયાદ | સ્થાનિક તંત્ર અને ઉચ્ચ તંત્ર કોઈ એક્શન ન લેતું હોવાની પણ રાવ

ઉપલેટા | તા.25

તા. ઉપલેટા શહેરમાં હાલ કરોડો રૂપિયાના ભૂગર્ભ ગટરના કામ ચાલી રહ્યા છે જેમાં આ કામની અંદર કામ શરૂ થયું ત્યારથી લઈને આજદિન સુધી નબળી ગુણવત્તા વાળું, હલકું કામ અને નબળા સાધનો અને સંસાધનો વાપરી જેમ તેમ કામ થતું હોવાની અનેક ફરિયાદો ઉપલેટા નગરપાલિકા સમક્ષ સામે આવી હતી જેમાં આ બાબતને લઈને ઉપલેટા શહેરના ઘણા ખરાબ વ્યક્તિઓ દ્વારા લેખિત તેમજ મૌખિક સહિતની અનેકો ફરિયાદો કરવામાં આવી હોવાની માહિતીઓ સામે આવી હતી જેમાં ભૂગર્ભ ગટરના ચાલી રહેલા કામ અંગેની થયેલી ફરિયાદ અને ચાલી રહેલા કામ અંગેની માહિતીઓ માંગવામાં આવતા ઉપલેટા નગરપાલિકા દ્વારા માહિતી પૂરી પાડવામાં આવતી નથી અને આ માહિતી ગુજરાત શહેરી વિકાસ કંપની લિમિટેડ વિભાગને મોકલી દેવાઈ છે ત્યારે આ બાબતે ઉપલેટા નગરપાલિકા કચેરી અને ગુજરાત શહેરી વિકાસ કંપની લિમિટેડ બન્ને માંથી એક પણ વ્યક્તિઓ ફરિયાદ અંગેની વિગતો પુરી પડતાં જ નથી અને જાહેર કરતા પણ નથી ત્યારે આ ફરિયાદો બાદ થયેલી કાર્યવાહી અંગેની પણ માહિતીઓ જાહેર ન કરતા હોવાનું સામે આવ્યું છે જો કે આ ચાલી રહેલા કામમાં ફીટીંગ કરવામાં આવતા પાઈપના ભૂંગળાઓ પૈકીના ઘણા ખરા તૂટેલા ભુંગળાઓ ફીટ કરી દેવામાં આવ્યા છે તો બીજી તરફ કુંડિયો બનાવવા માટેના વપરાતા સિમેન્ટની અંદર પણ ઓછો અને નબળો સિમેન્ટ વાપરવા માટેની કામગીરી કરવામાં આવી રહી હોવાનું પણ સામે આવ્યું છે.







સરા જાહેર નબળું કામ થઈ રહ્યું છે અને પુરાવાઓ પણ ઉપલબ્ધ છે છતાં કોઈ એક્શન નહિ લેવાતા સૌ કોઈ સાથે મળી ભ્રષ્ટાચાર કરીને ઉપલેટા શહેરનું ભવિષ્ય બગડી રહ્યા હોવાનો ભારે રોષ

ઉપલેટાના એક જાગૃત નાગરિક તરીકે છેલ્લા ઘણા સમયથી ઉપલેટા નગરપાલિકા વિસ્તારમાં ચાલી રહેલા અનેક કામો અંગેની જાહેર માહિતી અધિકાર-૨૦૦૫ અંતર્ગત માહિતીઓ કાયદાની ઉપરવટ ભાવ વસૂલ કરતી ઉપલેટા નગરપાલિકા પાસેથી પોતાના સ્વખર્ચે માંગવી અને સંબંધિત વિભાગોને ફરિયાદ કરનાર અને અનેક વિષયો ઉપર ફરિયાદો તેમજ રજૂઆતો કરી પુરાવાઓ રજૂ કરનાર જાગૃત નાગરિકે ઉપલેટા શહેરમાં ચાલી રહેલા ભૂગર્ભ ગટરના કામ અંગેની માહિતીઓ ઉપલેટા નગરપાલિકા પાસે માંગેલ છે જેમાં આ ચાલી રહેલા કામ બાબતને લઈને નાગરિકો અને નગરજનોની થયેલી ફરિયાદો રજૂઆતો અને કામને લઈને થયેલી ફરિયાદોની માહિતી ઉપલેટા નગરપાલિકા પાસે માંગેલ હતી તો તેમને પણ નથી પૂરી પાડેલ અને આ બાબતને ગુજરાત શહેરી વિકાસ કંપની મોકલી દીધેલ છે તો તેમને પણ માહિતીઓ પૂરી પાડેલ નથી ત્યારે આ બાબતમાં ઉપલેટા નગરપાલિકા અને ગુજરાત શહેરી વિકાસ કંપની કામ અંગેના કોઈપણ આધાર પુરાવાઓ અને નિયમો તેમજ સમગ્ર બાબતની માહિતીઓ નાગરિકો અને નગરજનો સુધી ન પહોંચે તે માટેના પ્રયત્નો કરી રહ્યા હોવાની પણ ચર્ચાઓ શરૂ થઈ છે જેમાં ઉપલેટા શહેરમાં હાલ ભૂગર્ભ ગટરનું કામ ચાલી રહ્યું છે.

જે કામમાં રોડ-રસ્તા તેમજ ભૂગર્ભ ગટરની કામગીરી અને કામ બાબતે નાગરિકો, નગરજનો, અરજદારો, ફરિયાદીઓ દ્વારા કરવામાં આવેલી ફરિયાદની નકલો અને આ ફરિયાદ બાદ ઉપલેટા નગરપાલિકા દ્વારા કરવામાં આવેલી કામગીરીના અહેવાલ તેમજ કાર્યવાહીના અહેવાલ માંગવામાં આવ્યા હતા જે નગરપાલિકાએ પૂરા પાડેલ નથી તેમજ આ બાબતે ગુજરાત શહેરી વિકાસ કંપની લિમિટેડ દ્વારા પણ માહિતીઓ પૂરી પાડવામાં આવેલ નથી અને જવાબમાં જણાવ્યું છે કે કચેરી દ્વારા ભૂગર્ભ ગટરની કામગીરી કરવામાં આવી રહી છે તે કામગીરી દરમિયાન સ્થાનિક રહેવાસીઓ દ્વારા હયાત, અંડરગ્રાઉન્ડ યુટીલીટી તૂટવાની ફરિયાદો સ્થળ ઉપર નિકાલ થાય તે માટે ઉપલેટા નગરપાલિકાના મ્યુનિસિપલ એન્જિનિયર, વોટરવર્ક શાખા, પી.એમ.સી. તથા એજન્સીના સંકલન માટે વ્હોટ્સઅપ ગ્રુપ બનાવેલ છે.

જેમાં આવતી રજૂઆતો સમયસર ધ્યાને લેવામાં આવે છે અને સમયસર નિકાલ કરવામાં આવે છે તેઓ જવાબ આપેલ છે પરંતુ ફરિયાદની નકલો અને તે બાદ થયેલી કાર્યવાહીની માહિતી ના તો ઉપલેટા નગરપાલિકા જાહેર કરી રહી છે કે ના તો ગુજરાત શહેરી વિકાસ કંપની લિમિટેડ જાહેર કરી રહી છે ત્યારે આ બંને વચ્ચે પ્રજા પીસાઈ રહી છે અને ઉપલેટા શહેરનું ખરાબ ભવિષ્ય મિલીભાગથી જન્મ લઈ રહ્યું છે ત્યારે આગામી દિવસોની અંદર લોલમલોલ ચાલતા કામ અંગેની પુરાવાઓ સાથે સંબંધિત વિભાગોને ફરિયાદ અંગેની પણ કાર્યવાહી હાથ ધરવામાં આવશે તેવું પણ જાગૃત નાગરિકે જણાવ્યું છે.

## ખેડૂતલક્ષી યોજનાઓની સહાય મેળવતા ગુંડેર ગામના ધરતીપુત્ર નરેન્દ્રભાઈ પટેલ

કમલેશ પટેલ | સંખેડા

છોટાઉદેપુર જિલ્લાના સંખેડા તાલુકાના ગુંડેર ગામના ધરતીપુત્ર નરેન્દ્રભાઈ પટેલને સરકારની ખેડૂતલક્ષી વિવિધ યોજનાઓનો લાભ મળ્યો. સરકારી યોજનાઓનો લાભ મેળવતા નરેન્દ્રભાઈ પટેલ જણાવે છે કે, આઈ- ખેડૂત પોર્ટલ પર પાક સંરક્ષણ સ્ટ્રક્ચર (ગોડાઉન) માટે ઓનલાઈન અરજી કરી હતી, ત્યારબાદ (પાક સંરક્ષણ સ્ટ્રક્ચર ગોડાઉન) મંજૂર થયું હતું. આ ગોડાઉન ખેતીવાડીમાં પાકના સંરક્ષણ માટે છે. જે કંઈ ખેતીમાં પાકનું ઉત્પાદન થતું હોય તેને સુરક્ષિત રાખવા મને ગોડાઉન માટે સહાય મળી . આ ગોડાઉન બનાવવા માટે ૧ લાખની સબસીડી મળી.વધુમાં તેઓ જણાવ્યું કે મોટર માટેની સબ સી ડી ૨૫ હજાર તેમ જ પાઈપલાઈન માટેની ૧૫ હજારની સબસીડી પાસ થઈ.સરકારી સહાયથી પાક સંરક્ષણ અને સિંચાઈમાં રાહત થઈ.



## મંદિર વ્યવસ્થાપન અને ભીડ નિયંત્રણને વધુ સુદૃઢ બનાવવા અંબાજી ખાતે તાલીમનું આયોજન કરાયું

માહિતી બ્યુરો | પાલનપુર

યાત્રાધામ અંબાજી ખાતે લાખોની સંખ્યામાં શ્રદ્ધાળુઓ માઁ અંબાના દર્શને પધારતા હોય છે. વિવિધ ઉત્સવો, જાહેર રજાઓ તથા શનિ- રવિના દિવસોએ ખૂબ મોટી સંખ્યામાં યાત્રાળુઓ માઁ અંબાના દર્શન કરી ધન્યતા અનુભવે છે. મોટી સંખ્યામાં આવતા યાત્રાળુઓની ભીડને નિયંત્રિત કરવા માટે વિવિધ પદ્ધતિઓ અપનાવવામાં આવતી હોય છે. અંબાજી વહીવટદાર અને અધિક કલેક્ટરશ્રી કૌશિક મોદીના માર્ગદર્શન હેઠળ મંદિર વ્યવસ્થાપન અને ભીડ નિયંત્રણને સુદૃઢ બનાવવા ગુજરાત ઈન્સ્ટિટ્યૂટ ઓફ ડિઝાસ્ટર મેનેજમેન્ટના ઉપક્રમે

કર્મચારીઓ માટે તાલીમનું આયોજન કરાયું હતું. આ તાલીમમાં ગુજરાત ઈન્સ્ટિટ્યૂટ ઓફ ડિઝાસ્ટર મેનેજમેન્ટના પ્રોફેસર ડો. સંદીપ પાંડે દ્વારા ઉપસ્થિતોને વિવિધ પદ્ધતિઓ સમજાવવામાં આવી હતી. શ્રી નિલેશ દુબે દ્વારા અન્ય યાત્રાધામોની વિગતો રજૂ કરી પ્રેઝન્ટેશન રજૂ કરાયું હતું તથા અગાઉ બનેલ ઘટનાઓ વિશે વિસ્તૃત માહિતી અને મૂલ્યાંકન રજૂ કરાયું હતું. આ તકે માસ્ટર ટ્રેનરશ્રી જયેશ વાગડા દ્વારા ક્રાઉડ મેનેજમેન્ટની તાલીમ વિવિધ પદ્ધતિઓ



મારફત આપવામાં આવી હતી. ક્રાઉડ મેનેજમેન્ટની વિવિધ પદ્ધતિઓ દ્વારા મંદિરના સ્ટેક હોલ્ડરોને જાગૃત કરાયા હતા. GIDM દ્વારા આ તાલીમ થકી પધ્ધતિસર ક્રાઉડ મેનેજમેન્ટ કરવા વિવિધ પાસાઓને રજૂ કરી વૈજ્ઞાનિક અભિગમ અપનાવવા વિશેષ અનુરોધ કરાયો હતો.

આજની આ એક દિવસીય તાલીમમાં અંબાજી મંદિરના એસ્ટેટ ઓફિસરશ્રી પાયલબેન પટેલ, તમામ સિક્યોરિટી સ્ટાફ, પોલીસ સ્ટાફ, મંદિર સ્ટાફ સહિત અધિકારીશ્રીઓ/ કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## સાવરકુંડલાની શાળામાં ધોરણ 10 અને 12 ના છાત્રો માટે માર્ગદર્શન સેમીનાર યોજાયો



કિશોર આર. સોલંકી | જાફરાબાદ

સાવરકુંડલા કે.કે. હાઈસ્કૂલ NSS UNIT અને સાવરકુંડલા ટાઉન પોલીસના સંયુકત ઉપક્રમે ધોરણ ૧૦ અને ૧૨ ના વિધાર્થીઓ માટે બોર્ડની પરીક્ષાલક્ષી માર્ગદર્શન સેમીનારનું આયોજન કરવામાં આવ્યું હતું આ સેમિનારમાં પીએસઆઇ જી.એમ. જાડેજા ગીરીશભાઈ મકવાણા સાવરકુંડલા ટાઉન પોલીસ સંજયભાઈ બળેવીયા સાવરકુંડલા રૂલર પોલીસ તથા પ્રેરણાત્મક વક્તા તરીકે અર્જુનભાઈ દવેની ઉપસ્થિતિ રહી હતી આ કાર્યક્રમમાં શાળાના આચાર્ય ચેતનભાઈ ગુજરીયા દ્વારા મહેમાનોનું શાબ્દિક સ્વાગત કરવામાં આવ્યું હતું ત્યારબાદ મોટીવેશનલ સ્પીકર તરીકેની ભૂમિકા ભજવનાર અર્જુનભાઈ દવેએ લક્ષ કેવો હોવો જોઈએ ? લક્ષને પ્રાપ્ત કરવા માટે શું કરવું જોઈએ ? એના માટે એમણે કાગડા જેવી ચેષ્ટા બંગલા જેવી એકાગ્રતા કૂતરા જેવી ઉંઘ કર્મમાં વિશ્વાસ જેવી પ્રેરણાદાઈ વાતો કહી હતી કઈ રીતે વાંચવું જેથી વધારે અસરકારક રીતે યાદ રહે વગેરે બાબતોની સમજૂતી આપી હતી વર્તમાન સમયમાં અભ્યાસ પરત્વે કઈ રીતે ધ્યાન આપવું એના માટે એમણે એક પર્થદર્શક માર્ગદર્શકની ભૂમિકા ભજવી હતી જે ખરેખર બાળકો માટે એક દિવાદાંડી સમાન બની રહ્યું હતું આ કાર્યક્રમમાં શાળાના શિક્ષક ભાઈઓ બહેનો ઉપસ્થિત રહ્યા હતા કાર્યક્રમ પૂર્ણ થયા બાદ બાળકોને અલ્પાહાર આપવામાં આવ્યો હતો બાળકોની ઘણી બધી જજ્ઞાસાનો જવાબ આ માર્ગદર્શન સેમીનાર માં મળી રહ્યો હતો આ સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન સંસ્થાના આચાર્ય શ્રી ચેતનભાઈ ગુજરીયાના માર્ગદર્શન હેઠળ NSS પ્રોગ્રામ ઓફિસર વર્ષાબેન પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

## ખાંભા તાલુકાના નીલકંઠ વિદ્યાલય તાલડા ખાતે વાર્ષિક મહોત્સવ 2025ની ભવ્ય ઉજવણી કરાઇ

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

ખાંભા તાલુકાના નીલકંઠ વિદ્યાલય ખાતે બાળકોમાં રહેલી આતંરિક શક્તિઓને ખીલવવા નિલકંઠ વિદ્યાલય તાલડામાં સાંસ્કૃતિ કાર્યક્રમ ઈનામ વિતરણ, વાલી સંમેલન તથા ધોરણ-12 નો વિદાય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ ની શરૂઆત દીપ પ્રાગટ્યથી કરવામાં આવી હતી.ત્યાર બાદ આવેલ દરેક મહેમાનો નું સ્વાગત સન્માન કરવામાં આવ્યું હતું.પ્રવીણભાઈ જાદવ તરફ થી શબ્દિક સ્વાગત કરવામાં આવ્યું હતું. શાળા ની બાળા ઓ દ્વારા સુંદર સ્વાગત ગીત રજૂ કરી કાર્યક્રમ ની શરૂઆત કરી હતી.શાળાના શિક્ષક મિત્રો ના માર્ગદર્શન થકી બાળકો એ એક એક થી ચડિયાતા કાર્યક્રમ રજૂ કરી બધા ને મંત્ર મુગ્ધ કરી દીધા હતા.તાળીઓ ના



ગડગડાટ થકી આખું વાતાવરણ ગુંજી ઉઠયું હતું.

વર્ષ દરમિયાન શિક્ષણ માં પ્રથમ નંબર લાવનાર ધોરણ 08 થી 12 ના વિદ્યાર્થીઓ તેમજ ખેલ મહાકુંભમાં ભાગ લેનાર બાળકોને પ્રમાણપત્ર તેમજ પ્રોત્સાહિત ઈનામ આપી નવજયા હતા.સાથે સાથે વર્ષ દરમિયાન વિવિધ કાર્યક્રમ માં કાર્યક્રમ નું સુંદર સ્ટેજ સંચાલક શાળા ના ઉત્સાહિત સંસ્કૃતિ પ્રેમી આચાર્ય વિજયભાઈ બાંભાણિયા દ્વારા કરવામાં આવ્યું હતું.શાળા ના બાળકો ના કાર્યક્રમ જોઈ તમામ ખુશ જોવા મળ્યા હતા.

## ગોળાગામડી કૃષિ વિજ્ઞાન કેન્દ્ર ખાતે સાંસદ જશુભાઇ રાઠવાના અધ્યક્ષતામાં 'કિસાન સન્માન સમારોહ' યોજાયો

કમલેશ પટેલ | સંખેડા

છોટાઉદેપુર જિલ્લાના સંખેડા તાલુકાના ગોલાગામડી ગામના કૃષિ વિજ્ઞાન કેન્દ્ર મંગળભારતી ખાતે 'કિસાન સન્માન સમારોહ' સાંસદશ્રી જશુભાઇ રાઠવાના અધ્યક્ષસ્થાને યોજાયો હતો.

PM KISAN યોજનાના ૧૯માં હપ્તા પેટે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના વરદ્હસ્તે PM KISAN યોજના અન્વયે ગુજરાતના આશરે ૫૧.૪૧ લાખથી વધુ ખેડૂત પરિવારોને રુ.૧,૧૪૮ કરોડથી વધુની સહાય સહિત સમગ્ર દેશના ૯.૭ કરોડથી વધુ ખેડૂતોને રૂ.૨૨,૦૦૦ કરોડથી વધુની સહાયની ચૂકવણી સીધી જ ખેડૂતોના બેન્ક ખાતામાં કરવામાં આવી હતી.

ગાંધીનગર કૃષિ ભવન ખાતે યોજાયેલા રાજ્ય કક્ષાના સમારોહમાં મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના હસ્તે અદ્યતન ટેક્નોલોજીથી સુસજ્જ નવીન "કૃષિ



પ્રગતિ-કમાન્ડ એન્ડ કંટ્રોલ સેંટર"નું ઈ-લોકાર્પણ થયું. આ સાથે રાજ્યભરમાં તુવેર પાકની ટેકાના ભાવે ખરીદીનો શુભારંભ કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં કુલ ૧૮ લાભાર્થીઓને રૂ. ૧૬,૯૯,૨૦૬ની સહાયનું વિતરણ કરાયું હતું. જેમાં લાભાર્થીઓને પાક સંગ્રહ સ્ટ્રક્ચર, પપૈયા, આંબા તથા જામફળ ઉત્પાદકતા વધારવાનો કાર્યક્રમ સહિતની યોજનાઓ અન્વયે લાભનું વિતરણ ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે કરાયું હતું. કાર્યક્રમમાં સાંસદશ્રી જશુભાઇ રાઠવા અને જિલ્લા પંચાયત પ્રમુખ મલકાબેન પટેલ દ્વારા પ્રાસંગિક ઉદ્બોધન કરાયું હતું.



# બગસરા શહેરમાં અટલજી પાર્કથી CNG પંપ સુધી 4 કરોડના ખર્ચે રોડ મંજુર

અશોક મણવર | અમરેલી

ધારી બગસરા ખાંભાના ધારાસભ્ય જે. વી. કાકડીયાના અર્થાત પ્રયત્નોથી સેવાડાના લોકોને સરકારશ્રીની વિવિધ યોજનાઓનો લાભ મળે તેવા સતત પ્રયત્નો કરવામાં આવ્યા છે ત્યારે અમરેલીના બગસરા શહેરમાં અટલજી પાર્કથી CNG પંપ સુધીનો રોડ મંજૂર કરાવી પોતાના મત વિસ્તારમાં સર્વાગી વિકાસ થાય તેવા પ્રયત્નો ધારાસભ્ય જે.વી.કાકડીયા દ્વારા કરવામાં આવ્યા બગસરા શહેરમાં અટલજી પાર્કથી બાયપાસ રોડ અત્યંત બિસ્માર હાલતમાં હોય વાહન ચાલકોને અવર જવર કરવું મુશ્કેલ બન્યું હોય ત્યારે ધારાસભ્ય જે. વી.કાકડીયાએ સરકારીશ્રીમા રજૂઆત કરી 4 કરોડ જેવી માતબર રકમ મંજુર કરતા ભાજપના કાર્યકર્તાઓ દ્વારા રોડનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું જેમાં બગસરા શહેર ભાજપ પ્રમુખ ઘનશ્યામભાઈ સાદરાણી શહેર ભાજપ પુર્વ પ્રમુખ ધીરુભાઈ કોટડીયા મનોજભાઈ મહિડા નટુબાપુ કુબાવત પ્રવીણભાઈ બોરડ જયંતીભાઈ વેકરીયા જયસુખભાઈ મેર જગદીશભાઈ સતાણી સંજયભાઈ પરમાર અશ્વિનભાઈ ચૌહાણ સહિત ભારતીય જનતા પાર્ટીના કાર્યકર્તાઓ સહિત લોકો ઉપસ્થિત રહેલ.

NEWS BRIEF

## શ્રી હસ્તેશ્વર સ્કૂલ લીમખેડા ખાતે મહાશિવરાત્રી પર્વની ઉજવણી કરવામાં આવી



દિપક રાવલ | દાહોદ લીમખેડા

ભગવાન ભોલેનાથ નો મહાપર્વ શિવરાત્રી પર્વ ઉજવણી શ્રી હસ્તેશ્વર સ્કૂલ લીમખેડા ખાતે ધામધૂમ પૂર્વક કરવામાં આવી શાળાના બાળકોને શિવરાત્રી પર્વ નું મહત્વ સમજવામાં આવ્યું અને શિવરાત્રી કેમ ઉજવાય છે તેની માહિતી આપવામાં આવી હતી શાળાના બાળકો દ્વારા શિવ અને પાર્વતી ના વેશ માં સજ્જ થઈ આવ્યા હતા સંસ્થા મંત્રી ભરતભાઈ ભરવાડ દ્વારા દરેક શિક્ષકો અને બાળકોને શિવરાત્રી પર્વ ની શુભકામના પાઠવી હતી.

## આગામી ૦૮ માર્ચના રોજ બનાસકાંઠાની તમામ કોર્ટમાં નેશનલ લોક અદાલતનું આયોજન કરાશે

માહિતી બ્યુરો | પાલનપુર

આગામી ૦૮ માર્ચ ૨૦૨૫ના રોજ રાષ્ટ્રીય કાનૂની સેવા સત્તા મંડળ, નવી દિલ્હી તથા ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તા મંડળ, અમદાવાદના માર્ગદર્શન હેઠળ જીલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, પાલનપુર તેમજ તાલુકા કાનૂની સેવા સમિતિ, પાલનપુરના ઉપક્રમે પાલનપુરની કોર્ટોમાં તથા બનાસકાંઠા જીલ્લાની તમામ કોર્ટોમાં સને-૨૦૨૫ની પ્રથમ નેશનલ લોક અદાલતનું આયોજન કરવામાં આવશે.

જેમાં નાગરિકો સમાધાન લાયક ફોજદારી કેસો, નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટને લગતા કેસો, બેંકને લગતા દાવા, વાહન અકસ્માત વળતરને લગતા દાવા, લગ્ન જીવનની તકરારને લગતા કેસો, મજદુર તકરારને લગતા કેસો, જમીન સંપાદનને લગતા કેસો, પાણી તેમજ વીજળીને લગતા કેસો, મહેસુલી દાવા, દીવાની તકરારના દાવા સમાધાન માટે મુકી શકશે.

જે કોઈપણ પક્ષકાર ભાઈ-બહેનો તેમના સમાધાનપાત્ર કેસ સમાધાન માટે મૂકવા માંગતા હોય તેઓએ જાતે અથવા તેમના એડવોકેટ મારફતે તેમના કેસોની વિગત સહિત હેડ કલાર્ક, જીલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, ન્યાય સંકુલના ભોંયરામાં, જોરાવર પેલેસ, પાલનપુર ટેલિફોન નંબર ૦૨૭૪૨-૨૬૧૪૯૫ના સરનામે સંપર્ક કરવો તથા તાલુકાના કોર્ટના કેસો માટે જે તે તાલુકા કોર્ટની તાલુકા કાનૂની સેવા સમિતિની ઓફિસનો સંપર્ક કરવા જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળના સચિવશ્રી દ્વારા એક અખબારી યાદીમાં જણાવ્યું છે.

## પરિવારથી વિખૂટા પડેલા મૂકબધિર મહિલાનું પુનઃસ્થાપન કરાવતું નારી સંરક્ષણ કેન્દ્ર પાલનપુર



માહિતી બ્યુરો | પાલનપુર

બનાસકાંઠા જિલ્લા મહિલા અને બાળ અધિકારીશ્રીની કચેરી દ્વારા ચાલતા નારી સંરક્ષણ કેન્દ્રએ વિતેલા દોઢ વરસ પહેલા ઘરથી ભુલા પડેલા પંચમહાલ (જિલ્લાનું નામ બદલેલ છે)ની મહિલાનું પરિવાર સાથે મિલન કરાવીને પ્રશંસનીય કામગીરી કરી છે. પાલનપુર સખી વન સ્ટોપ સેન્ટર દ્વારા દોઢ વર્ષ અગાઉ ૫૦ વર્ષની મહિલાને આશ્રય હેઠળ નારી સંરક્ષણ કેન્દ્રમાં મૂકવામાં આવેલ હતા. આશ્રિત મહિલા બહેરા અને મૂંગા હતા જેથી તેમના પરિવાર વિષે જાણકારી મળતી નહોતી. આ માટે નારી કેન્દ્ર પાલનપુર દ્વારા આ બહેન માટે બહેરા, મૂંગા સ્કૂલમાંથી શિક્ષક બોલાવીને પ્રયત્નો હાથ ધરાયા હતા પણ ખાસ કઈ માહિતી મળી શકતી નહોતી. મહિલાના પરિવાર દ્વારા દોઢ વર્ષ પછી નારી કેન્દ્ર ખાતે સંપર્ક કરીને આધાર પુરાવા રજૂ કર્યા હતા. નારી કેન્દ્ર દ્વારા બહેનના પરિવાર,સ્થળ વગેરે બાબતોને ક્રોસ ચેક કરવામાં આવી હતી તે પછી આશ્રિત બહેનના દિકરીનું સરનામું લઈને તેને કોન્ટેક્ટ કરતાં તેને પણ બધી વાત કહી અને મારા મમ્મી છે એવું સ્વીકાર્યું ત્યારબાદ તેમણે મળવા બોલાવ્યા તેમની દિકરી અને સાસુને જોઈને આશ્રિત બહેન ખુબજ રડવા લાગ્યા અને ભાવુક બન્યા હતા. પોતાના પરિવારના લોકોને જોઈને આશ્રિત બહેન ખુશ થઈને નાચવા લાગ્યા હતા. પરિવાર તેમને સાથે લઈ જવા માંગતો હોઈ જિલ્લા કલેકટરશ્રીની મંજૂરી લઈને તેમણે તેમના પરિવાર સાથે સોંપી અને પરિવાર સાથે પુનઃસ્થાપન કરાવવામાં આવ્યું હતું.

## વિધાનસભાના અંદાજપત્ર સત્રને કારણે મુખ્યમંત્રીનો રાજ્ય સ્વાગત કાર્યક્રમ યોજાશે નહિ

ગાંધીનગર | તા.25

મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્ર પટેલ દ્વારા દર મહિનાના ચોથા ગુરૂવારે યોજવામાં આવતો પ્રજાજનોની સમસ્યાઓ રજૂઆતોનું નિવારણ માટેનો "રાજ્ય સ્વાગત ઓન લાઈન" જન ફરીયાદ નિવારણ કાર્યક્રમ આ ગૂરૂવાર તા.૨૭-ફેબ્રુઆરી એ યોજાશે નહિ. જિલ્લા અને તાલુકા સ્વાગત રાબેતા મુજબ ચાલુ રહેશે. ગુજરાત વિધાનસભાના હાલ ચાલી રહેલા અંદાજપત્ર સત્રની કામગીરીને અનુલક્ષીને રાજ્ય સ્વાગત મુલત્વી રાખવામાં આવ્યો છે. સૌ સંબંધકર્તા નાગરિકોને આ અંગેની નોંધ લેવા મુખ્યમંત્રીશ્રીના જનસંપર્ક એકમ દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

## સંખેડા તાલુકાના સુંદરપુરા ગામના પ્રગતિશીલ મહિલા ખેડૂત તરબદા જશોદાબેન

કમલેશ પટેલ | સંખેડા



છોટાઉદેપુર જિલ્લાના સંખેડા તાલુકાના સુંદરપુર ગામના મહિલા ખેડૂત તરબદા જરદોશબેન છેલ્લા ૮ વર્ષથી પ્રાકૃતિક કૃષિ કરે છે. પ્રાકૃતિક કૃષિની વાત કરતા જશોદાબેન જણાવે છે કે, છેલ્લા આઠ વર્ષથી આત્મામાં જોડાયા અને પ્રાકૃતિક કૃષિ વિશે તાલીમ મેળવી હતી.ધીરે ધીરે અમે કિચન ગાર્ડનથી શરૂઆત કરેલી પ્રાકૃતિક કૃષિ આજે ૭ વીંઘા જમીનમાં કરતી થઈ છું. આત્મા પ્રોજેક્ટના માર્ગદર્શન હેઠળ વર્મી કમ્પોસ્ટ બનાવ્યું તેનો ઉપયોગ ખેતરમાં કરતા થયા. જેમાં સરકાર દ્વારા ૬૦ હજારની સહાય મળી હતીજીવામૃત, નિમાસ્ત્ર, ભ્રમાસ્ત્ર, અગ્નિસ્ત્ર દશપર્ણી અર્ક ઘરગથ્થુ બનાવી ખેતરમાં છાંટીએ છીએ.ખેડૂતો ઓછા ખર્ચે પ્રાકૃતિક કૃષિ કરી શકે છે.પ્રાકૃતિક કૃષિથી આરોગ્ય જાળવી શકાય.

# શંભુ શરણે પડી માંગુ ઘડી રે ઘડી કસ્ટ કાપો, દયા કરી દર્શન શિવ આપો...



नागेन्द्रहाराय त्रिलोचनाय,
भस्माङ्गरागाय महेश्वराय ।
नित्याय शुद्धाय दिगम्बराय,
तस्मै न काराय नमः शिवाय ॥१॥

રાત્રિ નો પહેલો પ્રહર સમાપ્ત થતાં બીજો પ્રહર શરૂ થતાંજ પાણી પીવાનો અવાજ આવતા ઝાડ પાછળ છૂપાઈ ને પારધી બાણ છોડી રહ્યો હતો ત્યાં બીજું હરણ બોલ્યું કે પારધી,તુ અચૂક મારો શિકાર કરજે પણ અત્યારે મને છોડી દે ભૂખ્યા બાળકો ને મળીને આવું છું. શિકારી નું મન હરણ ને છોડવા માંગતું નહતું પરંતુ હરણ ની વાત સાંભળી ને એને ભૂખ થી ટળવળતા પોતાના બાળકો યાદ આવતા બીજા હરણ ને છોડી દીધું ને બીલી ના ઝાડ પર બેસી ને પહેલા હરણ ની રાહ જોવા લાગ્યો. ત્રીજા પ્રહર માં હરણ ના બે નાનકડાં બચ્ચા ઝાડ પર થી જોતાજ એણે તીર પ્રત્યંચા પર ચડાવ્યું ને બચ્ચા તરફ છોડવા જતો હતો ત્યાં પહેલું હરણ બીજા હરણ સાથે આવ્યું ને બોલ્યું કે અમે તારા શિકાર છીએ અમારા પર તીર છોડ..ત્રણ પ્રહર અને દિવસ પર્યન્ત ભાખ્યા રહીને શિવલિંગ પર જળ ચડાવ્યું, બીલી પધરાવ્યા ને બિલ્વ ફળ નો ભોગ ધરાવ્યો માટે અજાણ્યા પણે શિવરાત્રી નું વ્રત થતાં પારધી ને એનો પૂર્વ જન્મ યાદ આવતા હરણ, હરણી અને બચ્ચાઓ ને મુક્ત કર્યા..એજ ક્ષણે શિવ લોક માંથી શિવ દૂત વિમાન લઈને આવ્યા ને સદેહ પારધી શિવ લોક ગયો..

મન્યતા અનુસાર શિવરાત્રી ના દિવસે માતા પાર્વતી અને શિવજી ના વિવાહ થયા હતા. આજ પણ કાશી ક્ષેત્ર માં શિવરાત્રી નો દિવસ રાત ભગવાન ના લગ્ન માં બધા ભાવ વિભોર બની ને ઉજવે છે.



હિમાલય ના પુત્રી પાર્વતી જી એ પતિ રૂપે શિવજી ને પ્રાપ્ત કરવા ઉગ્ર તપ કર્યું હતું. નારદજી એ વૈરાગી શિવજી ને યાદ અપાવ્યું હતું કે સતી પુનઃ પાર્વતી સ્વરૂપે હિમાલય ને ત્યાં પ્રગટ થઈ ને તમને મેળવવા ઉગ્ર તપ આદરેલ છે. સતી ના વિયોગ થી વ્યાકુળ અર્ધ નારેશ્વર શિવજી ના વિવાહ પાર્વતીજી સાથે રાત્રિ ના ૧૨ના શુભ મુહૂર્ત એ નક્કી થયા હતા. વિવાહ માં કન્યા પક્ષ થી પરિવારના મુખ્ય સભ્યો ઉપવાસ કરતા હોય છે.આજ પણ શિવરાત્રી ના દિવસે કાશી પતિ ના વિવાહ નિમિતે કાશી માં વરપક્ષ અને કન્યા પક્ષ માં લોકો વહેચાઈ ને રાત્રિ ના ૧૨ વાગ્યે પ્રભુ ના મંગલ લગ્ન પ્રસંગ ધામધૂમ થી ભાંગ નો પ્રસાદ ગ્રહણ કરીને ઉત્સાહ આનંદમાં રાત્રિ દરમિયાન ભજન કીર્તન નાચ ગાન માં ત્રણ પ્રહર વિતાવે છે..

શંભુ શરણે પડી માંગુ ઘડી રે ઘડી કસ્ટ કાપો,
દયા કરી દર્શન શિવ આપો

દેવોની સભામાં ખાસ ચર્ચા થતી હતી કે બ્રહ્મા,વિષ્ણુ અને મહેશ ત્રણેય ભગવાન માંથી તુરંત પ્રસન્ન અને દંડ આપનાર કોણ છે? દેવોના રાજા ઈન્દ્ર એ દેવોને કહ્યું કે ભગવાન ભોળાનાથ એના ભક્તો ની નાનકડી સેવાથી પણ પ્રસન્ન થઈ ને વરદાન આપી દે છે. ભક્ત ની ભૂલ બદલ દંડ પણ તુરંત આપી દેતા હોય છે. લોકવાયકા મુજબ ભોળા દેવ ની અડફેટે ભૂલ થી આવ્યા તો સમજો બધું ખલાસ..પૃથ્વી ની શરૂઆત માં નંદી ને પૃથ્વી પર મોકલી ને “એક વાર ભોજન અને ત્રણ વાર સ્નાન” મેસેજ આપવા મોકલ્યા ત્યારે ભૂલ થી એણે મનુષ્યો ને ત્રણવાર ભોજન અને એકવાર સ્નાન સંદેશ આપતા જ ભોળાનાથ ના ગુસ્સા નો શિકાર બન્યા હતા.ભગવાન શિવ એ એના વાહન નંદી ને શ્રાપ આપ્યો છે કે પૃથ્વી પર હળ ચલાવી ને લોકો માટે ઉત્પાદન કરશે. મનુષ્ય એકવાર ભોજન કરી શકે એટલું અન્ન તો ધરા પર ઉપલબ્ધ છે જ.પરંતુ ત્રણ ટાઈમ ભોજન તો નંદી ના પરિશ્રમ વગર અશક્ય છે.

શિવરાત્રી ની પૂજા,જાપ કે અનુષ્ઠાન રાત્રે ૧૨ વાગ્યા થી ચાલુ કરીને સવારે ૪ વાગ્યા સુધી કરવાથી એનું ફળ વિશેષ મળે છે. જો ધન ની ઈચ્છા હોય તો શિવલિંગ પર અક્ષત ચોખા એટલે કે તૂટ્યા વગર ના ચોખા “ઓમ નમઃ શિવાય” મંત્ર નો જાપ કરી ને ચડાવવા,ભગવાન સદાશિવ ને પંચામૃત એટલે દહી,દૂધ,ઘી,ખાંડ,મધ મિશ્રિત થી અભિષેક કરવો અત્યંત ઉતમ છે. મધ થી શિવલિંગ પર અભિષેક કરવાથી રોગ,શત્રુ,માનસિક બીમારી વગેરે હલ થાય છે. ઘી થી શિવલિંગ પર અભિષેક કરવાથી મોક્ષ ની પ્રાપ્તિ થાય છે. શેરડી ના રસ થી શિવલિંગ પર અભિષેક કરવા થી ધનપ્રાપ્તિ થાય છે ને ધન ની સમસ્યા થી કાયમી છુટકારો મળે છે.આ દિવસે રુદ્રાક્ષ ને દૂધ માં મૂકી ને રાત્રિ ના બીજા પ્રહર માં પંચામૃત થી અને શુદ્ધ જળ થી ઓમ નમ શિવાય મંત્ર જાપ કરીને અભિષેક કરી ને સાફ કપડા થી સાફ કરીને ભસ્મ લગાવી ને પહેરવા થી ભય,રોગ, નજર,પિતૃ પીડા જેવી અનેક સમસ્યા હલ થાય છે.શિવરાત્રી ના દિવસે શક્કરિયા,ધતૂરો, બિલી ફળ, શિંગોડા,લીલી સૂકી દ્રાક્ષ વગેરે નો ભોગ ધરાવવા નો રિવાજ છે.આ દિવસે ભક્તો ને પ્રસાદ માં ભાંગ નું દૂધિયું મળે છે ને લોકો ખુશી ખુશી પીવે છે. રાત્રિ ના પહેલા અને છેલ્લા પ્રહર માં દીપમાળા પ્રગટાવી ને ધૂપ અગરબતી પ્રગટાવી ને આરતી કરવાથી ભગવાન ભોળાનાથ પ્રસન્ન થાય ને પ્રગટ હોય છે..શિવરાત્રી ની રાત્રિ એ ઉપવાસ ની સાથે સાથે મંત્ર જાપ અચૂક કરવા જોઈએ.

ગુજરાત ના જૂનાગઢ માં ભવનાથ ની તળેટી માં મોટા પાયે મેળો ભરાય છે ને ત્યાં દેશ દુનિયા થી લાખો માણસો આવી ને માણે છે. નાગા બાવા નો સંઘ લોકો વચ્ચે થી નીકળી ને હર હર મહાદેવ નો નાદ કરી ને ભવનાથ ના મંદિર ના મૃગીકુંડ માં સ્નાન માટે ઉતરે છે એ બાદ ભાગ્યેજ ફરી દર્શન થાય છે. ગુરુ દત્તાત્રેય પણ ભવનાથ ના મેળા મા ઘણા ને દર્શન થતાં હોય છે.. રવેડી નો મેળો જોવા દેશ વિદેશ થી અસંખ્ય લોકો આવે છે ને ભગવાન ના સાક્ષાત સ્વરૂપ ના દર્શન નિહાળવા નો મોકો પ્રાપ્ત કરે છે.ભગવાન ના દર્શન થાય કે ન થાય પણ ભોળાનાથ ની નજર પડી એટલે ભવોભવ ના કર્મોનો નાશ થતા સુખરૂપ શિવદર્શન મળીયા બરોબર છે..

મન ભાવ્યું મન વ્રત કર્યું,શિવ આરાધના ફળી,
દર્શન દેવ ના થાય એવી મનોકામના મારી ફળી.

**- રુપાલી દવે**

અસ્વચ્છ અને ડેડ સ્કિન કોષો ચહેરા પર અટવાઇ રહી શકે છે. તે જ સમયે, જો ચહેરો વધુ પડતો ધોવાઇ જાય, તો તે સ્કિનના અવરોધને નુકસાન પહોંચાડે છે.

# દરેક વ્યક્તિએ દિવસમાં કેટલી વાર ચહેરો ધોવો જોઈએ...?



## દિવસમાં કેટલી વાર ચહેરો ધોવો જોઈએ?

ચહેરાને દિવસમાં બે વાર ધોવો જોઈએ. સવારે ઉઠ્યા પછી અને રાત્રે સૂતા પહેલા ચહેરો ધોવો જરૂરી છે. જો સવારે ઉઠ્યા પછી ચહેરો સાફ કરવામાં આવે તો ચહેરા પર જે પણ પ્રોડક્ટ લગાવવામાં આવે છે, સ્કિન તેને સારી રીતે શોષી લે છે. સાથે જ રાત્રે ચહેરાને ધોવો જરૂરી છે જેથી દિવસની ધૂળ, મેકઅપ વગેરે સ્કિન પરથી દૂર થઈ શકે. આવી સ્થિતિમાં દિવસમાં બે વાર ચહેરો ધોવો જરૂરી છે. જો દિવસ દરમિયાન ચહેરો વધુ તૈલી થઈ જાય અથવા ચહેરા પર ગંદકી દેખાવા લાગે તો તમે ચહેરો ધોઈ શકો છો.

## આ બાબતોને ધ્યાનમાં રાખવી જરૂરી છે

- ચહેરો ધોતી વખતે ખાસ ધ્યાન રાખો કે જે ક્લીન્સરનો ઉપયોગ કરી રહ્યા છો તે સ્કિનના પ્રકાર પ્રમાણે હોવો જોઈએ. જો ક્લીન્સર સ્કિનના પ્રકાર પ્રમાણે ન હોય તો તે ચહેરાને યોગ્ય રીતે સાફ નહીં કરે.
- ચહેરો ધોયા પછી ટોનર અને મોઈશ્ચરાઈઝર લગાવો. જો ટોનર ન લગાવવામાં આવતું હોય તો પણ મોઈશ્ચરાઈઝર લગાવવું ખૂબ જ જરૂરી છે.
- બરછટ ગ્રાન્યુલ્સ સાથે ચહેરો ધોવા પસંદ કરશો નહીં. બરછટ ગ્રાન્યુલ્સથી ફેસવોશ કરવાથી સ્કિન પર નાના કટ પડે છે. આના કારણે, ચહેરાને વધુ પડતા એક્સફોલિયેટ કરી શકાય છે જે સ્કિનને નુકસાન પહોંચાડે છે.
- ચહેરાને ભીનો કરીને ફેસવોશ લગાવો અને ફેસવોશને 20થી 30 સેકન્ડ સુધી ચહેરા પર ઘસ્યા પછી ચહેરો ધોઈને સાફ કરો. ચહેરો ધોયા પછી, સ્કિનને ઘસવા અને તેને લૂછવાને બદલે, ચહેરાને હળવા હાથે થપથપાવીને સૂકવી દો.

સ્કિનને સ્વચ્છ કરવા માટે ચહેરો ધોવામાં આવે છે. જો ચહેરાને યોગ્ય સમયે અને યોગ્ય રીતે ન ધોવામાં આવે તો સ્કિનની સંભાળ પર બહુ અસર થતી નથી. અસ્વચ્છ અને ડેડ સ્કિન કોષો ચહેરા પર અટવાઈ રહી શકે છે. તે જ સમયે, જો ચહેરો વધુ પડતો ધોવાઈ જાય, તો તે સ્કિનના અવરોધને નુકસાન પહોંચાડે છે. અસ્વચ્છ અને ડેડ સ્કિન કોષો ચહેરા પર અટવાઈ રહી શકે છે. તે જ સમયે, જો ચહેરો વધુ પડતો ધોવાઈ જાય, તો તે સ્કિનના અવરોધને નુકસાન પહોંચાડે છે.

# સફેદ વાળથી હેરાન થતાં લોકો આમળાના પાઉડરમાં આ વસ્તુ મિક્સ કરીને લગાવે, વાળ થશે નેચરલ બ્લેક



આમળા પાવડરને ઈન્ડિગો પાવડરમાં મિક્સ કરીને હેર ડાઈ લગાવી બેસ્ટ છે. આ અસરકારક હેર ડાઈથી, સફેદ વાળ થોડીવારમાં કાળા થઈ જાય છે અને 3થી 4 અઠવાડિયા સુધી વાળ કાળો રંગ રહે છે.
ઉંમર વધવાની સાતે વાળ પણ સફેદ થવા લાગે છે. જે લોકો સારો આહાર લે છે તેમના વાળ સમય પહેલા સફેદ થતા નથી. જોકે, ઘણાં લોકો છે જેમના વાળ નાની ઉંમરમાં સફેદ થઈ જાય છે. અત્યારે બજારમાંથી કેમિકલયુક્ત હેર ડાઈ લગાવવાથી વાળને કાળો રંગ તો આવે જ છે પરંતુ તેનાથી મૂળને પણ નુકસાન થાય છે. ત્યારે આમળા પાવડરને ઈન્ડિગો પાવડરમાં મિક્સ કરીને હેર ડાઈ લગાવી બેસ્ટ છે. આ અસરકારક હેર ડાઈથી, સફેદ વાળ થોડીવારમાં કાળા થઈ જાય છે અને 3થી 4 અઠવાડિયા સુધી વાળ કાળો રંગ રહે છે.
ઈન્ડિગો એ કેમિકલ ફ્રી પાવડર છે જે કપડાંને ડાર્ક કલર આપે છે અને તેમાંથી હેર ડાઈ પણ બનાવી શકાય છે. હેર ડાઈ બનાવવા માટે 100 ગ્રામ મહેંદી, 50 ગ્રામ આમળા પાવડર અને 100 ગ્રામ ઈન્ડિગો પાવડર લો અને તેમાં જરૂર મુજબ પાણી ઉમેરી પેસ્ટ બનાવો.
આ પેસ્ટને મિક્સ કરો અને લગભગ 2 કલાક માટે રાખો. હવે આ તૈયાર હેર ડાઈને વાળમાં લગાવો અને 45 મિનિટથી એક કલાક સુધી રાખ્યા બાદ માથું ધોઈ લો. તેને એકથી દોઢ કલાક સુધી પણ રાખી શકાય છે. આ ઈન્ડિગો હેર ડાઈ સફેદ વાળને કાળો રંગ આપે છે. મહેંદીમાં ચાની પત્તી અથવા કોફીનું પાણી ઉમેરીને પેસ્ટ તૈયાર કરો. જો આ પેસ્ટને વાળમાં થોડો સમય લગાવીને ધોઈ નાખવામાં આવે તો વાળ કાળા દેખાવા લાગે છે. વાળને ડીપ બ્લેક કલર આપવા માટે આ હેર ડાઈને એક કલાક સુધી રાખો અને પછી ધોઈ લો.
વાળને ડાઈ કરવા માટે આમળા અને બ્રાહ્મી પાવડર પણ લગાવી શકાય છે. જો તમારા માથા પર થોડા સફેદ વાળ છે અથવા તમે અકાળે સફેદ વાળથી પરેશાન છો, તો તમે તમારા માથા પર આમળા અને બ્રાહ્મી પાવડર લગાવી શકો છો.
સરસવના તેલમાં નીજેલા બીજને મિક્સ કરી માથામાં લગાવવાથી વાળ અકાળે સફેદ થતા અટકે છે. આ તેલ અઠવાડિયામાં 1-2 વખત માથા પર લગાવી શકાય છે.

# હાઈકોલેસ્ટ્રોલ ઘટાડવા લસણનું કરો સેવન, આહારમાં આ 3 રીતે કરો સામેલ



લસણ બ્લડ પ્રેશર ઘટાડવા અને લોહીના ગંઠાવાનું અટકાવવામાં પણ મદદ કરી શકે છે, જે હૃદયના સ્વાસ્થ્ય માટે મહત્વપૂર્ણ છે.
કોલેસ્ટ્રોલ એ શરીરમાં જોવા મળતું ફેટી ઘટક છે, જે કોષની રચના અને હોર્મોન ઉત્પાદન માટે જરૂરી છે. જો કે, જ્યારે કોલેસ્ટ્રોલનું વધી જાય ત્યારે તે ધમનીઓમાં તકતી બનાવી શકે છે, જે હૃદય રોગ અને સ્ટ્રોકનું જોખમ વધારે છે. લસણ એ વર્ષો જૂનો મસાલો અને ઔષધીય વનસ્પતિ છે, જે તેના સ્વાસ્થ્ય લાભો માટે જાણીતી છે. અભ્યાસ દર્શાવે છે કે લસણમાં એલિસિન નામનું સંયોજન હોય છે, જે કોલેસ્ટ્રોલના સ્તરને ઘટાડવામાં મદદ કરી શકે છે. એલિસિન ખરાબ કોલેસ્ટ્રોલ ઘટાડવામાં અને સારા કોલેસ્ટ્રોલને વધારવામાં મદદ કરે છે. આ ઉપરાંત, લસણ બ્લડ પ્રેશર ઘટાડવા અને લોહીના ગંઠાવાનું અટકાવવામાં પણ મદદ કરી શકે છે, જે હૃદયના સ્વાસ્થ્ય માટે મહત્વપૂર્ણ છે.

## તમારા આહારમાં લસણનો સમાવેશ કરવાની 3 સરળ રીતો

તમારા આહારમાં લસણનો સમાવેશ કરવો સરળ છે. તે ઘણી રીતે ખાઈ શકાય છે, જેમ કે કાચા અથવા રાંધેલા. અહીં 3 સરળ રીતો છે જેના દ્વારા તમે તમારા આહારમાં લસણનો સમાવેશ કરી શકો છો.

### કાચું લસણ

કાચું લસણ એલીસીનનો શ્રેષ્ઠ સ્ત્રોત છે. તમે તેને સવારે ખાલી પેટ ખાઈ શકો છો અથવા તેને સલાડ અથવા સેન્ડવીચમાં ઉમેરી શકો છો.

### રાંધેલું લસણ

લસણને શેકીને, શેકીને અથવા તળવાથી તેમાં એલિસિનનું પ્રમાણ ઘટે છે, પરંતુ તે હજુ પણ કોલેસ્ટ્રોલનું સ્તર ઘટાડવામાં મદદ કરી શકે છે. તમે તેને સૂપ, સ્ટ્યૂ અથવા સોસમાં ઉમેરી શકો છો.

**લસણ પૂરક** જો તમને લસણનો સ્વાદ ન ગમતો હોય તો તમે લસણની સપ્લીમેન્ટ્સ લઈ શકો છો. જો કે, કોઈપણ સપ્લિમેન્ટ લેતા પહેલા તમારા ડૉક્ટર સાથે વાત કરવી મહત્વપૂર્ણ છે.

# લાપસી,લાડવા ને ઓરમુ, ગળ્યું તોય બધાને ભાવ્યું



ઘઉં નો ઈતિહાસ ભૂગોળ વિશે એમેઝોન ચેનલ પર આવતી “રાજા રસોયા..” વેબ સીરીઝ માં ઈતિહાસકારો ના મુખેથી જાણ્યું કે “ઘઉં અને બટેટા” વિદેશી પ્રોડક્ટ છે.૫૦૦ વર્ષ પહેલા ઘઉં ભારતીય થાળી નો મુખ્ય હિસ્સો નહતો ત્યારે આશ્ચર્ય થયું.ઘઉં અને બટેટાની ભારતમાં મુસ્લિમ અને અંગ્રેજ શાસકો દ્વારા થઈ હતી. ઈ.સ ૫૦૦ વર્ષ પહેલાં ભારતીય પ્રજાની થાળી માં મોરિયો,ડાંગર,જુવાર,બાજરો, રાગી,મકાઈ,રાજગરો, ચણા વગેરે ધાન કઠોળના હતા.હિન્દુ ધાર્મિક પુરાણો શાસ્ત્રો માં “ઘઉં” માંથી બનેલ રેસીપી નો ખાસ ઉલ્લેખ નથી.મહાભારત માં ભીમ ને જે ઝેરી લાડવા કૌરવો એ આપ્યા હતા એ ચોખાના લોટ માંથી બન્યા હતા દેવી ભાગવત માં “ખીર કે પાયસ” નો ઉલ્લેખ છે એજ રીતે ગુરુ ચરિત્ર અને ભાગવતજીમાં “ડાંગર ની ખેતી” નો ઉલ્લેખ છે. પ્રાચીન કાળમાં નદી કિનારે ખેતી થતી હતી એટલે એ પ્રકાર ના પાક લેવામાં આવતા હતા કે નદી માં પૂર આવતા ખેતર માનો પાક ખરાબ કે બગડી ન જાય. શુદ્ધ સાત્વિક માંસાહારી અને શાકાહારી ભોજનમાં ઘી અને દૂધ નું પ્રમાણ વધારે હતું.પ્રાચીન સમયમાં ભારતમાં ચા કોફી,તમાકુ ની શોધ નહતી થઈ એટલે લોકોનું મુખ્ય વ્યસન “મદિરા અને દૂધ” હશે એવું જૂનું સાહિત્ય વાંચતા સમજાય છે.

બજારમાં સ્ટીલ ના વાસણો એ એન્ટ્રી કરી ત્યારે સમાજ ના ઘણાખરા પરિવારો એ એનો બહિષ્કાર કર્યો હતો. સ્ટીલ એ લોખંડ ધાતુ માંથી બને છે ને લોખંડના પાત્ર માં ભોજન એ અનેક રોગોને નિમંત્રણ આપવા સમાન માનવામાં આવતું હતું. આર્યુવેદ અનુસાર પિત્તળ,ચાંદી અને કાસા માં પીરસાતું ભોજન આરોગ્ય માટે ફાયદાકાર છે. પરંતુ સ્ટીલ ધાતુ ના વાસણનો વિરોધ થોડો સમય સુધી થયો એ બાદ એમાં દેખાતો ચળકાટ લોકોના મન ને મોહી ગયો.તાંબા, પિત્તળ, કાસા અને ચાંદીના વાસણો માં અમુક દિવસો કે મહિનાઓ બાદ ચમક રહેતી નથી ને કાળા પડી જાય છે.આ પ્રકારના ચાંદી વાસણો ને ચમકાવવા માટે સોનીની પાસે મોકલવા પડે અને પીત્તળ ના વાસણો ની કલી આવર નવાર અમુક મહિનાઓ બાદ કરાવવી પડતી હતી. આ પ્રકારની ઝંઝટ થી છૂટવા માટે લોકોએ સ્ટીલ ના વાસણો ને કાયમી રોજ બરોજ ઉપયોગ ની ધાતુ નું સ્થાન આપી દીધું. વર્તમાન સમય ગામડાઓની અભરાઈ એ તાંબા, પીત્તળ ના વાસણો થી ભરપુર શોભા બનાવી છે પરંતુ રસોડામાં સ્ટીલ ના વાસણો નો ચળકાટ ચારેય બાજુ વિખરાયેલા જોવા મળશે. આનો અર્થ એ નથી કે સ્ટીલ ના વાસણો આરોગ્ય માટે અનુકૂળ નથી.માટી ના વાસણો નો યુગ પૂરો થતા તાંબા પિત્તળ ના વાસણ બજાર આવ્યા ત્યારે પણ લોકો માટી ના વાસણ ને બદલે તાંબા પિત્તળ ને અપનાવવા તૈયાર નહતા.

મોટાભાગ ના લોકોને ત્યાં સવાર ના નાસ્તા માં “ઘઉં” નો ઉપયોગ થતો હશે જ.પંજાબી અને ઉતર ભારત ના લોકોનો સવાર નો નાસ્તો પરાઠા હોય છે એટલે અન્ય રાજ્યો કરતા ઉતર ભારત અને પંજાબ હરિયાણા ના લોકો નું મગજ અને શરીર તાકાતવર હોય છે. નાસ્તા નું ટેબલ ચા,દૂધ,કોફીની સાથે ફ્રૂટ, ભાખરી કે પરોઠા,બટેટા નું શાક વગેરે વગેરેથી ભરપુર જોવા મળશે. આનો અર્થ એ નથી કે આ ફૂડ ના લીધે સમસ્યા થઈ શકે છે.વિદેશી લોકો ભાખરી રોટલી ના બદલે બ્રેડનો ભોજન માં ભરપુર ઉપયોગ કરતા હોય છે એના શરીર ને બ્રેડ બટર,ચીઝ, બટેટા સમસ્યા નથી કરતા.ભારતીય ભોજન માં ઘઉ ની એન્ટ્રી થયા બાદ વિવિધ પ્રકારની ઘઉંની સ્વાદિસ્ટ રેસિપીઓનું નિર્માણ થયું.ચુરમાના



**ખોટી માન્યતાઓ**

**- રુપાલી દવે**

ઘી ગોળ ના લાડવા અને સુખડી મનપસંદ મીઠાઈ બની ગઈ.



બાપ દાદા ના જમાના માં એક વ્યક્તિ કમ સે કમ પાંચ દસ લાડવા ખાવા ની તાકાત રાખતો હતો.ઘઉં માંથી બનેલ લાડવા,લાપસી ઓરમુ નું ચલણ ઘરે ઘરે ભરપૂર રહેતું હતું. નાના બાળકો થી લઈને એંશી નેવું વર્ષ ના ઉંમર વાળા ને ઘઉં નો ઉપયોગ ભરપુર માત્રા માં ખોરાક માં કરતા હોવા છતાંય એકપણ શારીરિક સમસ્યા કે વજન વધવા ની સમસ્યા નહતી થતી,કેમ? ખોરાક માં સામેલ કરેલ નિયમિત ભોજન ને પચાવવા માટે પરસેવા પડવા ફરજિયાત છે. ત્યાર ભારત સાચા અર્થ માં ખેતીપ્રધાન દેશ હતો એટલે ખેતીની જમીન બધા આગળ હતી. સો ઘઉં ના લાડવા ખાવાની જેમ પચાવવાની તાકાત જુના સમયના લોકોની હતી.ત્યારે ખેતર ખેડવા મશીન નહતા ને વાહનની શોધ થઈ નહતી.માણસ એક ગામ થી બીજે ગામ પગપાળા જતો હતો. ખેતર માં હળ ની સાથે માણસ એ પણ બળદ ની ચાલે દોડવું પડતું હતું.

આપણા બુઝુર્ગો નું માનવું હતું કે “ખાધું પીધું આગળ બોલશે” શરીર ને બાળપણ થી જ હેલ્થી રાખવાનો પ્રયત્ન કરવો જોઈએ. સવાર નો ભરપેટ નાસ્તો એટલે ટીવી પર આવતી જાહેરાત અનુસાર કેલોગ્સ,મેગી,બ્રેડ જામ બટર વગેરે વગેરે જેવા ખાદ્ય પદાર્થો તો બિલકુલ નહીં.ભારત નો પારંપરિક યુગોથી ચાલ્યો આવતો નાસ્તા સવારનો સાદો નાસ્તો ઘઉંની ભાખરી કે પરાઠા ની સાથે દૂધ કે ચા.વર્તમાન યુગ માં ડાયટીશિયન થી લઈને ડોકટરો એ ઘઉં ને અન હેલ્થી,રોગ ની ફેક્ટરી,ચરબી માં વધારો કરનાર પદાર્થ થી લઈને કેટ કેટલા એવોર્ડ થી સન્માનિત કર્યા છે. આ કારણોસર યુવા વર્ગ ઘઉં જેવો અત્યંત પૌષ્ટિક ખોરાક ખાવા પ્રત્યે પરેજ પાળે છે. રોટલી, ભાખરી કે પરાઠા ના નામથી દૂર ભાગવા લાગે છે એટલે તો સવાર ના નાસ્તા ની જગ્યા બ્રાઉન બ્રેડબટર, કોલોગ્સ વગેરે વગેરે લઈ લીધી છે.

ભારતીય આમ નાગરિક નું શરીર ભાત,રોટલી ભાખરી થી ટેવાઈ ગયું હોય છે. સામન્ય જીવનની રૂટિન બપોર નું ભોજન થાળ દાળ, ભાત, શાક,રોટલી અને સલાડ અથવા શાક રોટલી અને સલાડ છાશ હોય છે,સવારનો નાસ્તો ભાખરી કે પરાઠા સાથે ચા દૂધ,સલાડ કે આચાર હોય છે. યુગો યુગોથી ઘરે ઘર નો સિમ્પલ નાસ્તો હતો. નિયમિત સવાર,સાંજ બપોર ઘઉં નિયમિત ભોજનમાં લેવા છતાંય ત્યારે લોકો અસાધ્ય રોગ,વજન વધવા કે અન્ય ચીલાચાલુ બીમારીઓથી શું પીડિત હતા? દેશી વિદેશી લોકોના ખોરાક અંગેનો સર્વે જોતા સમજાશે કે વર્તમાન સમયમાં યુવક યુવતીઓ હેલ્થ પ્રત્યે સભાન થતા શું ખાવું? એ વિશે યુ ટ્યુબ પર ડાયટ અંગે ની રીલ્સ કે આર્ટિકલ ને વધારે ફોલો કરતા હોય છે. આધુનિકતા ના રંગે રંગાય ને ડાયટ ને ફોલો કરતા હેલ્થ સભાન લોકોથી વધારે તો હેલ્થી,તંદુરસ્ત ભોજન નિયમિત કરતા લોકો લાંબુ આયુષ્ય ભોગવતા હોય છે.મહેનત મજૂરી કરનાર સવાર સાંજ શાક રોટલી ખાનાર લોકોનું વજન વધવું કે રોગ થવો સમસ્યા નથી થતી.

મેદસ્વિતા પર કંટ્રોલ કરવાના ચક્કર માં બાળકો,સ્ત્રીઓ અને પુરુષો ડાયટ ના રવાડે ચડતા ખુદ ના પગ પર કુહાડો મારવા જેવું કરતા હોય છે. “લોહી માં રક્ત કણો ના બદલે શ્વેત કણો ની સંખ્યા ડાયટ ના ચક્કર માં થતી હોય છે.આ કારણોસર શરીર માં ખાલી ચડી જવી,થોડું અંતર કાપ્યા બાદ થાક લાગવો, સખત પગમાં દુખાવો થવો અને ચામડી ફિક્કી પડવી વગેરે વગેરે જેવી અનેક સમસ્યા પેદા થતી હોય છે.નિયમિત ભૂખ અનુસાર ભોજન ના લેવાથી નાની મોટી બિમારીઓ શરીર પર કબજો જમાવી ને બેસી જતા હોય છે.કુદરત એ મનુષ્ય માટે ઉપલબ્ધ કરાવેલ પ્રત્યેક ધાન,અનાજ કઠોળ એ પૌષ્ટિક જ હોવાનું.આમપણ અન્ય અનાજ ની સરખામણી માં ઘઉં ને સંપૂર્ણ આહાર માનવામાં આવ્યો છે,ઘઉં માં રહેલું ગ્લુકોઝ એ શરીર ની અંદર અવિરત ચાલતી પ્રક્રિયામાં મદદ રૂપ થાય છે.જેના લીધે ચક્કર કે બ્લડ ક્લોટ વગેરે સમસ્યા થી છુટકારો મેળવી શકાય છે.જેમ શરીર ને વિટામિન્સ, મિનરલ્સ પ્રોટીન્સ ની જરૂર પડે એજ રીતે ગ્લુકોઝ ની પણ જરૂર પડતી હોય છે.

આપણું શરીર સતત ક્રિયાશીલ રહેતું હોય તો ઘઉં ના ફાયદાઓ એ અન્ય ધાન કરતા વધારે છે.ઘઉં થી વજન વધવા ની સમસ્યા બેઠાડું નીરસ જીવનના લીધે થતી હોય છે.ઘઉં એ બિન આરોગ્ય પ્રદ બિલકુલ નથી એને અનાજ નો રાજા માનવામાં આવ્યો છે. શું ખાવું કે પીવું એ અન્ય ના નક્કી કરી શકે? આ આપણી બાળપણ ની આદત જ નક્કી કરી શકે છે.આપણા એ નક્કી એ કરવાનું છે કે જે પણ જમીએ છીએ એમાં મન ખુશ તો છે ને,મન કંટ્રોલ માં તો સ્વાસ્થ્ય કાબુ માં.

# ગોવિંદા અને સુનિતાના છૂટાછેડાની વાતો માત્ર અફવા: ભાણી આરતી સિંહનો દાવો



(એજન્સી) મુંબઇ | તા.25

બોલીવૂડ અભિનેતા ગોવિંદા અને તેમની પત્ની સુનિતા આહુજા 37 વર્ષના લગ્નજીવન પછી છૂટાછેડા લેવા અંગેના અહેવાલો વહેતા થયા છે. જોકે, જ્યારે ગોવિંદા અને સુનિતાએ આ અંગે કોઈ પ્રતિક્રિયા આપી નથી, પરંતુ ગોવિંદાની ભાણી આરતી સિંહે ચોક્કસપણે આ અંગે પ્રતિક્રિયા આપી છે.

### આરતી સિંહે શું કહ્યું?

ગોવિંદાની ભાણી આરતી સિંહે એક ઈન્ટરવ્યુમાં જણાવ્યું હતું કે, 'સાચું કહું તો, હું હાલમાં મુંબઈમાં નથી, તેથી મેં હજી સુધી આ વિશે કોઈ સાથે વાત કરી નથી, પરંતુ હું તમને એક વાત કહી દઉં કે, આ સમાચાર ખોટા છે. આ માત્ર એક અફવા છે. તેઓ વર્ષોથી મજબૂત અને પ્રેમાળ સંબંધ બાંધ્યો છે, તો પછી તેઓ કેવી રીતે છૂટાછેડા લઈ શકે? મને ખબર નથી કે લોકો આવી અફવાઓ ક્યાંથી મેળવે છે. થોડા સમય પહેલા મારા છૂટાછેડાના સમાચાર પણ કોઈ કારણ વગર ફેલાઈ ગયા હતા. આવી પાયાવિહોણી વાતો છે.'

### સોશિયલ મીડિયા પર કમેન્ટનો ભારો

ઉલ્લેખનીય છે કે, ગોવિંદાની પત્ની સુનીતા પોતાના બિન્દાસ સ્વભાવ માટે જાણીતી છે. થોડા સમય પહેલાં જ્યારે ગોવિંદાને ગોળી વાગી હતી, ત્યારે જાણવા મળ્યું હતું કે, સુનિતા તેની સાથે નથી રહેતી. ત્યારથી બંનેના છૂટાછેડાની અફવાઓએ જોર પકડ્યુ હતું. સુનિતાએ પણ પોતાના ઘણાં ઈન્ટરવ્યૂમાં સંકેત આપ્યો હતો કે, ગોવિંદાનું અફેર છે. તે તેમના ફ્લેટની સામે આવેલા બંગલોમાં રહે છે કારણકે, બંનેનું શિડ્યુલ મેળ ખાઈ રહ્યું નથી. સોશિયલ મીડિયા પર લગ્નજીવનના આ તબક્કામાં છૂટાછેડાની વાતોએ યુઝર્સે અનેક પ્રતિક્રિયાઓ આપી છે.

### એ બંને બધું સંભાળી લેશે- કૃષ્ણા અભિષેક

ગોવિંદાના ભાણેજ અને કોમેડિયન કૃષ્ણા અભિષેકે કહ્યું, આ શક્ય જ નથી. મને લાગે છે કે એ બંને મળીને બધું સંભાળી લેશે. તેઓ છૂટાછેડા નહીં લે. મને ખબર નથી કે તેમની વચ્ચે શું થયું. શક્ય છે કે મામા કે મામીએ કોઈ નિવેદન આપ્યું હોય જે હવે સામે આવી રહ્યું હોય. તેઓ ઘણાં વર્ષોથી સાથે છે. એકબીજાને ખૂબ પ્રેમ કરે છે. મને નથી લાગતું કે આ રીતે છૂટાછેડા થશે.



# પ્રિટી ઝિન્ટાની 18 કરોડની લોન માફ થઈ? કોંગ્રેસના આરોપો બાદ અભિનેત્રીએ તોડ્યું મૌન



(એજન્સી) મુંબઇ | તા.25

બોલિવૂડ એક્ટ્રેસ પ્રિટી ઝિન્ટા ઘણા સમયથી હિન્દી સિનેમાથી દૂર છે. એક્ટ્રેસે વર્ષ 2016માં લોસ એન્જલસ સ્થિત ફાઈનાન્સ એનાલિસ્ટ જીન ગુડનફ સાથે લગ્ન કર્યા છે અને ત્યાં સ્થાયી થઇ છે. પરંતુ હાલમાં જ પ્રિટી ઝિન્ટા પણ મહાકુંભમાં પહોંચી હતી.

હવે એક્ટ્રેસ વિષે કહેવામાં આવી રહ્યું છે ન્યૂ ઈન્ડિયા કોઓપરેટિવ બેન્ક લિમિટેડમાં કથિત ભ્રષ્ટાચારના તાજેતરના અહેવાલોને પગલે, ભારતીય રિઝર્વ બેન્કે તેની કામગીરી પર પ્રતિબંધ મૂક્યો હતો. આ દરમિયાન સમાચાર આવ્યા કે પ્રિટી ઝિન્ટાની 18 કરોડ રૂપિયાની લોન બેન્ક દ્વારા માફ કરવામાં આવી છે.

પ્રિટી ઝિંટાએ એક નિવેદનમાં બેન્ક દ્વારા લોન માફીના સમાચાર પર સ્પષ્ટતા આપી છે. તેણે બેન્ક દ્વારા આ 18 કરોડ રૂપિયા માફ કરવાના આરોપોને નકારી કાઢતા એક્ટ્રેસે કહ્યું કે, 'મારું ખાતું બંધ કરી દેવામાં આવ્યું છે અને મેં મારી બાકી રકમ ચૂકવી દીધી છે.' અહેવાલો અનુસાર, આ લોન યોગ્ય રિકવરી પ્રક્રિયાને અનુસર્યા વિના આપવામાં આવી હતી.

### પ્રિટી ઝિંટાએ કહ્યું- રકમ સંપૂર્ણપણે ચૂકવી દેવામાં આવી છે

આ રિપોર્ટ્સ પર પ્રતિક્રિયા આપતા, એક્ટ્રેસે કહ્યું, '12 કરતાં વધુ વર્ષ પહેલાં, મારી પાસે ન્યૂ ઈન્ડિયા કોઓપરેટિવ બેન્કમાં ઓવરડ્રાફ્ટ સુવિધા હતી. 10 કરતાં વધુ વર્ષ પહેલાં, મેં આ ઓવરડ્રાફ્ટ સુવિધા દ્વારા મેં મારી સંપૂર્ણ લોન ચૂકવી દીધી હતી અને ખાતું બંધ કરવામાં આવ્યું હતું.'

એવું કહેવામાં આવી રહ્યું છે કે છેલ્લા બે વર્ષમાં બેન્કને મોટું નુકસાન થયું છે, જેના કારણે RBIએ તેના પર કડક નિયંત્રણો લગાવ્યા છે. 13 ફેબ્રુઆરી, 2025 થી, આગામી છ મહિના સુધી, બેન્ક ગ્રાહકો ન તો પૈસા ઉપાડી શકશે કે ન તો કોઈ જમા કરી શકશે.તેમજ કર્મચારીઓએ RBI પાસે ફોરેન્સિક ઓડિટની માંગણી કરી હતી.

### બેન્કમાં નાણાકીય ગેરરીતિઓ અને કથિત ભ્રષ્ટાચારના મામલા

બેન્કને લઈને આ વિવાદ ત્યારે શરૂ થયો હતો જ્યારે બેન્કમાં નાણાકીય અનિયમિતતા અને કથિત ભ્રષ્ટાચારના મામલા સામે આવ્યા હતા. તેમજ ન્યુ ઈન્ડિયા કોઓપરેટિવ બેન્કની નાણાકીય સ્થિતિ સતત કથળી રહી હતી. એવું કહેવામાં આવી રહ્યું છે કે છેલ્લા બે વર્ષમાં બેન્કને મોટું નુકસાન થયું છે, જેના કારણે RBIએ તેના કામકાજ પર કડક કાર્યવાહી કરી અને હાલમાં તેના પર પ્રતિબંધ લગાવી દીધો છે.

**પ્રિટી ઝિન્ટા પર શું છે આરોપ?** રિપોર્ટ અનુસાર, બ્રાન્ચ મેનેજરની જાણ વગર 25 કરોડ રૂપિયા સુધીની કોર્પોરેટ લોન મંજૂર કરવામાં આવી હતી. આમાંની ઘણી લોન કથિત રીતે ફંડ ડાયવર્ઝનને કારણે નોન-પર્ફોર્મિંગ એસેટ્સ (NPA) માં ફેરવાઈ ગઈ હતી જેમાં બોલિવૂડ અભિનેત્રી પ્રિટી ઝિન્ટાની રૂ. 18 કરોડની લોન સામેલ હોવાનો દાવો કરવામાં આવ્યો હતો.

# આશિષ ચંચલાણીની ચાર કલાક પૂછપરછ ચાલી

**યુટ્યૂબરે સામેથી 'ઈન્ડિયાઝ ગોટ લેટેન્ટ' કેસમાં પોતાનું નિવેદન નોંધાવવા માટે અધિકારીઓનો સંપર્ક કર્યો હતો**



(એજન્સી) મુંબઇ | તા.25

ગઈકાલે 'ઈન્ડિયાઝ ગોટ લેટેન્ટ' કેસમાં, મહારાષ્ટ્ર સાયબર સેલે ફરીથી આશિષ ચંચલાણી અને રણવીર અલ્લાહબાદિયાને સમન્સ મોકલ્યાં. મહારાષ્ટ્ર સાયબર સેલે બંનેને આ મામલે પોતાના નિવેદનો નોંધાવવા કહ્યું. આ મામલે આશિષ ચંચલાણીએ પોતાનું નિવેદન નોંધાવ્યું. સમાચાર એજન્સી ANI અનુસાર, આશિષ ચંચલાણી ચાર કલાક બાદ નિવેદન નોંધાવી મહારાષ્ટ્ર સાયબર ઓફિસમાંથી નીકળ્યો હતો.

એવા સમાચાર હતા કે બંનેએ પોતે મહારાષ્ટ્ર સાયબર સેલનો સંપર્ક કર્યો હતો. આશિષ અને રણવીર પોતાનું નિવેદન રેકોર્ડ કરાવવા માગતા હતા. અગાઉ, સુપ્રીમ કોર્ટે રણવીર અલ્લાહબાદિયાને માતાપિતા પર અશ્લીલ કોમેન્ટ કરવા બદલ ઠપકો આપ્યો હતો.

### યુટ્યૂબર આશિષની અપીલ પર 21 ફેબ્રુઆરીએ સુનાવણી થઈ હતી

યુટ્યૂબર આશિષ ચંચલાણીએ સુપ્રીમ કોર્ટનો દરવાજો ખખડાવ્યો હતો. તેણે આસામ અને મહારાષ્ટ્રમાં તેની સામે નોંધાયેલા કેસોને રદ કરવા માટે અરજી દાખલ કરી હતી. આ મામલે 21 ફેબ્રુઆરીએ સુનાવણી થઈ હતી. કોર્ટે તેની અરજી પર નોટિસ જારી કરી અને તેને રણવીર અલ્લાહબાદિયાની અરજી સાથે ટેગ કરી. હવે બંને અરજીઓની સુનાવણી એકસાથે કરવામાં આવશે.

# 'કબીર સિંહ' માટે શાહિદ એક દિવસમાં 20 સિગારેટ પીતો

## 'જર્સી'નાં સેટ પર ઈજા થતાં 25 ટાંકા આવ્યા હતા; ડિરેક્ટરને કહ્યું- હું 'વિવાહ' કરવા માંગતો નથી



**'મને 'વિવાહ' ફિલ્મમાંથી કાઢી નાખો'** : જ્યારે શાહિદ તેની કારકિર્દીના ખરાબ તબક્કામાંથી પસાર થઈ રહ્યો હતો, ત્યારે સૂરજ બડજાત્યા દેવદૂત બનીને આવ્યા. તેણે શાહિદને ફિલ્મ 'વિવાહ' ઓફર કરી. સૂરજ એક સરળ અને સુંદર છોકરાને દર્શાવવા માગતો હતો.શાહિદ માટે ફિલ્મનો ખ્યાલ નવો હતો. તે સમયે, તેને પોતાના પર પણ વિશ્વાસ નહોતો. હવે તે ફ્લોપ ફિલ્મો આપી શકે તેવી સ્થિતિમાં નહોતો. છતાં તેણે સૂરજ બડજાત્યાની ઓફર સ્વીકારી. પરંતુ આ ફિલ્મના શૂટિંગને માત્ર 8 દિવસ જ થયા હતા જ્યારે શાહિદ સૂરજ પાસે ગયો અને કહ્યું - સાહેબ, જો તમે હજુ પણ બીજા એક્ટરને કાસ્ટ કરવા માગતા હોય, તો તમે કરી શકો છો. આના પર સૂરજે શાહિદને કહ્યું કે તું ફક્ત તારી એક્ટિંગ પર ધ્યાન આપ, બાકીનું હું સંભાળી લઈશ.

**આજે 44મો જન્મદિવસ**

મુંબઈ | આજે એક્ટર શાહિદ કપૂરનો 44મો જન્મદિવસ છે. તેણે 'ઈશ્ક વિશ્ક', 'વિવાહ', 'જબ વી મેટ', 'હૈદર', 'કબીર સિંહ' જેવી ફિલ્મોમાં કામ કર્યું છે. એક સમય હતો જ્યારે શાહિદની છબી ચોકલેટી હીરો જેવી હતી, પરંતુ પોતાના રોલ સાથે એક્સપેરિમેન્ટ કરીને, તેણે સાબિત કર્યું કે તે ઈન્ટેન્સ રોલ સાથે પણ રોલ કરી શકે છે. જોકે, આ રોલમાં સંપૂર્ણતા પ્રાપ્ત કરવા માટે શાહિદે ઘણો સંઘર્ષ કરવો પડ્યો અને બલિદાન પણ આપવું પડ્યું. ક્યારેક તેણે સ્ટ્રીક ડાયટનું પાલન કરવું પડતું હતું, અને ક્યારેક તેણે ઈચ્છા ન હોવા છતાં દિવસમાં 20 સિગારેટ પીવી પડતી હતી. આજે તેમના 44મા જન્મદિવસ પર, ચાલો જાણીએ શાહિદ કપૂરના જીવનના તે નિર્ણયો વિશે, જે તેણે તેની ફિલ્મો માટે લીધા હતા. શાહિદે 2003માં આવેલી ફિલ્મ 'ઈશ્ક વિશ્ક'થી હીરો તરીકે બોલિવૂડમાં ડેબ્યૂ કર્યું હતું.

લગભગ 200 ઓડિશનમાં 4 વર્ષના સંઘર્ષ અને અસ્વીકાર પછી તેને આ ફિલ્મ મળી. આમાં શાહિદનો ચોકલેટ બોય લુક લોકોને ખૂબ જ પસંદ આવ્યો. તેને ફિલ્મોની ઓફર પણ મળવા લાગી, પરંતુ હજુ પણ કેટલાક લોકોએ શાહિદને કહ્યું કે આ ડેબ્યૂ પછી પણ કંઈ થઈ શકે નહીં. હૃતિક રોશને શાહિદથી 2 વર્ષ પહેલા બોલિવૂડમાં ડેબ્યૂ કર્યું હતું. ઈન્ડસ્ટ્રીનાં લોકોએ કહ્યું કે તે 5 વર્ષમાં ફક્ત એક જ નવા એક્ટરને હીરો તરીકે અપનાવી શકે છે. તેણે જે કહ્યું તે સાચું પડ્યું.

# 49 વર્ષે પણ લગ્ન કરવા માગે છે સુષ્મિતા સેન....



**એક્ટ્રેસે કહ્યું- દિલનો સંબંધ ખબ જ રોમેન્ટિક હોય છે, લગ્ન માટે લાયક પણ કોઈ મળવું જોઈએ**

(એજન્સી) મુંબઇ | તા.25

સુષ્મિતા સેને તાજેતરમાં જ તેના ઈન્સ્ટાગ્રામ લાઈવ સેશન દ્વારા ફેન્સ અને ફોલોઅર્સ સાથે વાતચીત કરી હતી. આ દરમિયાન તેણે લગ્ન અંગે પોતાના વિચારો પણ શેર કર્યા. તેણે કહ્યું કે તે લગ્ન કરવા માગે છે, પરંતુ તેણે યોગ્ય જીવનસાથી શોધવો જોઈએ.

ઈન્સ્ટાગ્રામ પર લાઈવ સેશન દરમિયાન, સુષ્મિતા સેને જણાવ્યું કે, જયપુરમાં એક લગ્નમાં હાજરી આપવા ગઈ હતી. આના પર, એક યુઝરે સુષ્મિતાને તેના લગ્ન વિશે પ્રશ્ન પૂછ્યું.

જેના જવાબમાં તેણે કહ્યું-હું પણ લગ્ન કરવા માગુ છું. પરંતુ લગ્ન માટે કોઈ લાયક મળવું તો જોઈએ. લગ્ન કરવા એટલાં સરળ થોડી છે. એવું કહેવાય છે કે દિલનો સંબંધ ખૂબ જ રોમેન્ટિક રીતે બને છે. મેસેજ દિલ સુધી પહોંચવો જોઈએ. હું પણ લગ્ન કરીશ.

સુષ્મિતા સેન અને તેનો એક્સ બોયફ્રેન્ડ રોહમન શાલ

સુષ્મિતા રોહમન શોલને ડેટ કરી રહી હતી

સુષ્મિતા સેને મોડેલ રોહમન શોલને અઢી વર્ષ સુધી ડેટ કરી. બંને વચ્ચે 15 વર્ષનો તફાવત હતો. બંને લિવ-ઈન રિલેશનશિપમાં પણ હતા. રોહમનનું સુષ્મિતાની બંને દીકરીઓ, રેની અને અલીસા સાથે પણ ખૂબ જ સારું બોન્ડિંગ છે. પરંતુ વર્ષ 2021માં, બંનેનું બ્રેકઅપ થઈ ગયું.

સુષ્મિતાએ પોતે એક ઈન્સ્ટાગ્રામ પોસ્ટ દ્વારા આ માહિતી આપી હતી. તેણે લખ્યું હતું- આપણે મિત્ર તરીકે શરૂઆત કરી હતી, આપણે મિત્રો જ રહ્યા!!' સંબંધ ખૂબ જૂનો થઈ ગયો હતો... પ્રેમ હજુ પણ બાકી છે. જોકે, બંને હજુ પણ ઘણી વખત સાથે જોવા મળે છે.

# શ્રદ્ધા કપૂરનું બ્રેકઅપ નથી થયું!



## અમદાવાદમાં એક્ટ્રેસે રૂમર્ડ બોયફ્રેન્ડ સાથે પાણીપૂરીની મજા માણી; ઈકોનોમી ક્લાસમાં ટ્રાવેલ કરી સાદગી બતાવી

(એજન્સી) અમદાવાદ | તા.25

બોલિવૂડ એક્ટ્રેસ શ્રદ્ધા કપૂર અને સ્ક્રિપ્ટ રાઈટર રાહુલ મોદી કેટલીક વખત રિલેશનશિપની તો કેટલીક વખત બ્રેકઅપની અટકળોને કારણે ચર્ચામાં રહે છે. થોડા સમય પહેલાં આવા સમાચાર સામે આવ્યા હતા કે બંનેનું બ્રેકઅપ થઈ ગયું છે પરંતુ હાલમાં સામે આવેલી કેટલીક તસવીરો આ અટકળોને ફગાવી દીધી છે.

રૂમર્ડ કપલે લીધી અમદાવાદની મુલાકાત પાપારાઝીએ શ્રદ્ધા કપૂર અને રાહુલ મોદીને હાલમાં ફ્લાઈટના ઈકોનોમી ક્લાસમાં સ્પોટ કર્યાં હતાં. બંને એક જ ફ્રેમમાં દેખાયાં અને એકબીજા સાથે વાત કરી રહ્યાં હતાં. રાહુલ અને શ્રદ્ધા બંનેએ મેચિંગ કપડાં પણ પહેર્યાં હતાં. આના એક દિવસ પહેલાં રૂમર્ડ કપલે અમદાવાદમાં એક રિસેપ્શનમાં હાજરી આપી હતી. આ બંને વાતના ફોટો-વીડિયો હાલ સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ રહ્યા છે.



શ્રદ્ધા કપૂર અને રાહુલ મોદી તાજેતરમાં અમદાવાદમાં એક લગ્નના રિસેપ્શનમાં હાજર રહ્યાં હતાં. બંનેએ સ્ટેજ પર નવદંપતી સાથે ફોટો પણ પડાવ્યો હતો. ફક્ત એટલું જ નહીં આ ઈવેન્ટમાં એક્ટ્રેસે પાણીપૂરીનો આનંદ પણ માણ્યો હતો. સાથે જ તેણે તસવીર શેર કરતાં લખ્યું, 'હું ગણવાનું ભૂલી ગઈ, પછી મને યાદ આવ્યું કે લગ્નમાં તો અનલિમિટેડ હોય છે. સાથે જ બીજી ઘણી બધી તસવીરો શેર કરી.





# ન્યૂઝીલેન્ડની જીતથી પાકિસ્તાન બહાર ફેંકાયું કિવીઝ સાથે ઈન્ડિયા સેમિફાઈનલમાં પ્રવેશ

(એજન્સી) લાહોર તા 25

ચેમ્પિયન્સ ટ્રોફી 2025માં ન્યૂઝીલેન્ડે સતત બીજી જીત મેળવી છે. સોમવારે ટીમે બાંગ્લાદેશને 5 વિકેટથી હરાવ્યું. આ પરિણામ સાથે બાંગ્લાદેશ અને પાકિસ્તાનની ટીમો ટુર્નામેન્ટમાંથી બહાર થઈ ગઈ. જ્યારે ગ્રુપ A માંથી ન્યૂઝીલેન્ડ અને ભારતની ટીમો સેમિફાઈનલમાં પહોંચી છે.

રાવલપિંડી ક્રિકેટ સ્ટેડિયમ ખાતે ન્યૂઝીલેન્ડે ટોસ જીતીને બોલિંગ પસંદ કરી. બાંગ્લાદેશે 50 ઓવરમાં 9 વિકેટ ગુમાવીને 236 રન બનાવ્યા. ન્યૂઝીલેન્ડે 46.1 ઓવરમાં 5 વિકેટ ગુમાવીને લક્ષ્યનો પીછો કર્યો. ન્યૂઝીલેન્ડ તરફથી રચિન રવીન્દ્રએ 105 બોલમાં 112 રનની ઈનિંગ રમી. તેણે 12 ચોગ્ગા અને એક છગ્ગો ફટકાર્યો. ટોમ લેથમે 55 રન બનાવ્યા. માઈકલ બ્રેસવેલે 4 વિકેટ લીધી. બાંગ્લાદેશ તરફથી કેપ્ટન નઝમુલ હુસૈન શાંતોએ 77 અને ઝાકિર અલીએ 45 રન બનાવ્યા. ચેમ્પિયન્સ ટ્રોફી 2025ની છઠ્ઠી મેચમાં ન્યુઝીલેન્ડની ટીમે બાંગ્લાદેશ સામે આસાન જીત નોંધાવી હતી. ન્યુઝીલેન્ડની આ જીતથી બે ટીમો ટુર્નામેન્ટમાંથી બહાર થઈ ગઈ છે. ન્યુઝીલેન્ડે બાંગ્લાદેશને હરાવીને ચેમ્પિયન્સ ટ્રોફી 2025ની સેમીફાઈનલમાં પોતાનું સ્થાન સુરક્ષિત કર્યું અને બાંગ્લાદેશની સાથે પાકિસ્તાનને પણ ટુર્નામેન્ટમાંથી બહાર ફેંકી દીધું હતું. ચેમ્પિયન્સ ટ્રોફી 2025ની છઠ્ઠી મેચ ન્યુઝીલેન્ડ અને બાંગ્લાદેશની ટીમો વચ્ચે રાવલપિંડીમાં રમાઈ હતી. આ બંને ટીમો ભારત અને પાકિસ્તાન સાથે ગ્રુપ A માં સામેલ છે. આ મેચના પરિણામથી ગ્રુપ A ની બંને સેમીફાઈનલ ટીમોના નામ નક્કી થઈ ગયા છે. આ મેચમાં ન્યુઝીલેન્ડની ટીમે બાંગ્લાદેશ સામે આસાન વિજય મેળવ્યો હતો. આ પહેલા, તેઓએ પોતાની શરૂઆતની મેચમાં પાકિસ્તાનને હરાવ્યું હતું. ન્યુઝીલેન્ડની આ જીત બાદ બે ટીમો સેમીફાઈનલની રેસમાંથી બહાર થઈ ગઈ છે.ચેમ્પિયન્સ ટ્રોફી 2025ની સેમીફાઈનલની રેસમાં ટકી રહેવા માટે પાકિસ્તાનને બાંગ્લાદેશની જીતની જરૂર હતી, પરંતુ ન્યુઝીલેન્ડની જીતથી તેમની આશાઓ પર પાણી ફરી ગયું. પાકિસ્તાન ટીમ માટે આ એક મોટો ફટકો છે કારણ કે તેઓ આ ટુર્નામેન્ટમાં ઘણી આશાઓ સાથે આવ્યા હતા. પાકિસ્તાન આ ટુર્નામેન્ટનું યજમાન પણ છે.તમને જણાવી દઈએ કે, પાકિસ્તાનની સાથે બાંગ્લાદેશની ટીમ પણ સેમીફાઈનલની રેસમાંથી બહાર થઈ ગઈ છે. આ બંને ટીમો આ ટુર્નામેન્ટમાં હજુ સુધી એક પણ મેચ જીતી શકી નથી. પાકિસ્તાનને તેની પહેલી મેચમાં ન્યુઝીલેન્ડ સામે હારનો સામનો કરવો પડ્યો હતો. જ્યારે બીજી મેચમાં પાકિસ્તાનનો ભારતીય ટીમ સામે પરાજય થયો હતો. બીજી તરફ, બાંગ્લાદેશ પણ ન્યુઝીલેન્ડ પહેલા હારી ગયું હતું. હવે આ બંને ટીમો ગ્રુપ સ્ટેજમાં પોતાની છેલ્લી મેચ એકબીજા સામે રમશે, જેની પોઈન્ટ ટેબલ પર કોઈ અસર પડશે નહીં. ન્યુઝીલેન્ડ-બાંગ્લાદેશ મેચમાં ન્યુઝીલેન્ડની ટીમે ટોસ જીતીને પ્રથમ બોલિંગ કરવાનો નિર્ણય લીધો, જે યોગ્ય સાબિત થયો. બાંગ્લાદેશની ટીમ 50 ઓવરમાં 9 વિકેટ ગુમાવીને માત્ર 236 રન જ બનાવી શકી.

# શ્રેયસે કહ્યું- પાકિસ્તાન સામે કોઈપણ જીત સારી હોય છે

(એજન્સી) દુબઈ તા 25

ટીમ ઈન્ડિયાના મિડલ ઓર્ડર બેટર શ્રેયસ અય્યરે પાકિસ્તાન સામેની જીતને સારી ગણાવી. રવિવારે ચેમ્પિયન્સ ટ્રોફીના પાંચમા મુકાબલામાં ભારતે પાકિસ્તાનને 6 વિકેટે હરાવ્યું. દુબઈમાં પાકિસ્તાને ટૉસ જીતીને બેટિંગ પસંદ કરી. ટીમ 49.4 ઓવરમાં 241 રન બનાવીને ઓલઆઉટ થઈ ગઈ. ભારતે 42.3 ઓવરમાં 4 વિકેટ ગુમાવીને ટાર્ગેટ ચેઝ કર્યો. મેચ પછી પ્રેસ કોન્ફરન્સમાં અય્યરે કહ્યું, 'મેં હજુ સુધી પાકિસ્તાનમાં એક પણ મેચ રમી નથી,

તેથી મને ખબર નથી કે ત્યાં કેવું લાગે છે. પરંતુ તે તટસ્થ સ્થળ હતું અને બંને ટીમ માટે પડકારજનક હતું. પાકિસ્તાન સામેની કોઈપણ જીત સારી હોય છે કારણ કે મેચ હંમેશા સ્પર્ધાત્મક હોય છે.' તેણે વધુમાં કહ્યું કે, 'આ એક મોટો પડકાર છે કારણ કે તેમાં ઘણું દબાણ પણ છે.

પાકિસ્તાન સામે મારી ત્રીજી મેચ હતી, મને ખૂબ મજા આવી.' આ મેચમાં કોહલીએ અણનમ 100 રન બનાવ્યા. વિરાટે વન-ડેમાં તેની 51મી સદી અને ઈન્ટરનેશનલ ક્રિકેટમાં 82મી સદી ફટકારી. શ્રેયસ અય્યરે પાકિસ્તાન સામે અડધી સદી ફટકારી હતી. તેની પ્રશંસા કરતા અય્યરે કહ્યું, 'મને ક્યારેય એવું લાગ્યું નહીં કે વિરાટ રન માટે સંઘર્ષ કરી રહ્યો છે. તે હંમેશા રન માટે ભૂખ્યો રહે છે. મને યાદ છે કે તે આ મેચ પહેલા પ્રેક્ટિસ માટે અમારાથી એક કલાક પહેલા આવ્યો હતો. આમાં તે હંમેશની જેમ શાનદાર ફોર્મમાં જોવા મળ્યો.' શ્રેયસ અય્યરે પાકિસ્તાન સામે અડધી સદી ફટકારી હતી. તેણે 67 બોલમાં 56 રન બનાવ્યા. અય્યરે કોહલી સાથે 114 રનની મહત્વપૂર્ણ ભાગીદારી કરી. બંને ટીમ માટે હતું. સામેની કોઈપણ જીત સારી હોય છે કારણ કે મેચ હંમેશા સ્પર્ધાત્મક હોય છે.' તેણે વધુમાં કહ્યું કે, 'આ એક મોટો પડકાર છે કારણ કે તેમાં ઘણું દબાણ પણ છે. પાકિસ્તાન સામે મારી ત્રીજી મેચ હતી,



# સ્મૃતિ મંધાનાએ પિતાની સામે કરી મોટી ભૂલ

(એજન્સી) બેંગ્લુરુ તા 25



WPL 2025ની નવમી મેચમાં સ્મૃતિ મંધાનાનું બેટ ન ચાલ્યું. RCBની કેપ્ટન યુપી વોરિયર્સની કેપ્ટન દીપ્તિ શર્માનો શિકાર બની. મોટી વાત એ છે કે સ્મૃતિ મંધાનાએ સતત ત્રીજી વખત દીપ્તિ શર્મા સામે શરણાગતિ સ્વીકારી હતી. સ્મૃતિ મંધાનાનો દીપ્તિ શર્મા સામેનો સંઘર્ષ તેના પિતા અને ભાઈએ પણ સ્ટેડિયમમાં બેસીને જોયો હતો. સ્મૃતિ મંધાના વર્તમાન યુગની શ્રેષ્ઠ મહિલા ક્રિકેટરોમાંની એક છે. પરંતુ યુપી વોરિયર્સની કેપ્ટન દીપ્તિ શર્મા સામે તે સતત ફ્લોપ સાબિત થઈ રહી છે. WPL 2025ની નવમી મેચમાં પણ આ જોવા મળ્યું હતું. RCBની કેપ્ટન સ્મૃતિ મંધાનાને દીપ્તિ શર્માએ ક્લીન બોલ્ડ કરી હતી. બોલ એટલો ખાસ નહોતો દીધી હતી. મોટી વાત એ હતી કે તેના પિતા અને ભાઈ પણ સ્ટેડિયમમાં આ બધું જોઈ રહ્યા હતા. ચાલો તમને જણાવીએ કે દીપ્તિ શર્માએ સ્મૃતિ મંધાનાને કેવી રીતે પરેશાન કરી છે.WPL 2025ની આ સિઝન ક્રિકેટ પ્રેમીઓ માટે ઘણી રોમાંચક ક્ષણો લઈને આવી છે. જેમાં દીપ્તિ શર્માનું સ્મૃતિ મંધાના સામેનું શાનદાર પ્રદર્શન હાઈલાઈટ બન્યું છે. આ સિઝનમાં જ્યારે પણ RCB કેપ્ટન સ્મૃતિ મંધાનાએ દીપ્તિ શર્માનો સામનો કર્યો છે, ત્યારે દીપ્તિ સ્મૃતિને આઉટ કરવામાં સફળ રહી છે. ત્રણ વખત સ્મૃતિ મંધાનાને આઉટ કરીને દીપ્તિ શર્માએ સાબિત કર્યું છે કે તેણીમાં કોઈપણ મોટા બેટ્સમેનને આઉટ કરવાની ક્ષમતા છે. સ્મૃતિ મંધાનાને ઓફ સ્પિનરો સામે વધુ સમસ્યાઓનો સામનો કરવો પડે છે. જો આપણે મહિલા પ્રીમિયર લીગના આંકડા જોઈએ તો આ હકીકત સાબિત થાય છે. આ ટુર્નામેન્ટમાં ઓફ સ્પિનરો સામે સ્મૃતિ મંધાના 11 વખત આઉટ થઈ છે. ઓફ સ્પિનરો સામે તેની એવરેજ માત્ર 11.45 છે. એ સ્પષ્ટ છે કે જો સ્મૃતિ મંધાના આ નબળાઈમાં સુધારો નહીં કરે, તો ભવિષ્યમાં તેને વધુ મુશ્કેલીઓનો સામનો કરવો પડશે. જોકે, યુપી વોરિયર્સ સામેની મેચમાં મંધાનાના આઉટ થવાથી RCBને બહુ નુકસાન થયું ન હતું.

# પાકિસ્તાન સામે વિરાટ કોહલી રેકોર્ડ્સ બનાવતો જ જાય છે

(એજન્સી) દુબઈ તા 25

ચેમ્પિયન્સ ટ્રોફીના હાઈ-વોલ્ટેજ મેચમાં ભારતે પાકિસ્તાનને 6 વિકેટે હરાવ્યું હતું. વિરાટ કોહલીની સદીની મદદથી, ભારતે દુબઈ સ્ટેડિયમમાં 45 બોલ બાકી રહેતા 242 રનનો ટાર્ગેટ એકતરફી રીતે ચેઝ કર્યો. રવિવારનો દિવસ રોહિત શર્મા અને વિરાટ કોહલીના નામે રેકોર્ડનો દિવસ હતો. કોહલીએ ODI ક્રિકેટમાં સૌથી ઝડપી 14 હજાર રન બનાવ્યા. તેણે આ ફોર્મેટમાં સૌથી વધુ કેચ પણ લીધા. રોહિતે વન-ડેમાં ઓપનર તરીકે સૌથી ઝડપી 9 હજાર રન બનાવ્યા. ભારતીય ટીમે વન-ડેમાં સતત 12મી વખત ટૉસ હાર્યો. . રોહિતે ODIમાં ઓપનર તરીકે સૌથી ઝડપી 9 હજાર રન બનાવ્યા રોહિત શર્મા ઓપનર તરીકે 9,000 રન બનાવનાર સૌથી ઝડપી ખેલાડી બન્યો. આ રન માટે તેણે 181 ઈનિંગ્સ લીધી. બીજા નંબરે સચિન તેંડુલકર છે, જેમણે 197 ઈનિંગ્સમાં 9 હજાર રન બનાવ્યા હતા. ઓપનિંગ પોઝિશનમાં સચિનના 15310 રન છે.ICC ODI ટુર્નામેન્ટમાં 50+ સ્કોર કરવાના મામલે વિરાટ કોહલીએ સચિન તેંડુલકરની બરાબરી કરી લીધી છે. બંનેનો સ્કોર 23-23 50+ છે. ત્રીજા નંબરે કેપ્ટન રોહિત શર્મા છે, જેણે 18 વખત 50 કે તેથી વધુ રન બનાવ્યા છે. વિરાટ કોહલીએ વન-ડે ક્રિકેટમાં વધુ એક રેકોર્ડ પોતાના નામે કર્યો છે. તે હવે 14 હજાર રન બનાવનાર સૌથી ઝડપી બેટર બની ગયો છે. આ માટે તેણે 287 ઈનિંગ્સ લીધી. તેમના પહેલાં આ રેકોર્ડ સચિન તેંડુલકરના નામે હતો, તેમણે 350 ઈનિંગ્સમાં 14 હજાર રન બનાવ્યા હતા.હાર્દિક પંડ્યા પાકિસ્તાન સામે ICC ટુર્નામેન્ટમાં સૌથી વધુ વિકેટ લેનાર બોલર બન્યો. તેણે ટીમ સામે 15 વિકેટ લીધી છે. આ રેકોર્ડમાં બીજા સ્થાને ઓસ્ટ્રેલિયાનો મિચેલ સ્ટાર્ક છે, જેણે 11 વિકેટ લીધી છે.ભારત પાકિસ્તાન સામે ટૉસ જીતી શક્યું નહીં. આ સાથે, ભારતીય ટીમે ODIમાં સતત 12મી વખત ટૉસ હારી ગયો. કેપ્ટન રોહિત શર્મા 2023ના ODI વર્લ્ડ કપ પછી એક પણ ટૉસ જીતી શક્યો નથી. આ પહેલાં, નેધરલેન્ડ્સે માર્ચ 2011 થી ઑગસ્ટ 2013 સુધી 11 ટૉસ હારી હતી.વિરાટ કોહલી ઓસ્ટ્રેલિયાના રિકી પોન્ટિંગને પાછળ છોડીને આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં ત્રીજા સૌથી વધુ રન બનાવનાર ખેલાડી બની ગયો છે. તેના હવે 27,503 રન છે. હવે કોહલીથી આગળ કુમાર સંગાકારા અને સચિન તેંડુલકર છે. પોન્ટિંગના નામે 27483 રન છે. 7. કોહલી આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં ત્રીજા ક્રમનો સૌથી વધુ રન બનાવનાર ખેલાડી બન્યો.



# ભારતને મેચના 6 દિવસ પહેલા જ સેમીફાઈનલમાં મળ્યું સ્થાન



(એજન્સી) દુબઈ તા 25

ચેમ્પિયન્સ ટ્રોફી 2025માં એક કરતા વધુ રોમાંચક મેચ રમાઈ રહી છે. આ દરમિયાન બે ટીમો સેમીફાઈનલ માટે ક્વોલિફાય થઈ છે, જેમાં ટીમ ઈન્ડિયાનું નામ પણ સામેલ છે. ટીમ ઈન્ડિયાએ ટુર્નામેન્ટમાં તેની છેલ્લી ગ્રુપ સ્ટેજ મેચ 2 માર્ચે રમવાની છે, પરંતુ તે પહેલાથી જ સેમીફાઈનલ માટે ક્વોલિફાય થઈ ગઈ છે. આનો અર્થ એ થયો કે ન્યુઝીલેન્ડ સામેની મેચ ટીમ ઈન્ડિયા માટે એક ઔપચારિકતા છે. આ મેચનું પરિણામ સેમીફાઈનલ માટેની રેસને અસર કરશે નહીં. ચેમ્પિયન્સ ટ્રોફી 2025ની છઠ્ઠી મેચ ન્યુઝીલેન્ડ અને બાંગ્લાદેશની ટીમો વચ્ચે રાવલપિંડીમાં રમાઈ હતી. આ મેચમાં ન્યુઝીલેન્ડની ટીમે સરળ વિજય નોંધાવ્યો અને સેમીફાઈનલમાં પોતાનું સ્થાન નિશ્ચિત કર્યું.બંને ટીમોએ શાનદાર પ્રદર્શન કર્યું છે અને ગ્રુપ સ્ટેજ જીતીને આગામી રાઉન્ડમાં પોતાનું સ્થાન નિશ્ચિત કર્યું છે. હવે બધાની નજર સેમીફાઈનલ પર છે, જ્યાં આ બંને ટીમો ટાઈટલના જીતવાના સ્વપ્નને સાકાર કરવા માટે મેદાનમાં ઉતરશે. ન્યુઝીલેન્ડના કેપ્ટન ટોમ લેથમની કેપ્ટનશીપ હેઠળ ટીમે સંતુલિત રમતનું પ્રદર્શન કર્યું છે, જેમાં અનુભવી ખેલાડીઓની સાથે યુવા ખેલાડીઓએ પણ પોતાની છાપ છોડી છે. બીજી તરફ, ભારતે પણ તેની બંને ગ્રુપ મેચ સરળતાથી જીતી લીધી છે. તમને જણાવી દઈએ કે, ન્યુઝીલેન્ડ, બાંગ્લાદેશ, ભારત અને પાકિસ્તાનની ટીમો ગ્રુપ A માં છે. આ ગ્રુપમાં ભારત અને ન્યુઝીલેન્ડે તેની બંને શરૂઆતની મેચ જીતી છે અને બંને ટીમોના 4-4 પોઈન્ટ છે. આવી સ્થિતિમાં, હવે બાંગ્લાદેશ અને પાકિસ્તાન 2-2 મેચ હાર્યા પછી આટલા બધા પોઈન્ટ સુધી પહોંચી શકશે નહીં, જેના કારણે ભારત અને ન્યુઝીલેન્ડને સેમીફાઈનલની ટિકિટ મળી ગઈ છે.

# વનડેમાં સૌથી પહેલી બેવડી સદી ફટકારવાના 15 વર્ષ બાદ સચિનને મળ્યું ખાસ સરપ્રાઈઝ



(એજન્સી) નવી દિલ્હી તા 25

24 ફેબ્રુઆરીનો દિવસ મહાન ક્રિકેટર સચિન તેંડુલકર માટે ખૂબ જ ખાસ છે. આ દિવસે સચિન ODI ફોર્મેટમાં બેવડી સદી ફટકારનાર પ્રથમ પુરુષ ક્રિકેટર બન્યો હતો. આ ખાસ ક્ષણના 15 વર્ષ પૂર્ણ થવા પર સચિનને સાથી ખેલાડીઓએ ખાસ સરપ્રાઈઝ આપ્યું હતું. ક્રિકેટના ભગવાન કહેવાતા સચિન તેંડુલકર માટે 24 ફેબ્રુઆરીનો દિવસ ખૂબ જ ખાસ છે. આ દિવસે તે ODI માં બેવડી સદી ફટકારનાર પ્રથમ ખેલાડી બન્યો હતો. આજે, એટલે કે 24 ફેબ્રુઆરી 2025ના રોજ તે ઐતિહાસિક ક્ષણને 15 વર્ષ વીતી ગયા. સચિન તેંડુલકરે દક્ષિણ આફ્રિકાની ટીમ સામે આ કારનામું કર્યું હતું. તે હાલમાં ઈન્ટરનેશનલ માસ્ટર્સ લીગમાં ઈન્ડિયા માસ્ટર્સ ટીમનું નેતૃત્વ કરી રહ્યો છે. આ લીગ દરમિયાન સચિન સાથે રમી રહેલ ખેલાડીઓએ તેને એક મોટું સરપ્રાઈઝ આપ્યું હતું. આંતરરાષ્ટ્રીય માસ્ટર્સ લીગમાં ક્રિકેટના દિગ્ગજો રમી રહ્યા છે, જેમાં સચિન સચિને સોશિયલ મીડિયા પર એક વીડિયો શેર કર્યો છે, જેમાં તેણે પોતાની બેવડી સદીના 15 વર્ષ પૂર્ણ થવા પર ઉજવણી કરી છે. વીડિયોમાં જોઈ શકાય છે કે સચિન પ્રેક્ટિસમાંથી ડ્રેસિંગ રૂમમાં પાછો ફરી રહ્યો હતો, જ્યાં યુવરાજ સિંહ સહિત અન્ય તમામ ખેલાડીઓ કેક લઈને તેની રાહ જોઈ રહ્યા હતા. આ પછી સચિને કેક કાપી અને બધા ખેલાડીઓનો આભાર માન્યો.

# પાકિસ્તાનને હરાવ્યા બાદ હાર્દિક પંડ્યાની દરિયા કિનારે મોજ



ભારતીય ક્રિકેટ ટીમનો ઓલરાઉન્ડર હાર્દિક પંડ્યા બ્રેક પર છે. આ સમય દરમિયાન, હાર્દિક પંડ્યા સુંદર સ્થળોએ આનંદ માણી રહ્યો છે. હાર્દિક પંડ્યાએ સોશિયલ મીડિયા પર ફોટો શેર કર્યો છે. આ ફોટામાં, તે દરિયા કિનારે દેખાઈ રહ્યો છે. પાકિસ્તાન સામેની મેચમાં તેનું ખૂબ જોરદાર પ્રદર્શન રહ્યુંપંડયાની આ સ્ટાઈલ ચાહકોને ખૂબ પસંદ આવી રહી છે.

# 60 કરોડથી વધુ લોકોએ ભારત-પાકિસ્તાન મેચ જોઈ




(એજન્સી) દુબઈ તા 25

જરા વિચારો અને તમારા મગજને ઉજાગર કરો કે દુબઈમાં ભારત-પાકિસ્તાન મેચ કેટલા કરોડ લોકોએ જોઈ હશે. ચેમ્પિયન્સ ટ્રોફીની આ મેચ 50 કે 55 નહીં પણ 60 કરોડથી વધુ લોકોએ લાઈવ સ્ટ્રીમિંગ દ્વારા માણી અને અગાઉના બધા રેકોર્ડ તૂટી ગયા. ચેમ્પિયન્સ ટ્રોફીમાં ટીમ ઈન્ડિયાએ પાકિસ્તાન સામે શાનદાર જીત નોંધાવી અને ભારતીય ખેલાડીઓએ ઘણા રેકોર્ડ બનાવ્યા. કોહલીએ પોતાના બેટથી અનેક રેકોર્ડ બનાવ્યા જ્યારે હાર્દિક પંડ્યા અને કુલદીપ યાદવે પણ બોલિંગમાં રેકોર્ડ બનાવ્યા. ભારત અને પાકિસ્તાન વચ્ચેની આ શાનદાર મેચે દર્શકોની સંખ્યાનો મોટો રેકોર્ડ પણ બનાવ્યો છે. આ મેચ 50 કે 55 કરોડ લોકોએ નહીં પણ 60 કરોડ લોકોએ જોઈ હતી અને તેણે અગાઉના બધા રેકોર્ડ તોડી નાખ્યા છે.અગાઉ, ભારત-પાકિસ્તાન 2023 ODI વર્લ્ડ કપ મેચ 22.5 કરોડ દર્શકોએ લાઈવ સ્ટ્રીમિંગ દ્વારા જોઈ હતી. આ મેચનું લાઈવ સ્ટ્રીમિંગ ડિઝની હોટસ્ટાર સ્ટેડિયમમાં રમાઈ હતી. સ્ટેડિયમમાં એક લાખથી વધુ ચાહકો હાજર હતા. કોહલી આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં ત્રીજો સૌથી વધુ 27,503 રન બનાવનાર બેટ્સમેન બન્યો. વિરાટે વનડેમાં સૌથી ઝડપી 14 હજાર રન બનાવવાનો રેકોર્ડ બનાવ્યો. કોહલી ICC ટુર્નામેન્ટમાં પાકિસ્તાન સામે સૌથી વધુ 5 વાર 'પ્લેયર ઓફ ધ મેચ'નો એવોર્ડ જીતનાર ખેલાડી બન્યો.

# અનુભવી ખેલાડીએ કરી નિવૃત્તિની જાહેરાત

(એજન્સી)લંડન તા 25

જો આપણે મોઈન અલીની વાત કરીએ તો તે પહેલાથી જ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિ લઈ ચૂક્યો છે. તેમણે ગયા વર્ષે સપ્ટેમ્બરમાં નિવૃત્તિની જાહેરાત કરી હતી. આ સમયે, તે તેની કારકિર્દીના અંતિમ તબક્કામાં છે. આ જ કારણ છે કે મોઈન અલી હાલમાં વિશ્વભરની T20 લીગમાં રમી રહ્યો છે. મીડિયા રિપોર્ટ મુજબ મોઈન અલીએ હવે ઈંગ્લેન્ડ ક્રિકેટમાંથી નિવૃત્તિ લેવાનો નિર્ણય લીધો છે. ઈંગ્લેન્ડ ક્રિકેટ બોર્ડની NOC નીતિને કારણે, મોઈન અલીને વિશ્વભરની T20 લીગમાં રમવામાં મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો હતો.

પરંતુ નિવૃત્તિ પછી તેમને કોઈ સમસ્યા નહીં થાય. તે જ્યારે ઈચ્છે ત્યારે કોઈપણ લીગમાં રમી શકે છે. તમને જણાવી દઈએ કે ઈંગ્લેન્ડની NOC નીતિને કારણે, એલેક્સ હેલ્સે પણ અગાઉ ધ હન્ડ્રેડ મેન્સ ટુર્નામેન્ટમાં ન રમવાનો નિર્ણય લીધો છે. આ NOC હેઠળ, ઈંગ્લેન્ડના ખેલાડીઓને ઈંગ્લેન્ડની ઉનાળાની સીઝન દરમિયાન કઈ લીગમાં રમવા માંગે છે અને કઈ નહીં તે પસંદ કરવાની મંજૂરી નથી. એલેક્સ હેલ્સે પહેલાથી જ ખુલાસો કરી દીધો છે કે તે ધ હંડ્રેડમાં રમશે નહીં અને તેના બદલે મેજર લીગ ક્રિકેટમાં નાઈટ રાઈડર્સ ફ્રેન્ચાઈઝી સાથે કરાર કર્યો છે. આ સિવાય તે કેરેબિયન પ્રીમિયર લીગમાં પણ રમતા જોવા મળશે.

# ઈન્ડિયાના આ ખેલાડીએ જીત્યો બેસ્ટ ફિલ્ડર મેડલ

(એજન્સી)નવી દિલ્હી તા 25


ભારત અને પાકિસ્તાન વચ્ચેનો મહાન મુકાબલો 23 ફેબ્રુઆરીએ દુબઈની ધરતી પર રમાયો હતો. આ મેચ 6 વિકેટથી જીતીને, ભારતીય ટીમે સેમિફાઈનલમાં પોતાનું સ્થાન લગભગ સુરક્ષિત કરી લીધું છે. ભારતીય ખેલાડી અક્ષર પટેલે પાકિસ્તાન સામે શાનદાર ફિલ્ડિંગ કરી હતી, ત્યારબાદ તેને બેસ્ટ ફિલ્ડરનો ખિતાબ મળ્યો. પાકિસ્તાન સામે જીત મેળવ્યા બાદ અક્ષર પટેલનું સન્માન કરવામાં આવ્યું. તેને બેસ્ટ ફિલ્ડરનો એવોર્ડ આપવામાં આવ્યો છે. આ મેચમાં અક્ષરે શાનદાર ફિલ્ડિંગ ઈમામ ઉલ હકને પણ પોતાના રોકેટ થ્રોથી રન આઉટ કર્યો. આ રન આઉટને કારણે અક્ષરને બેસ્ટ ફિલ્ડિંગનો મેડલ મળ્યો. આ સન્માન તેને ભૂતપૂર્વ ભારતીય ખેલાડી શિખર ધવન દ્વારા આપવામાં આવ્યું છે. ઈમામ-ઉલ-હક સિવાય અક્ષરે વિકેટકીપર કેએલ રાહુલ દ્વારા પોતાના શક્તિશાળી થ્રોથી હરિસ રૌફને પણ રન આઉટ કર્યો. આ સિવાય અક્ષર પટેલે પોતાની બોલિંગથી પાકિસ્તાની કેપ્ટન મોહમ્મદ રિઝવાનને પણ ક્લીન બોલ્ડ કર્યો. અક્ષરે 10 ઓવરમાં 49 રન આપીને 1 વિકેટ પણ લીધી. આ મેચમાં, રોહિત શર્મા ઓપનર તરીકે સૌથી ઝડપી 9 હજાર રન બનાવનાર વિશ્વનો પ્રથમ ખેલાડી બન્યો છે. તેને મહાન સચિન તેંડુલકરનો રેકોર્ડ તોડ્યો. આ સિવાય વિરાટ કોહલીએ પોતાના ODI ક્રિકેટમાં 14 હજાર રન પણ પૂરા કર્યા. તે આવું કરનાર વિશ્વનો ત્રીજો અને ભારતનો બીજો ખેલાડી બન્યો છે.

### યુક્રેન યુદ્ધ પર અમેરિકાની પીછેહઠ:ઇઝરાયલે પણ તેમને સપોર્ટ કર્યા

# UNએ પહેલીવાર રશિયન હુમલાની નિંદા કરવાનો ઇનકાર કર્યો

(એજન્સી) વોશિંગ્ટન ડીસી તા 25

યુનાઈટેડ સ્ટેટ્સે મંગળવારે સંયુક્ત રાષ્ટ્ર (યુએન) મહાસભામાં યુક્રેનિયન ઠરાવ વિરુદ્ધ રશિયાના સમર્થનમાં મતદાન કર્યું. રશિયા સાથેના યુદ્ધના 3 વર્ષ પૂર્ણ થવા પર યુક્રેને યુએનમાં એક ઠરાવ રજૂ કર્યો હતો. આ ઠરાવમાં રશિયન હુમલાની નિંદા કરવામાં આવી હતી અને યુક્રેનમાંથી રશિયન સૈનિકોને તાત્કાલિક પાછા ખેંચવાની માગ કરવામાં આવી હતી. અમેરિકાએ તેની જૂની નીતિઓથી વિપરીત, આ પ્રસ્તાવની વિરુદ્ધ મતદાન કર્યું. જોકે, આ પ્રસ્તાવ 93 વિરુદ્ધ 18 મતોથી પસાર થયો. રશિયા, અમેરિકા, ઇઝરાયલ, હંગેરી, હૈતી અને નિકારાગુઆ જેવા મુખ્ય દેશોએ તેની વિરુદ્ધ મતદાન કર્યું, જ્યારે 65 દેશોએ મતદાનમાં ભાગ લીધો ન હતો. યુરોપિયન રાજદ્વારીઓએ કહ્યું કે તેઓ નારાજ છે કે તેમના ભૂતપૂર્વ સાથીએ તેમની વિરુદ્ધ મતદાન કર્યું હતું. યુક્રેનના નાયબ વિદેશ પ્રધાન મારિયાના બેટ્સાએ ન્યૂયોર્કમાં સંયુક્ત રાષ્ટ્ર મહાસભામાં દેશોને યુક્રેનમાંથી રશિયન સૈનિકોને તાત્કાલિક પાછા ખેંચવા માટેના ઠરાવને સમર્થન આપવા હાકલ કરી હતી.આ સમગ્ર મામલો એવા સમયે બની રહ્યો છે જ્યારે તાજેતરમાં જ અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ અને યુક્રેનના રાષ્ટ્રપતિ ઝેલેન્સકી વચ્ચે શબ્દ યુદ્ધ જોવા મળ્યું હતું. બુધવારે એક સોશિયલ મીડિયા પોસ્ટમાં યુએસ રાષ્ટ્રપતિએ ઝેલેન્સકીને એક નાના હાસ્ય કલાકાર અને ચૂંટણી વિનાના સરમુખત્યાર તરીકે વર્ણવ્યા.ઠરાવમાં કહેવામાં આવ્યું છે કે રશિયન હુમલો 3 વર્ષથી ચાલી રહ્યો છે અને તેની વિનાશક અસર માત્ર યુક્રેનની જ નહીં પરંતુ વિશ્વની સ્થિરતા માટે ખતરો છે.અગાઉ, ઝેલેન્સકીએ કહ્યું હતું કે ટ્રમ્પ ખોટી માહિતી સાથે ગેરસમજમાં જીવી રહ્યા છે. ઝેલેન્સકીનું આ નિવેદન ટ્રમ્પના આરોપના જવાબમાં આવ્યું છે. હકીકતમાં, ટ્રમ્પે મંગળવારે કહ્યું હતું કે યુક્રેનમાં ઝેલેન્સકીનું અપ્રવલ રેટિંગ ઘટીને માત્ર 4% થઈ ગયું છે.ટ્રમ્પે એક સોશિયલ પોસ્ટમાં લખ્યું, મને યુક્રેન ગમે છે, પરંતુ ઝેલેન્સકીએ ખૂબ જ ખરાબ કામ કર્યું છે. તેમનો દેશ બરબાદ થઈ ગયો છે, અને લાખો લોકો બિનજરૂરી રીતે મૃત્યુ પામ્યા છે.



### અમેરિકાના પ્રસ્તાવમાં રશિયાનો કોઈ ઉલ્લેખ નથી

અમેરિકાએ યુએનમાં 3 ફકરાની દરખાસ્ત પણ રજૂ કરી. તેમાં ન તો રશિયન હુમલાનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો કે ન તો તેની કોઈપણ રીતે નિંદા કરવામાં આવી હતી. આમાં બંને દેશોમાં થયેલા જાનમાલના નુકસાન પર શોક વ્યક્ત કરવામાં આવ્યો હતો. અમેરિકાએ કહ્યું કે તે યુક્રેન અને રશિયા વચ્ચે લડાઈનો ઝડપી અંત અને કાયમી શાંતિ માટે અપીલ કરે છે. યુક્રેનના નાયબ વિદેશ પ્રધાન મારિયાના બેટ્સાએ ન્યૂયોર્કમાં સંયુક્ત રાષ્ટ્ર મહાસભામાં દેશોને યુક્રેનમાંથી રશિયન સૈનિકોને તાત્કાલિક પાછા ખેંચવા માટેના ઠરાવને સમર્થન આપવા હાકલ કરી હતી. આવા પ્રસ્તાવો યુદ્ધ અટકાવવામાં નિષ્ફળ ગયા છે. આ યુદ્ધ હવે ખૂબ લાંબો સમય ચાલી ગયો છે. યુક્રેન અને રશિયા તેમજ અન્યત્ર લોકો આ માટે ભારે કિંમત ચૂકવી રહ્યા છે.ટ્રમ્પે એક સોશિયલ પોસ્ટમાં લખ્યું, મને યુક્રેન ગમે છે, પરંતુ ઝેલેન્સકીએ ખૂબ જ ખરાબ કામ કર્યું છે. તેમનો દેશ બરબાદ થઈ ગયો છે, અને લાખો લોકો બિનજરૂરી રીતે મૃત્યુ પામ્યા છે. ટ્રમ્પે યુક્રેનને યુદ્ધ માટે આપવામાં આવેલા પૈસા પરત કરવા કહ્યું છે. 'હું ફક્ત પૈસા અથવા તેના બદલામાં થોડી સુરક્ષા મેળવવાનો પ્રયાસ કરી રહ્યો છું,' ટ્રમ્પે શનિવારે કહ્યું.

### રશિયા કુર્સ્કમાં ફસાયેલા નાગરિકોને બહાર કાઢશે

# યુક્રેનમાં રાષ્ટ્રપતિ પદ છોડવા ઝેલેન્સકી તૈયાર રશિયાને કેદીઓની આપ-લેની ઓફર કરી

(એજન્સી) રશિયા તા 25

રશિયા-યુક્રેન યુદ્ધના ત્રણ વર્ષ વીતી ગયા છે. આ પ્રસંગે યુક્રેનિયન રાષ્ટ્રપતિ ઝેલેન્સકીએ કહ્યું કે તેઓ શાંતિ માટે કંઈ પણ કરવા તૈયાર છે. જો રાજીનામું આપવાથી શાંતિ મળે અથવા યુક્રેનને નાટોનું સભ્યપદ મળે તો તેઓ રાજીનામું આપવા તૈયાર છે. આ સાથે તેમણે કહ્યું કે જો રશિયા બધા યુક્રેનિયન કેદીઓને મુક્ત કરે છે તો યુક્રેન પણ આવું જ કરવા તૈયાર છે. શરૂઆત કરવાની આ એક સરસ રીત છે. બીજી તરફ, રશિયાનું કહેવું છે કે તેણે યુક્રેન અને રેડ ક્રોસ સાથે એક કરાર કર્યો છે, જેના હેઠળ તે કુર્સ્કમાં ફસાયેલા તેના નાગરિકોને બહાર કાઢશે. આ લોકોને બેલારુસ સરહદ દ્વારા બહાર કાઢવામાં આવશે. રશિયન અધિકારી તાત્યાના મોસ્કાલ્કોવાએ જણાવ્યું હતું કે ગયા વર્ષે ઓગસ્ટમાં રશિયાના કુર્સ્ક ક્ષેત્રમાં સંઘર્ષ ફાટી નીકળ્યા બાદ કેટલાક રશિયન નાગરિકો યુક્રેનના સુમી પ્રદેશમાં સરહદ પાર કરી ગયા હતા. બાઈડેન અને હું સંમત થયા કે તેમણે અમને મદદ કરી હતી. મદદને ઉધાર ન કહેવાય.



### ટ્રમ્પે કહ્યું હતું- ઝેલેન્સકી ચૂંટણી વિનાના સરમુખત્યાર છે

ટ્રમ્પે ગયા અઠવાડિયે ઝેલેન્સકીને સરમુખત્યાર કહ્યા હતા. ટ્રમ્પે તેમના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ટ્રુથ સોશિયલ પર એક પોસ્ટમાં ઝેલેન્સકીને એક મામૂલી હાસ્ય કલાકાર અને ચૂંટણી વિનાના સરમુખત્યાર તરીકે વર્ણવ્યા. ટ્રમ્પે એમ પણ કહ્યું કે યુક્રેનમાં ઝેલેન્સકીનું અપ્રવલ રેટિંગ ઘટીને માત્ર 4% થઈ ગયું છે. આ અંગે ઝેલેન્સકીએ કહ્યું હતું કે ટ્રમ્પ ખોટી માહિતી સાથે ગેરસમજમાં જીવી રહ્યા છે. ટ્રમ્પે પોસ્ટમાં લખ્યું - મને યુક્રેન ગમે છે, પરંતુ ઝેલેન્સકીએ ખૂબ જ ખરાબ કામ કર્યું છે. તેમનો દેશ બરબાદ થઈ ગયો છે, અને લાખો લોકો બિનજરૂરી રીતે માર્યા ગયા છે.

### યુદ્ધના 3 વર્ષ પૂર્ણ થવા પર રશિયાએ 267 ડ્રોનથી હુમલો કર્યો

એક દિવસ પહેલા, રશિયાએ એક સાથે 267 ડ્રોન વડે યુક્રેન પર હુમલો કર્યો હતો. યુક્રેન યુદ્ધના ત્રણ વર્ષ પૂર્ણ થવાના એક દિવસ પહેલા જ આ હુમલો કરવામાં આવ્યો છે. યુક્રેનના વાયુસેના કમાન્ડના પ્રવક્તા યુરી ઈગ્નાટે જણાવ્યું હતું કે આ પહેલી વાર હતું જ્યારે રશિયાએ એકસાથે આટલા બધા ડ્રોન છોડ્યા હતા. યુક્રેનિયન અધિકારીઓના જણાવ્યા અનુસાર, ખાર્કિવ, પોલ્ટાવા, સુમી અને કિવ સહિત ઓછામાં ઓછા 13 શહેરોમાં ડ્રોન હુમલા કરવામાં આવ્યા હતા. યુક્રેનિયન સેનાએ દાવો કર્યો હતો કે રશિયાએ 3 બેલિસ્ટિક મિસાઈલો પણ છોડી હતી.

**ઝેલેન્સકીએ કહ્યું કે અમે ગેરંટી સાથે શાંતિ ઇચ્છીએ છીએ :** ઝેલેન્સકીએ કિવમાં એક પ્રેસ કોન્ફરન્સમાં કહ્યું કે ટ્રમ્પ કાયમ માટે નથી, પરંતુ રશિયા તરફથી ખતરો હંમેશા રહેશે. જ્યાં સુધી ટ્રમ્પ સત્તામાં છે ત્યાં સુધી પુતિન આપણા પર હુમલો નહીં કરે તેની અમને પરવા નથી. અમને શાંતિ અને એવી ગેરંટીની જરૂર છે જે ટ્રમ્પ અને પુતિનના ગયા પછી પણ ટકી રહે. ઝેલેન્સકીએ અમેરિકી રાષ્ટ્રપતિ ટ્રમ્પને સંદેશ આપ્યો કે અમે અમેરિકા પાસેથી મળેલા 500 બિલિયન ડોલરને લોન માનતા નથી. હું 100 બિલિયન ડોલરને દેવું પણ નથી માનતો.

### પ્લેટલેટ્સ પણ ઘટ્યા; દુનિયાભરમાં પ્રાર્થના થઈ રહી છે

# પોપની હાલત ગંભીર, કિડની ફેલ્યોરના લક્ષણો



(એજન્સી) રોમ તા 25

પોપ ફ્રાન્સિસની હાલત હજુ પણ ગંભીર છે. કેથોલિક ચર્ચના મુખ્ય મથક વેટિકન અનુસાર, પોપના રક્ત પરીક્ષણ રિપોર્ટમાં કિડની નિષ્ફળતાના લક્ષણો જોવા મળ્યા હતા. વધુમાં પ્લેટલેટ્સની ઉણપ પણ જોવા મળી છે. વેટિકન પ્રેસ ઓફિસે જણાવ્યું હતું કે, પોપને શનિવાર રાતથી અસ્થમાનો કોઈ હુમલો આવ્યો નથી, પરંતુ તેમને હજુ પણ ઓક્સિજનનો હાઈ ફ્લો આપવામાં આવી રહ્યો છે. પોપ ફ્રાન્સિસના સ્વાસ્થ્યમાં સુધારો થાય તે માટે વિશ્વભરમાં પ્રાર્થનાઓ ચાલુ છે. પોપે X પર તેમની પ્રાર્થનાઓ બદલ આભાર માનતા પોસ્ટ કરી. કેથોલિક ખ્રિસ્તી ધાર્મિક નેતા પોપ ફ્રાન્સિસ (ઉં.વ.88) ને ફેફસાના ચેપને કારણે 14 ફેબ્રુઆરીએ રોમની જેમેલી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. તેમની ન્યુમોનિયા અને એનિમિયાની પણ સારવાર ચાલી રહી છે. 21 ફેબ્રુઆરીના રોજ ડોક્ટરોએ તેમને ખતરામાંથી બહાર જાહેર કર્યા અને કહ્યું કે, તેમની હાલતમાં સુધારો થઈ રહ્યો છે. બીજા દિવસે અસ્થમાનો હુમલો આવ્યા બાદ પોપની હાલત ગંભીર બની ગઈ. રોમમાં જેમેલી હોસ્પિટલની બહાર લોકો પોપ માટે પ્રાર્થના કરે છે. 20 ફેબ્રુઆરી: પોપના અંતિમ સંસ્કાર માટે રિહર્સલના સમાચાર બહાર આવ્યા. આ પછી વેટિકન પ્રેસ ઓફિસે કહ્યું કે, પોપની હાલત સ્થિર છે. તેમના લોહીના પરીક્ષણોમાં થોડો સુધારો જોવા મળી રહ્યો છે. CNNએ એક સૂત્રને ટાંકીને જણાવ્યું હતું કે, પોપ તેમના પલંગ પરથી ઉભા થઈ શકે છે અને હોસ્પિટલના રૂમમાં ખુરશી પર બેસી શકે છે. બુધવારે, ઈટાલીના વડાપ્રધાન જ્યોર્જિયા મેલોની પોપને મળવા માટે રોમની એક હોસ્પિટલમાં પહોંચ્યા. પોપને ન્યુમોનિયા અને બંને ફેફસામાં ચેપને કારણે અહીં દાખલ કરવામાં આવ્યા છે.

# ભારત, ચીન, અમેરિકા અને યૂક્રેન પર કેવી પડશે અસર?

(એજન્સી) જર્મની તા 25

જર્મનીમાં યોજાયેલા ચૂંટણીના પરિણામ જાહેર થઇ ચુક્યા છે. અને પૂર્વ ચાન્સલર એન્જેલા મર્કેલની પાર્ટી ક્રિશ્ચિયન ડેમોક્રેટિક યૂનિયને જીત નોંધાવી છે. CDUને કુલ 28.5 ટકા મત મળ્યા છે. જે તેને સૌથી મોટી પાર્ટી બનાવે છે. આ ચૂંટણીમાં અલ્ટરનેટિવ ફોર જર્મનીએ પણ જોરદાર પ્રદર્શન કર્યું હતુ. અને 20 ટકા મત મેળવ્યા હતા. જર્મનીમાં 23 ફેબ્રુઆરીએ યોજાયેલી રાજ્ય ચૂંટણીમાં ચાન્સેલર ઓલાફ સ્કોલ્ઝની સોશિયલ ડેમોક્રેટિક પાર્ટીને મોટો ફટકો પડ્યો છે. ચૂંટણીમાં પરિણામની જાહેરાત થતા પૂર્વ ચાન્સલર એન્જેલા મર્કેલની પાર્ટી ક્રિશ્ચિયન ડેમોક્રેટિક યૂનિયને ઉજવણી કરી હતી. આ પક્ષને પૂર્ણ બહુમત ન મળતા તેને ગઠબંધન કરવામાં પડકારોનો સામનો કરવો પડશે. તો બીજી તરફ એએફડીને 20.6 ટકા વોટ મળ્યા છે. જે હમણા સુધીનું સૌથી સારુ પ્રદર્શન છે. જર્મનીની આ ચૂંટણી દુનિયાભરમાં રાજનૈતિક અસર પાડશે. ભારત, ચીન, અમેરિકામાં આ ચૂંટણીના વિવિધ પડકારો છે. મર્ઝની જીત કોના પર કેવો અસર કરશે તે વિશે જોઇએ.

ભારત અને જર્મનીના સંબંધો કેટલાક વર્ષોથી ઘણા મજબૂત થયા છે. ભલે ફ્રેડરિક મર્જ સત્તામાં નથી. પરંતુ ભારતના વિદેશમંત્રી એસ.જયશંકર તેમની સાથે અવારનવાર મુલાકાત કરતા રહે છે. આ મુલાકાત દર્શાવે છે કે બંને દેશ વચ્ચે સંબંધો સુવાળા છે. જર્મની અને ભારત વચ્ચે વેપારી સંબંધો સારા છે. જેને લઈને ભારતને આ જીતનો સકારાત્મક અસર થઈ શકે છે. તો આ તરફ અમેરિકાની વિચારધારા દક્ષિણપંથી છે. અને તે AFD પાર્ટીના પક્ષમાં નથી. મર્ઝની જીતને કારણે અમેરિકી સરકારને ઝટકો લાગ્યો છે. ખાસ કરીને ટેસ્લાના માલિક એલોન મસ્કે AFDનું જાહેરમાં સમર્થન કર્યુ છે. અને અમેરિકાના ઉપરાષ્ટ્રપતિ જેડી વેંસે તેમના નેતાઓ સાથે પણ મુલાકાત કરી છે. પરંતુ જર્મનીમાં CDUની જીત થતાં દક્ષિણપંથી દળોને નકારી દીધુ છે. જેના કારણે અમેરિકાની યુરોપિય નીતિ પર અસર પડી શકે છે.

યુક્રેન માટે શું ? યુક્રેન અને રશિયા વચ્ચે ચાલી રહેલા યુદ્ધ દરમિયાન જર્મનીની ભૂમિકા ખૂબ જ મહત્વપૂર્ણ રહી છે. હવે જ્યારે ફ્રેડરિક મેર્ઝની સરકાર સત્તામાં આવી રહી છે.


### વિદેશી દર્શકોનું અપહરણ કરવાની યોજના; મીડિયા રિપોર્ટ્સમાં દાવાઓ

# ચેમ્પિયન્સ ટ્રોફીમાં આતંકી ષડયંત્રની પાકિસ્તાને ચેતવણી

(એજન્સી) ઇસ્લામાબાદ તા 25

પાકિસ્તાન ઈન્ટેલિજન્સ બ્યુરોએ દેશમાં ચાલી રહેલી ચેમ્પિયન્સ ટ્રોફી દરમિયાન આતંકવાદી હુમલાના ખતરાની ચેતવણી જારી કરી છે. ગુપ્ત માહિતી અનુસાર, આતંકવાદી સંગઠન ઈસ્લામિક સ્ટેટ ખોરાસન (ISIS-K) વિદેશી નાગરિકોનું અપહરણ કરવાની યોજના બનાવી રહ્યું છે. આ સંગઠન ટુર્નામેન્ટ જોવા આવતા વિદેશી દર્શકોનું ખંડણી માટે અપહરણ કરી શકે છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, ISIS-Kના સભ્યો એરપોર્ટ, ઓફિસો અને બંદરો તેમજ રહેણાંક સ્થળો પર નજર રાખી રહ્યા છે જ્યાં વિદેશી નાગરિકો સતત આવતા-જતા રહે છે.

આ રિપોર્ટ એવા સમયે આવ્યો છે જ્યારે પાકિસ્તાનમાં આંતરરાષ્ટ્રીય કાર્યક્રમોમાં




સુરક્ષા વ્યવસ્થા અંગે પ્રશ્નો ઉભા થઈ રહ્યા છે. આજે રાવલપિંડીમાં રમાઈ રહેલી બાંગ્લાદેશ અને ન્યુઝીલેન્ડ વચ્ચેની મેચ દરમિયાન પાકિસ્તાનના કટ્ટરપંથી પક્ષ તહરીક-એ-લબ્બૈકના એક સમર્થકે મેદાનમાં ઘૂસી ગયો. તેણે તહરીક-એ-લબ્બૈક પાર્ટીના નેતા સાદ રિઝવીનો ફોટો પકડ્યો હતો. બાંગ્લાદેશ-ન્યુઝીલેન્ડ મેચ દરમિયાન, પાકિસ્તાનના કટ્ટરવાદી પક્ષ તહરીક-એ-લબ્બૈકના એક સમર્થકે મેદાનમાં પ્રવેશ કર્યો. અહેવાલ મુજબ, ISIS-K શહેરોની બહારના વિસ્તારમાં મિલકત ભાડે લેવાની યોજના ધરાવે છે. જ્યાં કેમેરા સર્વેલન્સ ન હોય ત્યાં જાણી જોઈને મિલકત ભાડે લો. આ મિલકતો સુધી પહોંચવા માટે પરિવહનનું એકમાત્ર સાધન રિક્ષા અથવા મોટરસાઈકલ હોય. અપહરણ કરાયેલા લોકોને રાત્રિના અંધારામાં આ સલામત ઘરોમાં લઈ જવાય જેથી સુરક્ષાને છેતરવામાં આવે. TTP અને ISIS-K સહિત અનેક સંગઠનો સામે એલર્ટ અપહરણના કાવતરા અંગે ચેતવણી આપ્યા બાદ તહરીક-એ-તાલિબાન પાકિસ્તાન (TTP), ISIS-K અને બલુચિસ્તાનમાં સ્થિત અનેક આતંકવાદી જૂથો સામે ચેતવણી જારી કરવામાં આવી છે. ભારતીય ટીમે પહેલાથી જ પાકિસ્તાન જઈને ચેમ્પિયન્સ ટ્રોફીની કોઈપણ મેચ રમવાનો ઇનકાર કરી દીધો છે. આ કારણે, ભારતની બધી મેચો UAE માં યોજાઈ રહી છે. જો ટીમ ઈન્ડિયા સેમિફાઈનલ અને ફાઈનલમાં પહોંચે છે તો વિરોધી ટીમે યુએઈ આવીને મેચ રમવી પડશે. સ્થાનિક મીડિયા રિપોર્ટ્સ અનુસાર, લાહોર અને રાવલપિંડીમાં યોજાનારી મેચો દરમિયાન 12હજાર પોલીસ કર્મચારીઓ તૈનાત રહેશે. આમાં 18 વરિષ્ઠ અધિકારીઓ, ૫૪ ડીએસપી, 135 નિરીક્ષકો, 1200 ઉચ્ચ ગૌણ અધિકારીઓ, 10556 કોન્સ્ટેબલ અને 200થી વધુ મહિલા પોલીસ અધિકારીઓનો સમાવેશ થશે. બાંગ્લાદેશ-ન્યુઝીલેન્ડ મેચ દરમિયાન, પાકિસ્તાનના કટ્ટરવાદી પક્ષ તહરીક-એ-લબ્બૈકના એક સમર્થકે મેદાનમાં પ્રવેશ કર્યો.

# વીટી માર્કેટ્સ બેંગકોકમાં એક સ્મારક 2024ની ઉજવણી કરવા માટે વિશિષ્ટ ગાલા નાઈટનું આયોજન

(એજન્સી) નવી દિલ્હી । તા. 25

વીટી માર્કેટ્સે અભૂતપૂર્વ 2024ની ઉજવણી કરવા અને 2025માં કંપનીની 10મી વર્ષગાંઠની આકર્ષક યોજનાઓનું અનાવરણ કરવા માટે એક અનફર્ગેટેબલ ગાલા નાઈટનું આયોજન કર્યું 5, વિશિષ્ટ ઈવેન્ટ મુખ્ય ક્લાયન્ટ્સ, ભાગીદારો અને ઉદ્યોગના નેતાઓને યાદ કરવા માટે એકસાથે લાવી નોંધપાત્ર સિદ્ધિઓનું વર્ષ અને વૃદ્ધિ, નવીનતા અને સહયોગના આગલા પ્રકરણ માટે સ્ટેજ સેટ કરો.

VT માર્કેટ્સની ગાલા નાઈટમાં સ્થાનિક અને પ્રાદેશિક બજારોના પ્રતિષ્ઠિત ગ્રાહકો તેમજ માસેરાતી VIP ક્લાયન્ટ્સ, સ્થાનિક મીડિયા અને સેલિબ્રિટીઓએ હાજરી આપી હતી. સાંજની શરૂઆત VT માર્કેટ્સના મુખ્ય નેતાઓના ભાષણો સાથે થઈ, જેમાં ડેન્ડેલીન કોહ, ગ્લોબલ બ્રાન્ડ અને PR લીડ, અને રોસ મેક્સવેલ, ગ્લોબલ સ્ટ્રેટેજી એન્ડ ઓપરેશન્સ લીડ અને મૌરી મુર્ગિઓની, VT માર્કેટ્સમાં બિઝનેસ ડેવલપમેન્ટનો સમાવેશ થાય છે. તેઓએ 2024 માં કંપનીની અદભૂત સિદ્ધિઓ પર આંતરદૃષ્ટિ શેર કરી, જેમાં ટ્રેડિંગ વોલ્યુમમાં વાર્ષિક ધોરણે 150% વૃદ્ધિ, ગ્રોસ ડિપોઝિટ અને પ્રથમ વખતના વેપારમાં અનુક્રમે બે ગણી વૃદ્ધિ અને આગામી વર્ષ માટેનો અંદાજ, ખાસ કરીને ઉભરતા અને ટ્રેન્ડિંગ બજારો અને નાણાકીય સાધનોનો સમાવેશ થાય છે. માસેરાટી MSG




રેસિંગના પાર્ટનરશિપ મેનેજર બેન મિશેલ સહિતના પ્રતિષ્ઠિત મહેમાનો પણ VT માર્કેટ્સ સાથેના સતત સહયોગ વિશેની તેમની ઉત્તેજના શેર કરવા અને તેમના ચાલુ પ્રયત્નોને સ્પર્શવા માટે સ્ટેજ પર આવ્યા હતા જે ટકાઉપણું અને સામાજિક જવાબદારી પ્રત્યેની મજબૂત પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે.

ગાલા નાઈટમાં 2024 દરમિયાન VT માર્કેટ્સના ગ્રાહકો અને ભાગીદારોના અવિશ્વસનીય યોગદાનને ઓળખવા માટે પ્રતિષ્ઠિત એવોર્ડ સમારોહનો સમાવેશ થાય છે. મહેમાનોને રોલેક્ષ સબમરીનર ઓઈસ્ટર (41mm) ના ભવ્ય ઈનામ સાથે આકર્ષક લકી ડ્રોમાં પણ સારવાર આપવામાં આવી હતી, જે સાંજની ઉજવણીમાં વધારાનો રોમાંચ ઉમેરે છે. સાંજના હાઈલાઈટ્સમાંનું એક હતું VT માર્કેટ્સ x માસેરાતી MSG રેસિંગ સક્રિયકરણ, જેમાં ઈન્ટરેક્ટિવ સિમ્યુલેટર સ્ટેશન દર્શાવવામાં આવ્યું હતું જ્યાં મહેમાનો મોટરસ્પોર્ટ રેસિંગનો રોમાંચ અનુભવી શકે છે. VT માર્કેટ્સ બ્રાન્ડેડ રેસિંગ કાર પણ પ્રદર્શિત કરવામાં આવી હતી, જેમાં VT માર્કેટ્સ અને Maserati MSG રેસિંગ વચ્ચેની મૂલ્યવાન ભાગીદારી દર્શાવવામાં આવી હતી. એક અવિસ્મરણીય ગાલા નાઈટ દરમિયાન, VT માર્કેટ્સે 2025 માં તેની 10મી વર્ષગાંઠની યોજનાઓનું અનાવરણ કર્યું, જે કંપની માટે એક મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ હતું. 'ઈનટુ ટુમોરો' થીમ દ્વારા લંગરાયેલ VT માર્કેટ્સ હેતુની નવી ભાવનાથી પ્રેરિત છે.

નવી સીમાઓ શોધવા, ઉદ્યોગના ધોરણોને ફરીથી નિર્ધારિત કરવા અને વેપારના ભાવિને આકાર આપવા આતુર છે. આ વર્ષગાંઠ તેના વૈશ્વિક પદચિહ્ન, નવીનતા અને વિશ્વભરના વેપારીઓને અત્યાધુનિક ઉકેલો પહોંચાડવાની પ્રતિબદ્ધતાને વેગ આપશે. આગળની ઉત્તેજક પહેલ સાથે, VT માર્કેટ્સ તેના સમુદાયને સશક્ત બનાવવા અને શ્રેષ્ઠતા પ્રત્યેનું સમર્પણ જાળવી રાખવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે.

# મહાશિવરાત્રી પર રેલવેની તૈયારીઓ : પ્રયાગરાજથી 350થી વધુ ટ્રેનો દોડાવવાની યોજના, સ્ટેશનો પર ખાસ તકેદારી રાખવા સૂચના

(એજન્સી) નવી દિલ્હી | તા. 25

મહાકુંભ 2025નું છેલ્લું અમૃતસ્નાન 26મી ફેબ્રુઆરીએ થવાનું છે. ગંગા, યમુના અને સરસ્વતીના મિલન સ્થળ સંગમ ખાતે સ્નાન કરવા માટે ઉત્તર પ્રદેશ, બિહાર, મધ્યપ્રદેશ, ઝારખંડ અને બંગાળ સહિત દેશના વિવિધ રાજ્યોમાંથી મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ પ્રયાગરાજ પહોંચ્યા છે. રવિવાર અને સોમવારે પણ બિહારના પટના, દાનાપુર, મુઝફ્ફરપુર, ગયા, સાસારામ, કટિહાર, ખગરિયા, સહરસા, જયનગર, દરભંગા વગેરે સ્ટેશનો પર મુસાફરોની સંખ્યા વધુ રહી હતી. ઉત્તર પ્રદેશના ગોરખપુર, લખનૌ, અયોધ્યા, વારાણસી, કાનપુર, ગોંડા, દીનદયાલ ઉપાધ્યાય, ઝાંસી વગેરે જિલ્લાના રેલવે સ્ટેશનો પર પ્રયાગરાજ જતા મુસાફરોની સંખ્યા સરેરાશ કરતા ઘણી વધુ હતી. મધ્ય પ્રદેશના ચિત્રકૂટ, જબલપુર, સતના, ખજુરાહો તેમજ ઝારખંડના ધનબાદ, બોકારો, રાંચી, ગઢવા અને મેદની નગર સ્ટેશનો પર મોટી સંખ્યામાં લોકો પ્રયાગરાજ જવા રવાના થયા હતા. અમૃતસ્નાન પછી પોતપોતાના શહેરો પરત જતા લોકો અને ભક્તોની ભારે ભીડ રેલ્વે સ્ટેશનો પર એકઠી થવાની સંભાવના છે. તેને ધ્યાનમાં રાખીને ઉત્તર મધ્ય રેલવે, ઉત્તર પૂર્વ રેલવે અને ઉત્તર રેલવેએ વ્યાપક તૈયારીઓ કરી છે અને તમામ અધિકારીઓ અને કર્મચારીઓને તેમના કામના સ્થળો પર સતર્ક રહેવા સૂચના આપી છે. રેલ્વે મૌની અમાવસ્યાના દિવસે 360 થી વધુ ટ્રેનો ચલાવીને 20 લાખથી વધુ લોકોને તેમના ગંતવ્ય સ્થાને મોકલવામાં સફળ રહી હતી.

મહાશિવરાત્રી સ્નાન પછી પણ શ્રદ્ધાળુઓની સેવા માટે વધુ સંખ્યામાં ટ્રેનો દોડાવવાનું આયોજન કરવામાં આવ્યું છે અને પ્રયાગરાજ નજીકના સ્ટેશનો પર વધારાની રેક રાખવામાં આવી છે જેનો ઉપયોગ જરૂરિયાત મુજબ કરવામાં આવશે. સૂત્રોના જણાવ્યા અનુસાર, રેલવેએ શરૂઆતમાં મહાકુંભ દરમિયાન લગભગ 13500 ટ્રેનો દોડાવવાની યોજના બનાવી હતી. મહાકુંભના 42મા દિવસ સુધી 15000થી વધુ ટ્રેનો દોડાવવામાં આવી છે, જેમાં મોટી સંખ્યામાં સ્પેશિયલ ટ્રેનોનો સમાવેશ થાય છે. રેલવેની સમગ્ર વ્યવસ્થાનું મોનિટરિંગ રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે પોતે કર્યું છે. રેલ્વે બોર્ડના ચેરમેન અને ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર સતીશ કુમાર પણ રેલ્વે બોર્ડ તરફથી ટ્રેનો પર સતત નજર રાખી રહ્યા છે. ત્રણ ઝોનલ રેલ્વેના જનરલ મેનેજર તેમની ટીમ સાથે પણ રેલ્વે પ્રણાલીને મજબૂત કરવામાં રોકાયેલા છે. રેલ્વે મંત્રી અશ્વિની વૈષ્ણવે રેલ્વે બોર્ડના ચેરમેન અને તમામ ઝોનના જનરલ મેનેજરોને મહાકુંભના મુસાફરોની સુવિધાનું સંપૂર્ણ ધ્યાન રાખવા સૂચના આપી છે. જો જરૂરી હોય તો વધુ સંખ્યામાં વિશેષ ટ્રેનો દોડાવવામાં આવે. મહાશિવરાત્રીના ધસારાને ધ્યાનમાં રાખીને રેલ્વે પ્રશાસને શ્રદ્ધાળુઓની સુવિધા માટે સુરક્ષા, આશ્રય, સરળ ટિકિટ વિતરણ અને મોટી સંખ્યામાં ટ્રેનોની વ્યવસ્થા કરી છે.

# નવી પેઢીનું પરિવહન : હાયપરલૂપ ટેક્નોલોજી ભારતની મુસાફરીમાં પરિવર્તન લાવવા માટે તૈયાર છે

## ભારતે IIT મદ્રાસ ખાતે ટેસ્ટ ટ્રેક લોન્ચ કરીને હાઇપરલૂપ ટ્રાવેલ તરફ મોટું પગલું ભર્યું છે

(એજન્સી) નવી દિલ્હી | તા. 25

IIT મદ્રાસે એશિયાની પ્રથમ વૈશ્વિક હાયપરલૂપ સ્પર્ધા 2025 નું આયોજન કર્યું હતું, જે સફળતા સાથે સમાપ્ત થઈ હતી. આ ઈવેન્ટમાં નવી અને ઝડપી ટ્રાવેલ ટેક્નોલોજીની પ્રગતિ દર્શાવવામાં આવી હતી. તે હાઈપરલૂપ ડેવલપમેન્ટમાં ભારતની સંડોવણીને ચિહ્નિત કરે છે, એક એવી ટેક્નોલોજી કે જેનો હેતુ હાઈ-સ્પીડ મુસાફરીના ભવિષ્યને બદલવાનો છે. સ્પર્ધામાં કેટલાક પુરસ્કારો આપવામાં આવ્યા હતા, જેમાં શ્રેષ્ઠ પ્રદર્શન ટીમનો પુરસ્કાર ખાસ કરીને નોંધપાત્ર હતો. અન્ય પુરસ્કારોમાં બ્રેકિંગ અને ટ્રેક્શન સિસ્ટમ ડેમોન્સ્ટ્રેશન અને બેસ્ટ સબ-સિસ્ટમ (મિકેનિકલ) માટે આપવામાં આવેલી ટીમોને સમ્માનિત કરવામાં આવ્યો હતો. શ્રી વૈષ્ણવે સ્પર્ધામાં ભાગ લેનારા યુવા ઈનોવેટર્સની પ્રશંસા કરી અને કહ્યું કે તેમના કાર્યથી વિજ્ઞાન અને ઈજનેરીમાં ભારતની ક્ષમતામાં વધારો થયો છે. આનાથી હાયપરલૂપ જેવી નવી ટેક્નોલોજી અપનાવવામાં મદદ મળશે. સ્પર્ધામાં IIT મદ્રાસ ખાતે 422 મીટર લાંબો હાઈપરલૂપ ટેસ્ટ ટ્રેક દર્શાવવામાં આવ્યો હતો. આ અત્યાધુનિક સુવિધા ભારતીય રેલ્વે અને IIT મદ્રાસ વચ્ચેની મજબૂત ભાગીદારીનું પ્રતીક છે, અને હાઈપરલૂપ ટેક્નોલોજીના પરીક્ષણ માટે એક મહત્વપૂર્ણ સ્થાન છે. રેલ્વે મંત્રીએ ભારતીય રેલ્વે અને IIT મદ્રાસના અન્ય એક આકર્ષક પ્રોજેક્ટ, વર્ટિકલ ટેક-ઓફ અને લેન્ડિંગ (VTOL) વાહનની પણ ચર્ચા કરી.

### રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવનો ઈનોવેશન તરફનો અભિગમ

સમાપન સમારોહમાં, કેન્દ્રીય રેલ્વે મંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવ વિડીયો કોલ દ્વારા જોડાયા હતા અને નવીનતાને પ્રોત્સાહન આપવા સરકારની પ્રતિબદ્ધતા પર ભાર મૂક્યો હતો. તેમણે કહ્યું કે આ સ્પર્ધા વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ટેક્નોલોજીકલ પ્રગતિને પ્રોત્સાહન આપવા અને ઉદ્યોગ અને શૈક્ષણિક સંસ્થાઓ વચ્ચે મજબૂત ભાગીદારી બનાવવાના વિઝનનો એક ભાગ છે.

# બંધન મ્યુચ્યુઅલ ફંડે બંધન CRISIL-IBX 10:90 ગિલ્ટ+SDL ઈન્ડેક્સ-ડિસેમ્બર 2029 ફંડ લોન્ચ કર્યું

(એજન્સી) અમદાવાદ | તા. 25

બંધન મ્યુચ્યુઅલ ફંડે બંધન CRISIL-IBX ૧૦:૯૦ ગિલ્ટ + SDL ઈન્ડેક્સ - ડિસેમ્બર ૨૦૨૯ ફંડ લોન્ચ કરવાની જાહેરાત કરી છે, જે એક ઓપન-એન્ડેડ ટાર્ગેટ મેચ્યોરિટી ઈન્ડેક્સ ફંડ છે જે રોકાણકારોને સ્ટ્રક્ચર્ડ અને સોવરેન-બેક્ડ રોકાણની તક આપે છે. આ ફંડ ૯૦% સ્ટેટ ડેવલપમેન્ટ લોન (SDL) અને ૧૦% ગવર્નમેન્ટ સિક્યોરિટીઝ (G-Secs) ધરાવતા પોર્ટફોલિયોમાં એક્સપોઝર પૂરું પાડવા માટે રચાયેલ છે. ડિસેમ્બર ૨૦૨૯ માં નિર્ધારિત પરિપક્વતા સાથે, ફંડ રોકાણકારોને રોકાણની મુદત અને વળતરની સંભાવના પર સ્પષ્ટતા સાથે વિકસતા વ્યાજ દર ચક્રમાં ભાગ લેવાની મંજૂરી આપે છે. નવી ફંડ ઓફર (NFO) ૨૫ ફેબ્રુઆરી, ૨૦૨૫ ના રોજ ખુલશે અને ૫ માર્ચ, ૨૦૨૫ ના રોજ બંધ થશે. રોકાણકારો લાઈસન્સ પ્રાપ્ત મ્યુચ્યુઅલ ફંડ વિતરકો, રોકાણ સલાહકારો, ઓનલાઈન પ્લેટફોર્મ અને સીધા https://www.bandhanmutual.com પર ફંડમાં




સબ્સ્ક્રાઇબ કરી શકે છે. આ લોન્ચ પર ટિપ્પણી કરતા, બંધન એએમસીના સીઈઓ વિશાલ કપૂરે જણાવ્યું હતું કે, 'સ્થિર આવકનો માહોલ બદલાઈ રહ્યો છે, જેના કારણે રોકાણકારો માટે બદલાતી બજાર પરિસ્થિતિઓમાં યોગ્ય સાધનો પસંદ કરવાનું આવશ્યક બની રહ્યું છે. નિર્ધારિત પરિપક્વતા તારીખ સાથેના ફંડમાં રોકાણ કરવાથી રોકાણકારોને ઉચ્ચ-ગુણવત્તાવાળા સાધનોની ઍક્સેસ મળે છે જે યોજનાઓની પરિપક્વતા સુધી રાખવામાં આવે તો વળતરની વાજબી દૃશ્યતા સાથે સરળ તરલતા પ્રદાન કરે છે. હાલમાં, 4-5 વર્ષમાં પાકતા SDLs ની માંગ વધુ હોવાની અપેક્ષા છે કારણ કે આપણે રેટ કટ ચક્રમાં પ્રવેશી રહ્યા છીએ અને SDLs ની જારી કરવાની પેટર્ન આ સેગમેન્ટમાં પુરવઠામાં નોંધપાત્ર વધારો સૂચવતી નથી. બંધન CRISIL-IBX 10:90 Gilt + SDL ઈન્ડેક્સ - ડિસેમ્બર 2029 ફંડ રોકાણકારોને ઑપ્ટિમાઇઝ્ડ સમયગાળા અને વાજબી કમાણી સાથે સોવરિન-બેક્ડ પોર્ટફોલિયો ઓફર કરીને આ ગતિશીલતાનો લાભ લેવામાં મદદ કરવા માટે રચાયેલ છે.'

કોર્પોરેટ બોન્ડ કર્વનો લાંબો અંત સમયગાળો એક્સપોઝર પ્રદાન કરે છે, પરંતુ તે સોવરિન કર્વની તુલનામાં એટલો આકર્ષક ન પણ હોય. તેનાથી વિપરીત, સોવરિન કર્વમાં વ્યુત્ક્રમનો અભાવ ખાતરી કરે છે કે SDLs માળખાકીય રીતે રેટ-કટ ચક્ર માટે સારી સ્થિતિમાં છે, જે વધુ સંતુલિત અને કાર્યક્ષમ રોકાણ તક પ્રદાન કરે છે. ઉપરાંત, બહુવિધ માળખાકીય પરિબળો SDLs ની માંગને આગળ ધપાવી રહ્યા છે. લાંબા ગાળાના G-Sec જારી કરવા અને બાયબેક પર સરકારનું ધ્યાન ટૂંકા ગાળાના G-Sec ના પુરવઠામાં ઘટાડો કરી રહ્યું છે, જે સંભવિત રીતે ઉપજ ઘટાડી રહ્યું છે અને SDLs જેવી અન્ય સોવરિન અસ્કયામતોની માંગમાં વધારો કરી રહ્યું છે.

# દિલ્હી એરપોર્ટ પર રૂ. 11 કરોડના ડ્રગ્સ સાથે નોઈડાની મહિલાની ધરપકડ

## બેંગકોકથી દિલ્હી પહોંચવા પર મહિલાની તપાસ

(એજન્સી) નવી દિલ્હી | તા. 25

કસ્ટમ વિભાગે ૨૦ વર્ષીય એક મહિલાની દિલ્હીના ઈન્દિરા ગાંધી આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર ખાદ્ય સામગ્રી અને ચોખાના પેકેટોમાં છુપાવવામાં આવેલ ૧૧ કરોડ રૂપિયાથી વધુ મૂલ્યના માદક પદાર્થોની દાણચોરી કરવાના આરોપમાં ધરપકડ કરી છે તેમ અધિકારીઓએ એક નિવેદનમાં જણાવ્યું છે.આરોપીને બેંગકોકથી આવવા પર રોકવામાં આવી હતી. ટ્રોલી બેગની તપાસ દરમિયાન ખાદ્ય સામગ્રી અને ચોખાના આઠ પેકેટ જપ્ત કરવામાં આવ્યા હતાં. જેમાં લીલા રંગનો માદક પદાર્થ હતો. જે ગાંજા અથવા મારિજુઆન હોવાની શંકા છે. માદક પદાર્થનું કુલ વજન ૧૧,૨૮૪ ગ્રામ હતું.જપ્ત સામગ્રી પર કરવામાં આવેલા પરિક્ષણમાં પ્રથમ દ્રષ્ટિએ જાણવા મળ્યું છે કે તે ગાંજો અથવા મારિજુઆના છે. જપ્ત સામગ્રીનું અંદાજિત બજાર મૂલ્ય ૧૧.૨૮ કરોડ રૂપિયા છે.

# પંજાબમાં ટ્રાવેલ એજન્ટો પર તવાઈ 40ના લાઈસન્સ રદ, 17 સામે ફરિયાદ

(એજન્સી) અમૃતસર | તા. 25

અમેરિકામાં ગેરકાયદે રહેનારા ભારતીયો સહિતના વિદેશીઓને કાઢી મુકવામાં આવી રહ્યા છે. જેમાંથી ૩૦૦થી વધુ ભારતીયો પરત ફર્યા છે. આ લોકોને ગેરકાયદે ડંકી રૂટ દ્વારા અમેરિકા મોકલનારા એજન્ટોની સામે પંજાબ સરકારે કાર્યવાહી શરૂ કરી દીધી છે. અમૃતસર પોલીસે ૨૭૧ ફેક ટ્રાવેલ એજન્ટોને નોટિસ પાઠવી છે. જ્યારે ભારતીયોને ગેરકાયદે વિદેશ મોકલવા બદલ ૪૦ ટ્રાવેલ એજન્ટોના લાઈસેંસ રદ કરી દેવાયા છે. ૧૭ સામે ફરિયાદ દાખસ કરીને ત્રણની ધરપકડ કરવામાં આવી છે. પંજાબ પોલીસે રાજ્યના ટ્રાવેલ એજન્ટો સામે આકરા પગલા લેવાનું શરૂ કરી દીધુ છે. અમેરિકાથી પરત ફરેલા ભારતીયોમાં મોટાભાગના પંજાબ, હરિયાણા અને ગુજરાતના છે. પંજાબ સરકારને પંજાબીઓ તરફથી મળેલી ફરિયાદોને પણ આ કાર્યવાહીમાં સામેલ કરવામાં આવી છે. હાલમાં કેટલાક અધિકારીઓને વિશેષ આ જ કામ માટે તૈનાત કરી દેવાયા છે. છેલ્લા ૪૮ કલાકમાં પંજાબના અનેક એજન્ટોને ત્યાં દરોડા પાડવામાં આવ્યા છે અને તેમના દસ્તાવેજો ચકાસવામાં આવી રહ્યા છે. અગાઉ પંજાબ સરકારે તમામ ટ્રાવેલ એજન્ટોને રેકોર્ડ તૈયાર રાખવા માટે કહ્યું હતું. ખાસ કરીને જાલંધર અને અમૃતસર પોલીસ વધુ સક્રિય જોવા મળી રહી છે.

# મહારાષ્ટ્રથી પાવાગઢ જતી બસને હાલોલના ધોરીમાર્ગ પર આવેલ કામરોલ ગામના બસ સ્ટોપ નજીક અકસ્માત નડયો

કિશન રોહિડા | જરોદ

ચાપડા મહારાષ્ટ્ર થી પાવાગઢ જતી મહારાષ્ટ્ર એસ નિગરાની બસ ને વડોદરા થી હાલોલ ના ધોરીમાર્ગ પર આવેલ કામરોલ ગામ ના બસ સ્ટોપ નજીક અકસ્માત નડયો એસ ટી બસ માં સવાર ત્રીસ જેટલા મુસાફરોમાં દશ જેટલા મુસાફરો ને નાની મોટી ઈજાઓ પહોંચતા સારવાર અર્થે ખાનગી હોસ્પિટલમાં ખસેડાયા એસ ટી બસ ની આગળ ચાલતા ટ્રેલર ચાલકે એકાએક બેક મારતા પાછળ



ચાલતી મહારાષ્ટ્ર રાજ્ય ની એસટી બસ ભટકાતા એસ ટી બસ ના આગળના ભાંગનો કચરઘાણ વળી ગયો હતો ત્રીસ જેટલા મુસાફરો માં અફરાતફરી મચી જવા પામી હતી સંધ્યા કાળે બનેલ અકસ્માત ને લીધે હાલોલ થી વડોદરા ના ધોરીમાર્ગ પર ચકકાજામ ની સ્થિતિ સર્જાઈ હતી અકસ્માત ની જાણ ટોલ રોડ કંપની ને થતાં ઘટનાસ્થળે આર પી ઓ ની ગાડી આવી પહોંચતા ચક્કાજામ થી લાંબી કતારો ને હળવું કર્યું હતું.

# કોલકાતામાં વહેલી સવારે 5.1ની તીવ્રતાનો ભૂકંપ

કોલકાતા : પશ્ચિમ બંગાળની રાજધાની કોલકાતામાં વહેલી સવારે ભૂકંપના જોરદાર આંચકા અનુભવાયા હતા, જેનાથી લોકો ગભરાઈ ગયા હતા. ભૂકંપની તીવ્રતા રિક્ટર સ્કેલ પર 5.1 માપવામાં આવી હતી. બંગાળની ખાડીમાં હતું અને તેની ઊંડાઈ 91 કિલોમીટર હતી. જોકે ભૂકંપના ભારે આંચકાને કારણ લોકોએ ઊંઘમાં જ ઘરની બહાર દોટ મૂકી હતી.

## માતા-પિતા પોલીસ સામે કગરતાં રહ્યાં

# કોટા : ટ્રાફિક જામમાં ફસાઈ જતાં 3 વર્ષના બાળકનું મોત

(એજન્સી) કોટા | તા. 25

રાજસ્થાનના કોટામાં નેશનલ હાઈવે-52 પર ભારે ટ્રાફિક જામમાં ફસાઈ જતાં 3 વર્ષના બાળકનું મોત થયું હતું. બાળક બીમાર હતો, તેના માતા-પિતા તેમના બાળકને હોસ્પિટલ લઈ જઈ રહ્યા હતા તે સમયે આ દુ:ખદ ઘટના બની હતી. જોકે આ દરમિયાન બાળકના માતા-પિતા પોલીસને ટ્રાફિક જામ હટાવવા કગરતાં રહી ગયા હતા. લગભગ 3 કલાક સુધી ટ્રાફિક જામમાં અટવાઈ રહેવાને કારણે અને સમયસર સારવાર ન મળતા બાળકનું રસ્તામાં જ મોત થયું હતું. હવે ટ્રાફિક જામમાં ફસાઈ જવાથી બાળકના મોત અંગે પોલીસનું નિવેદન સામે આવ્યું છે. પોલીસે કહ્યું કે, પરિસ્થિતિને ધ્યાનમાં



રાખીને ટ્રાફિક પોલીસ ફોર્સ તહેનાત કરવામાં આવે છે.

કોઈપણ એમ્બ્યુલન્સને અગ્રતાના આધારે જામમાંથી બહાર કાઢવામાં આવે છે. ઉલ્લેખનીય છે કે 3 વર્ષના બાળકની હાલત ખરાબ હતી. બાળકના પિતાએ જણાવ્યું કે તેમના પુત્રને શરદી અને તાવની ફરિયાદ હતી. તેને ચેચટ સરકારી હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતો.બાળકની ગંભીર હાલતને કારણે તેને કોટા રીફર કરાયો હતો. જોકે અમે કોટા માટે નીકળતાં જ દારા નજીક હાઈવે પર ટ્રાફિક જામમાં ફસાઈ ગયા. 3 કલાક સુધી પણ ટ્રાફિક જામમાંથી બહાર ન નીકળી શકવાને કારણે બાળકનું ઘટનાસ્થળે જ મોત થયું હતું.

## રોંગ સાઈડમાં ઘૂસી સર્જ્યો અકસ્માત

# દાદરા નગર હવેલીમાં બેફામ એસટી ચાલકે મોપેડને ફંગોળતા બેના મોત

(એજન્સી) મુંબઈ | તા. 25

'એસ.ટી. અમારી સલામત સવારી'ના સ્લોગન સાથે ચાલતી બસે દાદરા નગરમાં બે લોકોના જીવ લીધા છે. કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા નગર હવેલીમાં બસ ચાલકે સ્ટિયરિંગ પરથી કાબૂ ગુમાવતા બસ રોંગ સાઇડ પર ઘુસી ગઈ હતી. આ દરમિયાન બસે બે લોકોને અડફેટે લેતાં તેમનું ઘટનાસ્થળે જ મોત નિપજ્યું હતું. હાલ પોલીસે આ મામલે તપાસ હાથ ધરી છે. દાદરા નગર હવેલીમાં એસ.ટી. બસે સર્જેલા અકસ્માતમાં બે લોકોના મોત થયા છે. સેલવાસથી વાપી તરફ જઈ રહેલી આ બસના ચાલકે સ્ટિયરિંગ પરથી કાબૂ ગુમાવતા બસ રોંગ સાઈડમાં ઘૂસી ગઈ હતી. આ દરમિયાન સામેથી મોપેડ પર આવતાં બે લોકોને બસે અડફેટે લેતાં અકસ્માત સર્જાયો હતો. આ ગોઝારા અકસ્માતમાં લવાસાના બે યુવકોનું ઘટનાસ્થળે જ મોત નિપજ્યા હતાં. હાલ, મૃતકોના મૃતદેહને પોસ્ટમોર્ટમ ખાતે મોકલવામાં આવ્યાં છે. સમગ્ર ઘટનાની જાણ થતાં પોલીસ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી હતી. હાલ પોલીસે અકસ્માતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# વિદેશથી પાછા આવેલા માથા ફરેલાએ પરિવારના 5 સભ્યોની કરી ઘાતકી હત્યા, ગર્લફ્રેન્ડને પણ ના છોડી

(એજન્સી) તિરૂવનંતપુરમ | તા. 25

કેરળની રાજધાની તિરૂવનંતપુરમમાંથી એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. જ્યાં 23 વર્ષીય યુવકે પરિવારના પાંચ સભ્યો અને તેની ગર્લફ્રેન્ડ સહિત છ લોકોની ક્રૂર હત્યા કરીને પોલીસ સમક્ષ આત્મસમર્પણ કર્યું હતું. જોકે, તેમાંથી 5 લોકોના ઘટનાસ્થળે જ મૃત્યુ નિપજ્યાં હતાં. જ્યારે આરોપીની માતાની હાલત ખૂબ જ ગંભીર છે. તેમની હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે. નોંધનીય છે કે, આરોપી તેના પિતા સાથે વિદેશમાં રહેતો હતો. તાજેતરમાં વિઝિટિંગ વિઝા પર પાછો ફર્યો હતો. આરોપીની ઓળખ પેરુમાલાના રહેવાસી અફાન તરીકે થઈ છે. 5 લોકોની ક્રૂર હત્યા પાછળનું કારણ હજુ સ્પષ્ટ થયું નથી. પોલીસના જણાવ્યાનુસાર, આ ઘટના રવિવારે (23મી ફેબ્રુઆરી) સાંજે લગભગ 4 વાગ્યાની આસપાસ બની હતી. પોલીસ સમક્ષ આત્મસમર્પણ કરનાર આરોપીએ જણાવ્યું કે તેના પરિવારના સભ્યોની હત્યા કર્યા પછી તેણે ઝેર પી લીધું હતું. પોલીસે આરોપીને હોસ્પિટલમાં દાખલ કર્યો છે. આરોપી અફાને કથિત રીતે તેના જ પરિવારના પાંચ સભ્યોની હત્યા કરી હતી, જેમાં તેની દાદી, નાના ભાઈ અને અન્ય સંબંધીઓનો સમાવેશ થાય છે. મૃતકોમાં આરોપીની દાદી સલમાબી, 13 વર્ષનો ભાઈ અફસાન, તેના પિતાનો ભાઈ લતીફ, લતીફની પત્ની શાહિદા અને ગર્લફ્રેન્ડ ફરઝાનાની ઓળખ થઈ છે.




ART HOUSING FINANCE Own your dreams

## આર્ટ હાઉસિંગ ફાઇનાન્સ (ઇન્ડિયા) લિમિટેડ

રજિસ્ટર્ડ ઓફિસ:- 107, પહેલો માળ, બેસ્ટ સ્કાય ટાવર, નેતાજી સુભાષ પ્લેસ, પિતામપુરા, નવી દિલ્હી - 110034.
બ્રાન્ચ ઑફિસ:- 49, ઔદ્યોગિક વિહાર ફેઝ 4, ગુરુગ્રામ, હરિયાણા - 122015.

### સ્થાવર મિલકત માટે ઇ-ઓક્શન માટેની જાહેર સૂચના

સિક્યોરિટાઇઝેશન અને ફાઇનાન્શિયલ એસેટ્સના પુનઃનિર્માણ અને સુરક્ષા હિત (SARFAESI) અધિનિયમ 2022 ("અધિનિયમ") હેઠળ ગીરો મૂકેલી સ્થાવર મિલકતની ઇ-ઓક્શન સેલ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ એક્ટ 2022ના નિયમ 8(6) ની જોગવાઈ સાથે વાંચવામાં આવે છે. નોટિસ આથી સામાન્ય રીતે જાહેર જનતાને આપવામાં આવે છે અને ખાસ કરીને/ગુજરાત લેનારાઓને આર્ટ હાઉસિંગ ફાઇનાન્સ (ઇન્ડિયા) લિમિટેડના અધિકૃત અધિકારીએ કલમ 13(2) હેઠળ જારી કરાયેલી માંગને અનુસંધાનમાં ઉલ્લેખિત નીચેની મિલકત(ઓ)નો કબજો લીધો હતો જો લોન એકાઉન્ટ નંબરમાં અધિનિયમ હોય:- **LNAMD02717-180002814 અને LNAMD02717-180002232 & LNAMD0817-180002232 & LNAMD0817-180810 અને LNRJT02718-190004941 અને LNRJT02718-190004942** કંપનીના બાકી લેણાં વત્તા વ્યાજની વસૂલાત માટે **"જ્યાં છે તે પ્રમાણે અને જે છે તે આધાર"** પર વેચવાના અધિકાર સાથે અહીં વિગતવાર વર્ણવેલ છે અને જ્યારે બાકીની ચૂકવણી કરવામાં નિષ્ફળતાના પરિણામે અધિનિયમની નીચે હસ્તાક્ષર કરેલ કલમ 3 (અધિનિયમ 4 ની નીચે હસ્તાક્ષર સાથે વાંચવામાં આવેલ) ઉપરોક્ત નિયમોમાંથી 8 નો હેતુ ઉક્ત મિલકત(ies) ના વેચાણ દ્વારા કંપનીના લેણાંની પ્રાપ્તિ કરવાનો છે. નીચે દર્શાવેલ મિલકત(ies) નું વેચાણ વેબ પોર્ટલ દ્વારા ઇ-ઓક્શન દ્વારા હાથ ધરવામાં આવશે: https://www.bankeauctions.com

| ખાતા ધારકોના નામ | સ્થાવર મિલકતનું વર્ણન | ડિમાન્ડ નોટિસ મુજબ રકમ અને ડિમાન્ડ નોટિસ તારીખ | અનામત રકમ / ઇએમડી / બિડ વધારાની રકમ | ઇ-હરાજીની તારીખ અને સમય | બિડ સબમિશન કરવાની છેલ્લી તારીખ |
|---|---|---|---|---|---|
| એ) ભરત એસ કોષ્ટી (ઉધાર લેનાર)<br>બી) હેતલબેન આર કોષ્ટી (સહ-ઉધાર લેનાર) | "આગમ 99 રેસીડેન્સી ફેઝ - III" તરીકે ઓળખાતા પ્રોજેક્ટમાં બ્લોક 27B ના 5મા માળે 972 ચોરસ ફૂટ એટલે કે 90.30 ચોરસ મીટરનો સુપર બિલ્ડઅપ એરિયા ધરાવતો ફ્લેટ નંબર 501 ધરાવતો પ્રોપર્ટી બેરિંગ પ્રોપર્ટી, અવિભાજિત પ્રમાણસર શેર સાથે 50.542 ચોરસ મીટર ચોરસ મીટરમાં. નોન-કૃષિ જમીન ધરાવતો એકીકૃત રેવન્યુ સર્વે નંબર 949 - P2 આવેલું છે અને મોજે સચાણા, તાલુકા વિરમગામ ખાતે નોંધણી પેટા-જિલ્લા વિરમગામ અને જિલ્લો અમદાવાદ, ગુજરાત ખાતે આવેલું છે અને મોટા જમીન ધરાવનાર સર્વે નંબર 949/1 અને 949/2 પર વિકસાવવામાં આવેલ પ્રોજેક્ટમાં સામાન્ય સુવિધાઓ અને સુવિધાઓનો ઉપયોગ કરવાના અધિકારો સાથે. | રૂ: 1268699/- 08-12-2022ના રોજ<br>ડિમાન્ડ નોટીસ તારીખ: 07-04-2021 | રૂ: 6,50,000/-<br>રૂ: 65,000/-<br>રૂ: 10,000/- | 29-03-2025 ના રોજ 11:00 કલાક સવારે થી 02:00 કલાક બપોરે | 28-03-2025 એ સાંજે 05:00 સુધી |
| એ) પંડ્યા પુજા નિમેશકુમાર (ઉધાર લેનાર)<br>બી) નિમેષ એન પંડ્યા (સહ-ઉધાર લેનાર) | 5મા માળે બ્લોક 27/બીમાં ફ્લેટ નંબર 504 ધરાવતી મિલકત "આગમ - 99 રેસીડેન્સી ફેઝ- III તરીકે ઓળખાતી યોજનામાં 108 ચોરસ યાર્ડ (સુપર બિલ્ટ અપ) વિસ્તાર ધરાવતો હોય છે, જે બિન-કૃષિ ફ્રી હોલ્ડ લેન્ડ બેરિંગ કોન્સોલિડેટેડ સર્વે નંબર 949/1 (949 પી1 અને 974 જુના સર્વે નંબર) પર સ્થિત અને 15474 ચોરસ મીટર અને સર્વે નંબર 949/2 એ 9819 ચોરસ મીટરનું માપન મૌજે સચાણા તાલુકો વિરમગામ જિલ્લામાં અમદાવાદ ગુજરાત. | રૂ: 1551073/- 08-12-2022 ના રોજ<br>ડિમાન્ડ નોટીસ તારીખ : 12-12-2022 | રૂ: 6,50,000/-<br>રૂ: 65,000/-<br>રૂ: 10,000/- | 29-03-2025 ના રોજ 11:00 કલાક સવારે થી 02:00 કલાક બપોરે | 28-03-2025 એ સાંજે 05:00 સુધી |
| એ) કાનાજી ચંદુજી ઠાકોર ઉર્ફે કાનાજી ઠાકોર (ઉધાર લેનાર)<br>બી) જશીબેન ઠાકોર (સહ-ઉધાર લેનાર) | મિલકત ગ્રાઉન્ડ ફ્લોર પર ફ્લેટ નંબર H/010 હોવાથી, "શુભ શુક્ર રેસિડેન્સી" તરીકે ઓળખાતી સ્કીમમાં 21.91 ચોરસ મીટર (કાર્પેટ એરિયા)નો વિસ્તાર ધરાવતો, એક સ્કીમ બાંધવામાં આવી છે અને 10911 ચોરસ મીટર જમીન પર બિછાવે છે જે પૂર્વ રેવન્યુ નંબર 405 ચોરસ મીટર સિટી સર્વે નંબર 405 ચોરસ મીટર છે. 1500 મૌજે વિસનગર તાલુકાનું 12039 ચોરસ મીટર, મહેસાણા જિલ્લામાં વિસનગર અને ગુજરાત રાજ્યમાં નોંધણી પેટા જિલ્લા વિસનગર. | રૂ: 665083/- 08-12-2023 ના રોજ<br>ડિમાન્ડ નોટીસ તારીખ : 08-12-2023 | રૂ: 6,25,000/-<br>રૂ: 62,500/-<br>રૂ: 10,000/- | 29-03-2025 ના રોજ 11:00 કલાક સવારે થી 02:00 કલાક બપોરે | 28-03-2025 એ સાંજે 05:00 સુધી |
| એ) મોનિરહુસૈન શાહબ્બુદિન મોલ્લા (ઉધાર લેનાર)<br>બી) તુલિકા એમ મોલ્લા (સહ-ઉધાર લેનાર) | 2જા માળે રહેણાંક ફ્લેટ નંબર 202 ધરાવતી મિલકત જેમાં બિલ્ટ-અપ એરિયા 36.98 ચોરસ મીટર (કાર્પેટ એરિયા 30.01 ચોરસ મીટર) બિલ્ડિંગમાં "પ્રમુખરાજ પેલેસ - 1" એનએ જમીન વિસ્તારના 234.25 ચોરસ મીટર પર બનેલ સબ પ્લોટ નંબર + 6+31 પુનઃહરકોટ સર્વે નંબર 6+31 સ્થળ પર 1/P1, પેટા જિલ્લો અને નોંધાયેલ, જિલ્લો રાજકોટ, ગુજરાત 360022 | રૂ: 1317103/- 06-01-2024 ના રોજ<br>ડિમાન્ડ નોટીસ તારીખ : 06-01-2024 | રૂ: 10,00,000/-<br>રૂ: 1,00,000/-<br>રૂ: 10,000/- | 29-03-2025 ના રોજ 11:00 કલાક સવારે થી 02:00 કલાક બપોરે | 28-03-2025 એ સાંજે 05:00 સુધી |

**અધિકૃત અધિકારીનું નામ અને સંપર્ક વિગતો - શ્રી મનોજ કુમાર પાલ, મોબાઈલ નંબર:- 8130908211, ઈમેલ આઈડી:- manoj.pal@arrhfc.com**

**નિયમો અને શરતો :** 1. રસ ધરાવતા બિડરોએ **વેબ પોર્ટલ** દ્વારા તેમની EMD સબમિટ કરવી પડશે: **https://www.bankeauctions.com** (https://www.bankeauctions.com સાથે નામ નોંધણી કરીને વપરાશકર્તા ID અને પાસવર્ડ મફતમાં મેળવી શકાય છે) લોગિન આઈડી અને પાસવર્ડ દ્વારા. **EMD નીચેના ખાતામાં NEFT/RTGS દ્વારા ચૂકવવાપાત્ર રહેશે: 50200049383517, IFSC કોડ:- HDFC0000273, ઉપરના કોષ્ટકમાં ઉલ્લેખિત તારીખે અથવા તે પહેલાં સાંજે 05:00 વાગ્યા સુધીમાં નવીનતમ. મહેરબાની કરીને નોંધ કરો કે ચેક EMD રકમ તરીકે સ્વીકારવામાં આવશે નહીં.** 2. જો કે, કંપની કોઈપણ બાકી લેણાં/બોજ/કર બાકી, જો કોઈ હોય તો તેના માટે જવાબદાર રહેશે નહીં. ઈચ્છુક બિડરોએ મિલકત (ઇઇ)ના બોજો ટાઇટલ અંગેની પોતાની સ્વતંત્ર પૂછપરછ કરવી જોઈએ અને પોતાને તપાસવા અને સંતુષ્ટ કરવા જોઈએ. અધિકૃત અધિકારીઓ દ્વારા આપવામાં આવેલી તારીખ અને સમય મુજબ મિલકતની કડક તપાસ કરી શકાય છે. 3. ઈએમડી જમા કરાવનાર અને લોગિન આઈડી અને પાસવર્ડ બનાવવા, ડેટા અપલોડ કરવા, બિડ સબમિટ કરવા, ઈ-બિડિંગ પ્રક્રિયા અંગેની તાલીમ વગેરેમાં સહાયની જરૂર હોય તેવા હેતુવાળા બિડર અમારા સેવા પ્રદાતા **મેસર્સ C1 ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડનો સંપર્ક કરી શકે છે. હેલ્પલાઈન નંબરો:- 124-4302020/21/22/23, 7291981124/1125/1126, શ્રી મન્નુર બાલાજી ગોવિન્દરાજન, ઈમેલ: delhi@c1india.com, સંપર્ક નંબર:- +91 7977701080 અને મિલકત સંબંધિત કોઈપણ પ્રશ્ન માટે કાર્યકારી દિવસો (સવારે 10 થી 5 વાગ્યા)** દરમિયાન ઉપર જણાવ્યા મુજબ અધિકૃત અધિકારીનો સંપર્ક કરી શકે છે. 4. સર્વોચ્ચ બિડ અધિકૃત અધિકારીની મંજૂરીને આધીન રહેશે કોઈપણ કારણ આપ્યા વિના પ્રાપ્ત થયેલ કોઈપણ અથવા તમામ ઓફર/બીડને સ્વીકારવાનો/નકારવાનો અધિકાર અનામત રાખે છે. તેનો નિર્ણય અંતિમ અને બંધનકર્તા રહેશે. 5. વિગતવાર ટર્મ અને શરતો માટે **https://www.bankauctions.com** નો સંદર્ભ લો.

**SARFAESI એક્ટ 2002 હેઠળ વૈધાનિક 30 દિવસની વેચાણ સૂચના**

**તારીખ :** 24-02-2025
**સ્થાન :** અમદાવાદ (ગુજરાત)

**અધિકૃત અધિકારી**
**આર્ટ હાઉસિંગ ફાઇનાન્સ (ઇન્ડિયા) લિમિટેડ**

સિટી એક્સપ્રેસ
WEDNESDAY 26 FEBRUARY-2025
AHMEDABAD

## પીએમ ઇ-બસ યોજના હેઠળ સપ્ટેમ્બરમાં 20 બસ મળશે

ગાંધીનગર | પીએમ ઈ- બસ સેવા યોજના હેઠળ સરકાર દ્વારા ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ કરી, જરૂરી એજન્સીની નિમણૂક કરવામાં આવી છે. આ અંતર્ગત, ગાંધીનગર મહાનગરપાલિકાને ફાળવવામાં આવેલી 50 ઈલેક્ટ્રિક બસમાંથી 20 બસ સપ્ટેમ્બર 2025ના અંત સુધીમાં પ્રાપ્ત થશે અને બાકીની 30 બસ જાન્યુઆરી 2026 સુધી મળી રહેશે. ગાંધીનગર શહેરમાં આ 50 ઈ-બસના સુચારૂ સંચાલન માટે 14 રૂટ નક્કી કરવામાં આવ્યા છે, જેથી મહાનગરપાલિકાના તમામ વિસ્તારો આવરી શકાય.

## નવા સમાવિષ્ટ વિસ્તારોમાં અંડરગ્રાઉન્ડ વીજલાઇન થશે

ગાંધીનગર | ગાંધીનગર મહાનગરપાલિકામાં વિવિધ વિસ્તારોનો સમાવેશ કરવામાં આવ્યો છે અને આ વિસ્તારોમાં હાલ સૌથી વધુ વિકાસ થઈ રહ્યો છે ત્યારે અહીંના નાગરિકોને ઉચ્ચ ગુણવત્તાયુક્ત વીજ પુરવઠો મળી રહે તેમજ વીજ પુરવઠામાં કોઈ વિક્ષેપ ના સર્જાય તે માટે વિવિધ વિસ્તારોમાં અંડરગ્રાઉન્ડ વીજ લાઈન નાંખવા માટે ગાંધીનગર ઉત્તરના ધારાસભ્ય રીટાબેન પટેલે કરેલી રજૂઆતના પગલે ઉર્જા મંત્રી દ્વારા મંજૂરી આપી દેવામાં આવી છે. પરિણામે 121.50 કરોડ રૂપિયાના ખર્ચે શહેરના નવ વિકસિત વિસ્તારો પેથાપુર, કોલવડા, રાંધેજા અને વાવોલમાં અંડરગ્રાઉન્ડ વીજ લાઈનો નાંખવામાં આવશે.






# કેન્દ્ર અને રાજ્યના આંકડામાં વિરોધાભાષ હોવાનો કોંગ્રેસનો દાવો

(એજન્સી) અમદાવાદ | તા.25

ભાજપ સરકારના રાજમાં હંમેશા આંકડાઓની માયાજાળ રહી છે. સામાન્ય જનતા આ આંકડાની માયાજાળને ક્યારેય ઉકેલી કે સમજી શકી નથી. ભાજપ સરકાર પ્રસિદ્ધિ માટે રાયનો પહાડ બનાવી દે છે, જ્યારે ભાજપ સરકારની ખામી કે ભૂલ હોય ત્યાં હંમેશા આંકડા છુપાવવાનો પ્રયત્ન કરવામાં આવે છે. અનેકવાર વિપક્ષ દ્વારા ભાજપ સરકારના જુઠાણાનો પર્દાફાશ કરવામાં આવે છે. ત્યારે હવે ગુજરાતના દેવાને લઈને મોટો ખુલાસો સામે આવ્યો છે. જેમાં રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકારના આંકડાઓમાં મોટો તફાવતનો વિપક્ષ દ્વારા દાવો કરવામાં આવ્યો છે.

**શું કહે છે RBI રિપોર્ટ :** લોકસભામાં રીઝર્વ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા રજુ કરવામાં આવેલ રીપોર્ટ 'સ્ટેટ ફાયનાન્સ: એ સ્ટડી ઓફ બજેટ ઓફ 2023-24' અંતર્ગત આપવામાં આવેલ વિગતો દર્શાવે છે કે ગુજરાત રાજ્યનું દેવું સતત વધી રહ્યું છે. વર્ષ 2007માં રાજ્ય પર 90,955.7 કરોડ દેવું હતું, જે અધધ વધીને વર્ષ 4,43,753.3 કરોડ અને વર્ષ 2025માં 4,94,435.9 કરોડ થઈ જશે.

### કેટલું દેવું? 3,70000 કરોડ કે 4,44,753.3 કરોડ?

- વિધાનસભામાં ભાજપ સરકાર દ્વારા આપવામાં આવેલા ખોટા આંકડા અંગે ભાજપ સરકારની પોલ ખોલતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ શક્તિસિંહ ગોહિલએ જણાવ્યું હતું કે ગુજરાત વિધાનસભામાં હંમેશાથી સત્ય અને પારદર્શક સંસદીય કામગીરીની પરંપરા રહી છે, ત્યારે ભાજપ સરકાર દ્વારા વિધાનસભામાં ગુજરાત રાજ્યનું કુલ દેવું 3,70000 કરોડ જેટલું છે તેમ દર્શાવામાં આવ્યું છે. પરતું લોકસભામાં કેન્દ્ર સરકાર દ્વારા રજુ કરવામાં આવેલા જવાબમાં રાજ્ય પર 4,43,753.3 કરોડ દેવું દર્શાવવમાં આવ્યું છે.



# 614 વર્ષ પછી યોજાનારી નગરદેવીની

## યાત્રા ક્યાં કેટલા વાગ્યે પહોંચશે?

(એજન્સી) અમદાવાદ | તા.25

26મી ફેબ્રુઆરીએ અમદાવાદનો સ્થાપના દિવસ છે અને મહાશિવરાત્રિ પર્વ પણ છે. ત્યારે અમદાવાદ શહેરની સ્થાપના બાદ એટલે કે, 614 વર્ષ બાદ નગરદેવી ભદ્રકાળી માતા પ્રથમ વખત નગરયાત્રાએ નીકળવાના છે. 6.25 કિ.મી. લાંબી નગરયાત્રામાં લાખોની સંખ્યામાં માઈભક્તો ઊમટશે. સવારે 7:30 વાગ્યે પ્રસ્થાન થનારી નગરયાત્રા સૌથી જૂના શહેરના વિસ્તારમાં ફરવાની છે.

### નગરયાત્રાના રૂટના કાર્યક્રમો

- 7.30 વાગે નગરદેવી મા ભદ્રકાળી મંદિરે પાદુકા આરતી
- 7.45 વાગે લક્ષ્મી માના પંજાની આરતી
- 8.00 વાગે યાત્રા માટે રથ પર માના પાદુકાની પધરામણી
- 8.30 વાગે મહારાજ દ્વારા ત્રણ દરવાજા ખાતે દિવાની આરતી
- 9.00 વાગે બાબા માણેકના વંશજો દ્વારા બાબા માણેકનાથ મંદિર માણેક ચોક ખાતે પાદુકાની આરતી
- 9.45 વાગે એએમસી ઓફિસ ખાતે મેયર અને અધિકારીઓ દ્વારા પાદુકાની આરતી
- 10.30 વાગે જમાલપુર જગન્નાથ મંદિરે મંદિરના મહંત દ્વારા પાદુકાની આરતી
- 11.15 વાગે રિવરફ્રન્ટ ઘાટ પર સાબરમતી નદીની આરતી
- 12.00 વાગે પૌરાણીક મહાલક્ષ્મી મંદિર ખાતે પાદુકાની આરતી
- 12.30 વાગે વસંત ચોક ખાતેના પ્રાચીન ગણેશ મંદિરના પૂજારી દ્વારા પાદુકાની આરતી
- 1.00 વાગે બહુચર માતા મંદિર ખાતે પાદુકાની આરતી
- 1.30 વાગે ભદ્રકાળી મંદિર ખાતે હવન અને ભંડારો

### મેયર નગરયાત્રાનું પ્રસ્થાન કરાવશે, જુઓ ક્યાં પૂજા-આરતી થશે

સવારે 7:00 વાગ્યે માતાજીની આરતી અને પૂજા થશે. ભદ્ર પરિસરમાં આવેલા માતાજીના પંજાની આરતી અને પૂજા થશે. ત્યારબાદ માતાજીની પાદુકા રથમાં મૂકવામાં આવશે.



અમદાવાદના નગરપતિ એટલે કે, મેયર દ્વારા પહિંદ વિધિ કરવામાં આવશે, જેમાં મોરપીંછથી રસ્તો વાળી માતાજીની નગરયાત્રાનું પ્રસ્થાન કરાવવામાં આવશે. આ નગરયાત્રા ભદ્ર પરિસરથી ત્રણ દરવાજા થઈ માણેકચોક માણેકનાથ દાદાની આરતી કરવામાં આવશે. ત્યાંથી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન ઓફિસ ખાતે પહોંચશે, જ્યાં ભાજપના પદાધિકારીઓ અને મ્યુનિસિપલ કમિશનર સહિતના અધિકારીઓ આરતી ઉતારશે.

### વૈકલ્પિક માર્ગની વિગત

- વિજળી ઘર ચાર રસ્તાથી પાલીકા બજાર થઈ નેહરુબ્રિજ ચાર રસ્તાથી ડાબી બાજુ વળી એલીસબ્રિજથી ડાબી બાજુ વળી વિકટોરીયા ગાર્ડન તરફના માર્ગનો ઉપયોગ કરી શકાશે.
- ગોળલીમડાથી રાયપુર દરવાજા થઈ એસ.ટી. ચાર રસ્તા થઈ જમાલપુર ચાર રસ્તા તરફના માર્ગનો ઉપયોગ કરી શકાશે.
- જમાલપુર ચાર રસ્તા થઈ ફૂલ બજારથી સરદારબ્રિજના પૂર્વ છેડાથી ડાબી બાજુના રોડ થઈ પૂર્વનો રિવરફ્રન્ટ રોડથી કામા હોટલ રિવરફ્રન્ટ કટ લઈ ખાનપુર દરવાજાથી ઘી કાંટા તરફના માર્ગનો ઉપયોગ કરી શકાશે.

